0 स्थूल दूर युव...नामिनः ७/४/४२ (सળंग सूत्र क्रमांक ६०७) थी अन्त्यनो लोप अने गुण थतां-स्थूल+णिच् = स्थू + इ + अ + ति = (गुण) स्थो + इ + अति = स्थव् + अय् + अति = स्थवयति = स्थूળने कहेछे अथवा करेछे. (धा. २-73, पृ १५२)

[२०७७]

पू. महोपाध्याय श्री विनय विजयजी गणिवरे रचेल हैम लघुप्रक्रियानी नामधातु प्रक्रियानो .. अप्रतीम चारीत्र राशी पू. आ. देवश्री आनंदसागर सूरीश्वरजी ना शिष्य उदार दिल उपाध्याय पू. समासागरजी म. सा. ना सरल स्वभावी शिष्य पू. मुनिश्री ललीतसागरजी ना शिष्य नित्य तपस्वी पंन्यास पू. सुशीलसागरजी म.सा. ना संवेदशील मुनिराज पू. सुधर्मसागरजी म. सा. ना शिष्य मुनि दीपरत्न सागर (M. Com. M. Ed.) करेल गुजराती अनुवाद तथा ससंदर्भ विवरण समाप्त.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



# ભાવ-કર્મણો પ્રક્રિયા

કર્તાની સક્રિયતા બતાવતું વાક્ય હોયતો કર્તરિ રચના કહેવાય જેમકે "રમેશ પુસ્તક લખેછે" – પણ કર્મની મુખ્યતા હોય અને કર્તા સાધન રૂપજ હોયતો તે કર્મણિ રચના કહેવાય. જેમકે "રમેશ વડે પુસ્તક લખાયછે" – અહીં "પુસ્તક" કર્મની મુખ્યતા છે.

જો સકર્મક ધાતુ હોયનો કર્મ હોયપણ અકર્મક ધાતુ હોયતો ત્યાં માત્ર ક્રિયાભાવની મુખ્યતા પ્રગટ થાય અને કર્તા ક્રિયાનો સહેનાર બને તે "ભાવે રચના" જેમકે રમેશ વડે લખાયછે અહીં કર્મની વિવક્ષા નથી માટે ભાવે પ્રયોગ ગણાય. — આ પ્રક્રિયામાં આવા કર્મણિ – ભાવે પ્રયોગનો અભ્યાસ છે.

## (૧) तत्साप्यानाप्यात् कर्मभावे कृत्यक्तखलर्थाश्च ૩/૩/૨૧

★ સુત્ર પૃથ૦ :- तत् साप्य-अनाप्यात् कर्म-भावे कृत्य क्त – खल – अर्थाः च

★ વૃત્તિ :- तदात्मने पदं कृत्य कृतखलर्थाश्च प्रत्ययाः सकर्मकाद्धातोः कर्मणि अकर्मकादविवक्षितकर्मकाच्च भावेस्युः

卐 વૃત્યર્થ :- तत् – આત્મનેપદના પ્રત્યયો તથા कृत्य क्त અને खल અર્થવાળા પ્રત્યયો સકર્મક ધાતુથી કર્મણિ (કર્મ અર્થમાં) અને અકર્મક ધાતુથી તેમજ અવિવક્ષીત કર્મવાળા ધાતુથી ભાવ અર્થમાં થાયછે. (ઉદા સૂત્ર: ૨ જુઓ)

★ અનુવૃતિ :- पराणि कानानशौ च...૩/૩/૨૦થી આત્મને પદમ્

卐 વિશેષ :- 0 પ્રત્યયો :- क्त खल् અને खल् નો સમાનાર્થી अन (૫/૩/૧૩૯ થી ૧૪૧)

0 સકર્મક ધાતુ :- જેમાં કર્મની વિવક્ષા થઇ હોય તે દાત ચૈત્ર વડે સાદડી કરાઇ – અહીં "સાદડી" કર્મછે માટે "કરવું" कृ ધાતુ સકર્મક કહેવાય.

0 અકર્મક ધાતુ :- જે ધાતુને કર્મ ન હોય તે જેમકે ઊંઘવું – રડવું વગેરે

0 અવિવક્ષિત કર્મ :- ધાતુ સકર્મક હોય પણ પ્રયોગમાં કર્મ બોલવામાં ન આવે–જેમકે– "ચૈત્ર વડે કરાયછે" – कृ ધાતું સકર્મક છે પણ પ્રયોગ કરનાર કર્મની વિવક્ષા કરતા નથી.

0 અકર્મક અને અવિવક્ષિત કર્મવાળા બન્ને ધાતુ અકર્મક જ ગણાય – જો નિત્ય અકર્મક લખ્યું હોય તો ત્યાં અવિવક્ષિત કર્મક ધાતુ ન લેવા.

[૧૦૭૮]

## (૨) क्यः शिति ૩/૪/૭૦

★ વૃત્તિ :- सर्वस्माद्धातोर्भावकर्मविहिते शिति क्यः स्यात्। अत्र कर्मणि प्रत्यय विधानेनोक्तत्वात् कर्मणि प्रथमा। कर्मापेक्षाण्यर्थवचनानि च। नीहृवहिकृषोण्यन्ताद्दुहिब्रूप्रच्छिचिरुधिशास्त्यर्थाः पचियाचिदण्डिकृग्रहिमथिजिप्रमुखा द्विकर्माणः गौणे कर्मणि दुह्यादेः प्रधाने नीहृकृष्-वहाम्। बुद्धिभक्ष्यार्थयोः शब्द कर्मणा च निजेच्छया प्रयोज्य कर्मण्यनेषांण्यन्तातानामुक्ततामता पठ्यते ग्रन्थः शिष्येण, पठ्येते ग्रन्थौ पठ्यन्ते ग्रन्थाः। पठ्यसे त्वं, पठ्येऽहं

卐 વૃત્યર્થ :- સર્વ ધાતુઓને ભાવ અને કર્મ (ભાવ–કર્મણિ) પ્રયોગમાં शित् (કાળના) પ્રત્યય લાગતા क्य (य) પ્રત્યય થાયછે.

0 અહીં કર્મમાં પ્રત્યયના વિધાન વડે *ઉક્ત થવાથી કર્મણિ–કર્મને પ્રથમાં થાયછે. તેમજ કર્મની અપેક્ષાએ અર્થ અને વચન થાય.

0 [ કર્મણિ પ્રયોગમાં કર્મની મુખ્યતાથી કર્મ જે પુરૂષ અને જે વચનમાં હોય તે પુરૂષ અને તે વચનનો પ્રત્યય ધાતુને લાગેછે કર્મને પ્રથમા–કર્તાને તૃતીયા થાય છે. જો ભાવે પ્રયોગ હોયતો ક્રિયાની મુખ્યતા હોયછે. તેથી ધાતુને ત્રીપુ એવ નો જ પ્રત્યય લાગેછે. – કર્તાને તૃતીયા થાયછે. તેમજ કર્મ હોતું નથી ]

0 1 દ્વિકર્મક ધાતુઓ :- (અહીં માત્ર અર્થ છે વિશેષ વિવક્ષા માટે પરિશિષ્ટ જુઓ)

नी, हृ, वह्, कृष्, ण्यन्त, दुह्, ब्रू, प्रच्छ्, भिक्ष्, चि, रुध्, शास्, पच्, याच्, दण्ड, कृ, ग्रह्, मथ्, जि વગેરે ધાતુઓ દ્વિકર્મક છે. (તેમાં दुह् થી शास् સુધીના સાત

*उक्तार्थानामप्रयोगः न्याय-૨૮ न्यासं पृ. ૨૬ (नामार्थे प्रथमा)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ધાતુઓના જેવા અર્થવાળા ધાતુઓપણ દ્વિકર્મક ગણાયછે
0 नी-हृ-वह्-कृष् ચાર ધાતુના મુખ્ય કર્મને કહે છે. તેથી તે ઉક્ત થતા મુખ્ય કર્મને પ્રથમા થાય – જ્યારે दुह् વગેરે બાકીની ધાતુ ગૌણ કર્મને કહેછે
0 "बुद्धि" – બોધ અર્થવાળા. भक्ष्य– આહાર અર્થ–વાળા शब्दकर्मक– જે ધાતુનું કર્મ શબ્દ–વચનરૂપ હોય તેવા ધાતુઓના પ્રધાન કે ગૌણ કર્મને પ્રથમા થાયછે
-0- निजेच्छया – સ્વેચ્છાથી જે ઉક્ત હોય (કહેવાયું હોય) તેને (મુખ્ય કે ગૌણને) પ્રત્યય થાય – (જેમકે बोध्यते शिष्यो धर्मम् पक्षे बोध्यते शिष्यं धर्मः
0 अन्येषां–અતિ–ગતિ અર્થવાળા કે અકર્મક જે णिगन्त ધાતુ તે। પ્રધાન કર્મમાં કર્મણિ પ્રત્યય થાયછે. જેમકે आस्यते मासं चैत्रः – ચૈત્ર મહિના સુધી બેસાડાય છે.
0 पठ्यते ग्रन्थः शिष्येण–શિષ્ય વડે ગ્રન્થ ભણાયછે... વગેરે पठ् (ગ-૧/૨/૩) ધાતુના કર્મણિના રૂપો છે. જેમકે :- पठ्यते, पठ्येते, पठ्यन्ते વગેરે (જુઓ પરિશિષ્ટ ધાતુ રૂપાવલી) – पठ् + क्य + ते = पठ्यते

★ અનુવૃત્તિ :- भाव कर्मणोः

卐 વિશેષ – 0 शित्-एताः शितः ૩/૩/૧૦ – વર્તમાના સપ્તમી, પંચમી હ્યસ્તની
0 क्य માં – क કાર – ગુણ નિષેધ માટે છે.
0 शित કેમ કહ્યું ?
पेठे पठ–પરોક્ષા ત્રી પુ. એ.વ. अशित् છે માટે क्य ન લાગે
0 भाव कर्मणो કેમ કહ્યું ?
पठति – તે ભણેછે. – કર્તરિ પ્રયોગ છે.
0 [1] દ્વિકર્મકની આ કારિકા અને પૂ કલિકાલ સર્વજ્ઞ કૃત્ વ્યાકરણની વૃત્તિમાં થોડો મતભેદ છે તે સ્પર્શેલ નથી

[૧૦૭૯]

(૩) * भावकर्मणोः ૩/૪/૬૮

★ વૃત્તિ :- सर्वस्माद्धातोर्भावकर्मविहितेऽद्यतन्यास्ते ञिच् स्यात् त लुक् च अपाठि

■ अपठिषाताम्, अपठिषत ।५। पेठे ।६। पठिषीष्ट ।७। पठिता ।८। पठिष्यते ।९। अपठिष्यत ।१०। ऋतोः रिः शक्याशीर्ये । क्रियते ।१। क्रियेत ।२। क्रियताम् ।३। अक्रियत ४।

*1 કર્મણિ-ભાવે પ્રયોગમાં શિત્ કાળમાં क्य લાગે અશિત્ કાળમાં સીધાંજ પ્રત્યયો લાગે
*૨ સૂત્ર: ૧ મુજબ આત્મનેપદી પ્રત્યયોજ લાગે

卐 વૃત્યર્થ :- સર્વ ધાતુને ભાવકર્મથી વિહિત કરાયા હોય (ભાવ–કર્મણિ પ્રયોગમાં કહેવાયેલા હોય) ત્યારે અદ્યતની ને त પ્રત્યય લાગતાં ञिच् (इ) પ્રત્યય થાયછે. અને તેનો લોપ થાયછે. अपाठि–તેના વડે ભણાયું (૫–अद्य.) पठ् + त = (આ સૂત્રથી ञिच् પ્રત્યય અને त લોપ થતા) पठ् + ञिच् (इ) = (ञ्णिति થી વૃદ્ધિ) पाठ् + इ = (अड्धातोः०) अ + पाठ् + इ

★ અનુવૃત્તિ :- (૧) ञिच् ते...त लुक् च ૩/૪/૨૧ (૨) (सिच्)...अद्यतन्याम् ૩/૪/૫૩

卐 વિશેષ :- 0 भावे :- અકર્મક અથવા અવિવક્ષિત કર્મ – अपाठि तेन
0 कर्मणि :- સકર્મક :- ग्रन्थः अपाठि तेन
0 णिच् લાગે ત્યારે અદ્યતનીના सिच्, सक्, अङ्, इ કોઇજ પ્રત્યય ન થાય

■ શેષવૃત્તિ :- पठ् ના अशित् કાળના રૂપોનું નિદર્શન છે–જે પરિશિષ્ટમાં પણ આપેલ હોય બિનજરૂરી પુનરાવર્તન કરેલ નથી.
(૫–अद्य) अपठिषाताम् – पठ् + आताम् = अ + पठ् + इट् + सिच् + आताम् (सिच्, સેટ ધાતુ હોવાથી इट् अडधातो० થી अ આગમ) अपठिषाताम् રૂપ થયું
(૬–प) पेठे -पठ् + ए = (अनादेशादेरेक० ૪/૧/૨૪ થી अ નો ए દ્વિત્વ અભાવ = पठ् + ए = पेठे
0 कृ (ગ.-૧/888) કરવું – रिः शक्याशीर्ये ૪/૩/૧૧૦ થી ऋ નો रि (૧–व) कृ + य + ते = क्रि + य + ते = क्रियतें – કરાય છે.

[૧૦૮૭]

(૪) स्वरग्रहदृश्हन्भ्यः स्यसिजाशीः श्वस्तन्यां ञिड् वा ૩/૪/૬૯

★ સૂત્રપૃથ૦ :- स्वर-दृश-हन्भ्यः स्य-सिच्-आशीः ...श्वस्तन्यां ञिड् वा

★ વૃત્તિ :- स्वरान्ताद् ग्रहादेश्च स्यसिजाशीः श्वस्तनीषु ञिड् वा स्यात् । नाम्निनोऽकलिहलेरिति वृद्धौ । (अकारि) अकारिषाताम् /अकृषाताम् /अकारिषत/अकृषत ।५। (चक्रे) ।६।) कारिषीष्ट/कृषीष्ट ।७। कारिता/कर्ता ।८। कारिष्यते/करिष्यते ।९। अकारिष्यत/अकरिष्यत ।१०।

■ ईर्ष्यञ्जने यरि-दीयते

卐 વૃત્યર્થ :- સ્વરાન્ત ધાતુઓને ग्रह, दृश्, हन् ધાતુને (ભાવે–કર્મણી પ્રયોગમા) स्य (ભવિષ્યન્તિ. ક્રિયાનિપત્તિનો), सिच् (અદ્યતનીનો) પ્રત્યય તેમજ आशीः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અને સ્રવસ્તની માં જિટ્ પ્રત્યય વિકલ્પે થાયછે (જિટ્ થાય ત્યારે નમિનો કલિહલે૦ થી વૃદ્ધિ)

0 (૫ બ) અકારિષાતામ્ પક્ષે અકૃષાતામ્ કૃ + સિચ્ + આતામ્ = (કૃ સ્વરાન્ત ધાતુ હોય ને જિટ્ લાગેતો) કૃ + જિટ્ + સિચ્ + આમ્ = (વૃદ્ધિ) કાર્ + ઇ + ષ + આતામ્ = (અટ્ આગમથી) અકારિષાતામ્ ને જિટ્ ન લેતો-અકૃષાતામ થાય

0 (૭-બા) કારિષીષ્ટ પક્ષે કૃષીષ્ટ (જિટ્ લેતો) કૃ+જિટ્+સિષ્ટ

0 (૯-બ) કારિષ્યતે પક્ષે કરિષ્યતે કૃ+સ્યતે=(જિટ્ પક્ષે) કૃ + જિટ્ + સ્યતે = (વૃદ્ધિ) કાર્ + ઇ + સ્યતે = કારિષ્યતે પક્ષે (જિટ્ અભાવ) કૃ + ઇ + સ્યતે હનૃતઃ સ્યસ્ય ૪/૪/૪૯ થી ઇટ્) = (ગુણ) કર્ + ઇ + ષ્યતે = કરિષ્યતે

★ **અનુવૃત્તિ** :- ભાવકર્મણોઃ ૩/૪/૬૮

卐 **વિશેષ** :- 0 અસિત્ કાળના પરોક્ષા સિવાયના પાંચે કાળમાં આ નિયમ લાગ્યો છે

(૬-૫) ચક્રે થયું - કૃ - કૃ + એ = (દ્વિત્વ, ઋ નો અ, ક નો ચ) ચક્ર + એ = ચક્રે

0 જિટ્ વિકલ્પે હોવાથી બબ્બે રૂપો થયાછે. અકારિ માં જે એક રૂપ થયું તે - ભાવ કર્મણોઃ (સૂત્રઃ ૩) થી જિચ્ લાગીને થયું છે.

0 કૃ ધાતુ અનિટ્ છે માટે વિકલ્પ પક્ષમાં ઇટ્ નથી લાગી

0 આટલા નેજ "જિટ્" કેમ કહ્યું ?

પઠિષ્યતે - પઠ્ ધાતુ છે માટે જિટ્ ન લાગે.

0 ભાવકર્મણોઃ કેમ કહ્યું ?

ચેષ્યતે - કર્તરિ છે - જિટ્ ન લાગે.

0 સૂત્રમાં સ્વરાદિ પ્રકૃતિ અને સ્ય વગેરે પ્રત્યયો બન્ને માં વચન ભેદ કર્યો તે યથાસંખ્યમ્ ને અટકાવવા માટેછે

■ **શેષવૃત્તિ** :- 0 ઈર્ષ્યંજ્ઞત્રયપિ ૪/૩/૯૭ - સળંગ સૂત્ર ક્રમાંક - ૧૦૫૨ થી દા વગેરેમાં આ નો ઈ થશે તેથી દા (ગણુ-૧/7) (૧-બ) દીયતે - અપાયછે દા + ય + તે = દી + ય + તે ય પ્રત્યય (ક્ય) કિત્ છે માટે ગુણ ન થાય.

## [૧૦૮૧]

### (૫) આત ઐઃ કૃઋૌ ૪/૩/૫૩

★ **સૂત્રપૃથ૦** :- આતઃ ઐઃ કૃઋ-ઔ

★ **વૃત્તિ** :- આદન્તસ્ય ધાતોર્ઞિતિ કૃતિ ઔ ચ ઐઃ સ્યાત્ । અદાયિ, અદાવિષામ્ પક્ષે ઇશ્ચ સ્યાદઃ । અદિષાતામ્ ૫। દદે ૬। દાયિતા/દાતા ।૮। દાયિષીષ્ટ/દાસીષ્ટ ।૭। દાયિષ્યતે દાસ્યતે ।૯। ગૃહ્યતે ।૪। અગ્રાહી, અગ્રાહિષાતામ્ / અગ્રહીષાતામ્ । અગ્રાહિદ્વમ / અગ્રાહિધ્વમ્ । અગ્રહિદ્વમ જગૃહે ।૬। ગ્રાહિષીષ્ટ/ગ્રહીષીષ્ટ, ગ્રહીષીદ્વમ /ગ્રહિષીદ્વમ્ ૭। ગ્રાહિતા,ગ્રહીતા ।૮। ગ્રાહિષ્યતે/ગ્રહીષ્યતે ।૯। અદર્શિ,અદર્શિ - ષાતામ્ । અદક્ષાતામ ।૫ દદ્રશે ।૬। દર્શિષીષ્ટ/દૃક્ષીષ્ટ ૭। દર્શિતા /દ્રષ્ટા ૮ દર્શિષ્યતે/દ્રક્ષ્યતે ।૯। જિણવિધત્ । અઘાનિ, અઘાનિષાતામ । અઘ્નન્યાં વા ત્વાતમને ઇતિ વા વધાદેશો, અવધિ અવધિષાતામ / અહસાતામ ૫। જઘ્ને ૬। ઘાનિષીષ્ટ । હતો વધ આશિષ્યઞૌ । વધિષીષ્ટ ૭। ઘાનિતા /હન્તા ।૮ ઘાનિષ્યતે/હનિષ્યતે ૯।

卐 **વૃત્યર્થ** :- આ દ્વારા ધાતુને કૃદન્ત ના ઞિત્ કે ણિત્ પ્રત્યય લાગે ત્યારે તથા ઞિ પ્રત્યય લાગે ત્યારે (આ નો) ઐ થાયછે અદાયિ તેણે દીધું (૫-બ) દા + ત = (ભાવકર્મણોઃ ૩/૪/૮૬ થી ઞિચ્ અને ત લો૫( દા + ઞિચ્ (ઇ) = (આ સૂત્ર લાગીને) દૈ + ઇ = (ઐદૌતોયાયૂ થી આયૂ, અડ્ધાતો૦ થી અટ્) અ+ દાયૂ + ઇ = અદાયિ

0 અદાયિષાતામ પક્ષે અદિષાતામ (1) દા + આતામ્ = દા + (૫ત્ર ૪ થી) ઞિદ્ + સિચ્ + આતામ્ =(આ સૂત્રથી ઐ) દૈ + ઇ + ષ્ + આતામ્ = અદાયિષાતામ્ પક્ષે (2) દા = સિચ્ + આતામ = (ઇશ્ચસ્યાદઃ ૪/૩/૩૧ થી ઇ) દિ + ષ્ + આતામ્ = અદિષાતામ્

★ **અનુવૃત્તિ** :- ઞિતિ ૪/૩/૫૦

卐 **વિશેષ** :- 0 સૂત્રમા કૃઋૌ મુક્યું તે કૃત્ + ઔ છે ત્ ના સંયોગે વૃ થયોછે

0 ઔ - નિરનુબન્ધ ગ્રહણે સામાન્ય ગ્રહણમ્ ન્યાયથી ઞિચ્ અને ઞિદ્ બન્નેના ગ્રહણ માટે છે

0 કૃત્ કેમ કહ્યું ?

દદૌ-દા + ણંવ્ = (દ્વિત્વ હ્રસ્વ) દદા + આ (આતો ણવ ઔઃ ૪/૨/૧૧૦ થી ઔ) દદા + ઔ = દદૌ-આમ અહીં ણવ જે ણિત્ છે તે પરોક્ષાનો છે-કૃદન્તનો નહીં માટે આ નો ઐ ન થાય

0 ઔ કેમ કહ્યું :

(૬-૫) દદે - દા + એ = (દ્વિત્વ, હ્રસ્વ અને ઇડેત્યુસિ ચાતો૦ ૪/૩/૬૪ થી આ લો૫) દદ્ + એ = દદે (એ પ્રત્યય છે માટે સૂત્ર ન લાગે)

0 અન્ય ઉદાહરણ :-

(૮-બ૧) દાયિતા પક્ષે દાતા - દા + તા = (સ્વરગ્રહદૃશ ૩/૪/૬૯ થી ઞિદ્) દા + ઞિદ્ + તા = ( આ સૂત્રથી )

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



दै + इ + ता = दायिता

■ શેષવૃત્તિ -: 0 दा ના બાકી રૂપો વૃત્તિ મુજબ થશે
0 ग्रह (ગ-૯/1517) (૧-ब) गृह्यते - ग्रह् + क्य + ते= (ग्रहव्रश्च० ૪/૧/૮૪ થી ग्वृत् ) गृह् + य + ते (૫-अ) अग्राहि - ग्रह् + त = ( भावकर्मणोः થી ञिच् )ग्रह् + ञिच्=(अट् આગમ, ઉપાન્ત્ય વૃદ્ધિ) अ+ग्राह् +इ=अग्राहि (૫-अ) अग्राहिषाताम् પક્ષે अग्रहीषाताम् अ + ग्रह्+ञिड् (વિકલ્પે) +सिच्+आताम्=अग्राहि+षू+आताम् = अग्राहिषाताम् પક્ષે-अ+ग्रह्+इट्+सिच्+आताम्=अग्रह + (गृह्णाऽपरोक्षायाम् થી દીર્ઘ) ई +षाताम्=अग्रहीषाताम्
(૬-प) जगृहे-ग्रह् + ए = (इन्ध्यसंयोगात्० ૪/૩/૨૧થી किद्वत् , ग्रहव्रश्च० થી ग्वृत् = गृह् + ए = (દ્વિત્વ ઋનો अ, ग् નો ज्) जगृहे
-0- आशीः વગેરેના રૂપો વૃત્તિ મુજબ થશે માત્ર-દીર્ઘ ई-गृह्णोऽपरोक्षायाम् થી થાય તે ખ્યાલમાં રાખવું
0 दृश् (ગ-૧/495-अनिट्) दृश्येते - દેખાય છે.
(૫-अ) -लघोरुपान्त्यस्य ૪/૩/૪ થી બધે ગુણ अदर्शि दृश् + ञिच् (त લોપ, अट् આગમ) अदर्शिषाताम् પક્ષે अदृक्षाताम् (અહીં स्वरग्रहदृश्० ૩/૪/૬૯ થી વિકલ્પે ञिड् થી બે રૂપો- (ञिड् ન લેતો) दृश् + सिच् +आताम् માં (यजसृज० થી ष्, षढोः कस्सि થી क नाम्यन्तस्था० થી ष् = दृक् + षाताम्=अदृक्षाताम्
0 हन् (ગ-૨/1100) हन्यते-हन् + क्य + ते
(૫-अ) વિકલ્પે ત્રણ રૂપો- (1) ञिणवि...૪/૩/૧૦૧ થી घन् આદેશ, स्वरग्रहहन्० ૩/૪/૬૯ થી વિકલ્પે ञिड् (ત્રી પુ એ વ. માં भावकर्मणो ૩/૪/૬૮ થી ञिच् વિકલ્પે (2) अद्यतन्यां वा त्वात्मने ૪/૪/૨૨ થી वध् આદેશ हन् + त = (૧) अघानि પક્ષે (૨) अवधि - (3) हना सिच् ૪/૩/૩૮ થી कित्व, नो व्यञ्जनस्था० ૪/૨/૪૫ થી न् લોપ (૧) अघानिषाताम् પક્ષે (૨) अवधिषाताम् પક્ષે (૩) अहसाताम्
નોધ :- न जन वधः ૪/૩/૫૪ થી વિકલ્પ (૨) અને (૩) માં अ નો आ ન થયો
(૬-प) जघ्ने-(૧)हन् + ए = (૨) (अङोहि हनो० ૪/૧/૩૪ થી ह નો घ, દ્વિત્વ (૩) द्वितीयतुर्ययो થી गघन् (૪) गहोर्जः થી जघन् ) जघन् + ए = इन्ध्यसंयोगात् થી ए-किंतवत् गमहनजन्० ૪/૨/૪૪ થી ઉપાન્ત્ય अ લોપ) जघ्ने
(૭ अ) घानिषीष्ट પક્ષે वधिषीष्ट-हन् + सीष्ट-(1) ञिड् લાગેનો ञिणविघन् થી घन् આદેશ-વૃદ્ધિ (2) हनोवध० ૪/૪/૮૧થી आशीः માં वध આદેશ इट् (બાકી વૃત્તિ મુજબ)

[૧૦૮૨]

(૬) ये नवा ૪/૨/૬૨

★ વૃત્તિ :- खनिसनिजनां ये क्ङित्या वा स्यात् । खायते खन्यते । सायते/सन्यते जायते/जन्यते ।
■ तनः क्ये आ वा स्यात् । तायते/तन्यते । अमोकम्यमीति वा दीर्घो, अशामि/अशमि, । ण्यन्ताभावे -
卐 વૃત્યર્થ :- खन् , जन् , सन् , ધાતુઓને कित् ङित् એવા य કારાદિ પ્રત્યય લાગે ત્યારે અન્ત્ય न् નો आ વિકલ્પે થાય खन् (ગ-૧/913) खायते પક્ષે खन्यते खन् + क्य + ते=खा + य + ते - ખવાય છે. सन् (ગ-૧/330) सायते પક્ષે सन्यते - દેવાય છે.
जन् (ગ-૪/1265) जायते પક્ષે जन्यते - જન્માય છે

★ અનુવૃત્તિ :- (૧) आ खनिसनि जनः ૪/૨/૬૦ (૨) यमिरमि० ૪/૦/૫૫ થી क्ङिति

卐 વિશેષ :- 0 સ્પષ્ટ

■ શેષવૃત્તિ :- (૧) तनः क्ये ૪/૨/૬૩ तन् ધાતુને क्य પ્રત્યય લાગતા અન્ત્યનો વિકલ્પે आ થાયછે. तन्+ क्य + ते = ता + य + ते = तायते વિકલ્પે तन्यते (तन् ગણ-૮/499) [૫૩૪]
0 शम् (ગ-૪/1230) शम्यते - શાત થવાયછે
(૫-अ) - પ્રેરક કર્મણિનું રૂપ - अशामि પક્ષે अशमि
0 शम् + णिग्- [1] शम् + णिग् + त = [2] (भावकर्मणोः ૩/૪/૬૮) शम् + णिग् + ञिच् (त લોપાશે)= [3] (अमोऽकम्यमि चमः ૪/૨/૨૬ સળંગ સૂત્ર ક્રમાંક ૧૦૦૪ થી णि + ञि પૂર્વ વિકલ્પે દીર્ઘ). (अड् આગમ) अशामि પક્ષે अशमि
0 જો णिगन्त ન હોયતો - માત્ર કર્મણીના રૂપ માટે જુઓ સૂત્ર : ૭

[૧૦૮૩]

(૭) मोऽकमियमिरमिनमिगमिवम्याचमः ૪/૩/૫૫

★ સૂત્રપૃથ૦ :- मः अ कमि-यमि-रमि-नमि-गमि वमि-आ चमः
★ વૃત્તિ :- कम्यादि वर्जमान्तस्य धातोर्ञ्णिति कृति ञौ च वृद्धि र्न स्यात् । अशमि-इति निषेधे अकामि
■ विश्रमेर्वा । व्यश्रामि/व्यश्रमि
卐 વૃત્યર્થ :- कम् , यम् , रम् , नम् , गम् ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


वम् અને आचम् ધાતુઓને છોડીને અન્તે न् હોય તેવા અન્ય ધાતુઓને કૃદન્ત ના ञित् णित् પ્રત્યય કે ञि પ્રત્યય લાગે ત્યારે વૃદ્ધિ થતી નથી જેમકે शम् ધાતુ – (૫–अद्य) अशमि–शम् + त = शम् + ञिच् = अशमि-म કારા. છે માટે વૃદ્ધિ ન થાય

★ અનુવૃત્તિ :- (૧) मृजोऽस्य वृद्धि ૪/૩/૪૨થી વૃધ્ધિ (૨) न जन वधः ૪/૩/૫૪ થી न (૩) ञ्णिति ૪/૩/૫૦

卐 વિશેષ – 0 कम्यादि વર્જન કેમ કર્યું ? अकामि – લેણે ઇચ્છા કરી – कम ધાતુ છે (ગ–૧/749) માટે આ સૂત્ર ન લાગે
0 ञ्णिति ૪/૩/૫૦ થી થતી વૃધ્ધિ (अ નો आ) નો આ સૂત્રથી નિષેધ કરેછે

■ શેષવૃત્તિ :- (૨) विश्रमेर्वा ૪/૩/૫૬ वि પૂર્વક श्रम् ધાતુને જો કૃદન્તનો ञित् णित् પ્રત્યય લાગ્યો હોય કે ञि (ભૂતકાળનો) લાગ્યો હોયતો વિકલ્પે વૃધ્ધિ થાય (श्रम ગણ-૪/1233) (૫–अद्य) व्यश्रामि પક્ષે व्यश्रमि – વિસામો કરાયો-(ञिच् પ્રત્યય લાગ્યો-સૂત્ર: ૩, त લોપથયો;

[૧૦૮૪] [૫૩૫]

(૮) ञिख्णमोर्वा ૪/૪/૧૦૬

★ સૂત્રપૃથ૦ :- ञि ख्णमोः वा
★ વૃત્તિ :- लभः स्वरान्नोऽन्तो वा स्यात् । ञौ ख्णमि च । अलाभि/अलम्भि ।
■ भञ्जेर्ञौ वा लोपः स्यात् । अभाजि/अभञ्जि । भावो धात्वर्थस्तस्यैकत्वादात्मनेपदैकवचनम् । चैत्रेण भूयते ।१० लज्जासत्तास्थिति जागरणं, वृद्धिक्षभयजीवितमरणम् शयनक्रीडारुचिदीप्त्यर्था, धातव एतें कर्मविमुक्ताः अविवक्षित कर्मकोऽप्यकर्मक एव पच्यते अकर्मकोप्युपसर्ग वशात् सकर्मतामति । अनुभूयतें सुखं साधुना । अन्वभावि अन्वभविषाताम् / अन्वभाविषाताम् ।५।

卐 વૃત્યર્થ :- ञि અને ख्णम् પ્રત્યયો લાગે ત્યારે लभ् ધાતુના સ્વર પછી વિકલ્પે न् ઉમેરાય છે. अलाभि પક્ષે अलम्भि મેળવાયું – ધાતુ लभ् (ગ-૧/786) लभ्यते –(૫–अद्य) लभ् + त = (भावकर्मणोः થી ञिच् પ્રત્યય – त લોપ થતાં) (अ) + लभ् + ञिच् = (આ સૂત્રથી વિકલ્પે न् આગમ) अ + ल + न् + भ्+ ञि = (म्नां धुड० ૧/૩/૩૯) अ + ल + म् + भ् + ञि = अलम्भि પક્ષે (વૃધ્ધિ) अलाभि

★ અનુવૃત્તિ :- (૧) लभः ૪/૪/૧૦૩
(૨) (उदितः) स्वरान्नोऽन्तः ૪/૪/૯૮

卐 વિશેષ :- 0 न આગમ થતાં ञ्णिति સૂત્ર લાગી શકે નહીં માટે પૂર્વે अ નો आ ન થયો

■ શેષવૃત્તિ :- (૩) भञ्जेर्ञौ वा ૪/૨/૪૮ भञ्ज् ધાતુને ञि પ્રત્યય લાગે ત્યારે न (ञ्) નો વિકલ્પે લોપ થાય भञ्ज् (ગ–૭/1468) [ (૧-ब) भज्यते–भञ्ज्+क्य +ते (नो व्यञ्जनस्या० ૪/૨/૪૫ થી પૂર્વ न् (ञ्) લોપ) भज् + य + ते થયું ] (૫–अ) अभाजि પક્ષે अभञ्जि આ સૂત્રથી વિકલ્પે લોપ–થતા બે રૂપો થયા भञ्ज्+ञिच् [૫૩૬]

0 ધાતુને ભાવ અર્થમાં (ભાવે પ્રયોગમાં) એકત્વને કારણે આત્મનેપદમાં એક વચન જ થાય જેમકે चैत्रेण भूयते–ચૈત્ર વડે થવાયછે भू ધાતુ અકર્મકછે. (ગણ–૧/1) (૧–ब) भूयते (૫–अ) अभावि (૬–प) बभूवे
0 અકર્મક :- लज्जा सता...कर्मविमुक्त શ્લોક અકર્મક ધાતુઓ જણાવે છે – લજ્જા સત્તા, સ્થિતિ, જાગરણ, વૃધ્ધિ ક્ષય, ભય, જીવિત, મરણ શયન, ક્રિડા, રુચિ, દીપ્તિ અર્થવાળા ધાતુઓ અકર્મક છે,
–0– અવિવક્ષિત કર્મ હોયતો પણ અકર્મક જ ગણાયછે
0 સકર્મક :- અકર્મક ધાતુને પણ ઉપસર્ગ લાગવાથી સકર્મક થાયછે જેમકે भू भूयते અકર્મક છે પણ अनु + भू સકર્મક છે દા. ત. अनुभूयते सुखं साधुना સાધુ વડે સુખ અનુભવાય છે. – અહીં सुख કર્મ છે – अद्यतनी માં अन्वभावि થયું – अनु + अ भू + ञिच् (त નો લોપ થયો છે.) તેમજ દ્વિ. વ. –(સૂત્ર ૪થી ञिड् વિકલ્પે લાગતાં) अन्वभाविषाताम् પક્ષે अन्वभविषाताम्
■ पच् (ગ–૧/892) पच्यते – પકાવાય છે.

[૧૦૮૫]

(૯) एकधातौ कर्मक्रिययैकाऽकर्मक्रिये ૩/૪/૮૬

★ સૂત્રપૃથ૦ :- एकधातौ कर्म क्रिययाएका अकर्मक्रिये
★ વૃત્તિ :- एकस्मिन् धातौ कर्मस्थक्रियया पूर्वदृष्टया एका अभिन्ना संप्रत्यकर्मिका क्रिया यस्य तस्मिन् कर्तरि कर्मकर्तृरूपे धातोर्ञिक्यात्मने पदानि स्युः । उक्तं च यत्र कर्मैव कर्तृत्वं याति कर्ता तु नोच्यते ञिक्यात्मनेपदं धातोरुक्तिः सा कर्मकर्तरि, अकारि ।
■ स्वरदुहो वा ञिच्–अकृत् क्रियते करिष्यते वा कटः स्वयमेव । पचिदुहेः अपाचि पच्यते पक्ष्यते वा ओदनः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


સ્વયમેવ । અદોહિ દુગ્ધે અદુગ્ધ ગૌ: સ્વયમેવેત્યાદિ । ક્વચિન્ ઞિક્યૌ ન સ્યાતામ્ । અલમકૃત અલંકુરુતે કન્યા સ્વયમેવ।

**卐 વૃત્યર્થ** :- એકજ ધાતુમાં કર્મમાં રહેલી પૂર્વે જોવાયેલી એવી અને કર્મણાં વર્તમાન કાળે અભિન્ન એવી અકર્મક ક્રિયા છે જેને એવા કર્મકર્તૃરૂપ કર્તામાં પૂર્વે કહ્યા મુજબ ધાતુથી ઞિ ક્ય અને આત્મનેપદ થાય

0 ઉક્તં ચ :- જ્યાં કર્મજ કર્તા થાયછે અને કર્તા કહેવાતો નથી ધાતુને ઞિ, ક્ય, આત્મનેપદ કહેવાય તેજ કર્મ કર્તરિ થાય —

0 સ્પષ્ટીકરણ :- જે ધાતુનું કર્મ પોતે કર્તા થઈ ગયું હોય તેજ ધાતુને કર્તરિ પ્રયોગમાં ઞિ-ક્ય અને આત્મનેપદ થાયછે પણ કર્તરિ અને કર્મકર્તરિ પ્રયોગનો ધાતુ એકજ હોવો જોઇએ વળી કર્તરિ પ્રયોગમાં જોયેલી ક્રિયા છે તેજ ક્રિયા કર્મને કર્તા બનાવતી વખતે પ્રયોગમાં હોવી જોઇએ બીજું કર્તરિ પ્રયોગનો સકર્મક ધાતુ કર્મકર્તરિ પ્રયોગમા અકર્મક બને છે.

0 કર્મકર્તરિ એટલે એકજ ધાતુને આશ્રીને પુર્વે સકર્મક ક્રિયા જોયેલી હોય તેજ ક્રિયા પછી અકર્મક થાય એટલે કે કર્મને કર્તા બનાવી દેવાય છે અને કર્તા વિવક્ષા ન કરવામાં આવે તેને કર્મકર્તરિ કહેવાય દા. ત. ચૈત્રઃ ઓદનં પચતિ ને બદલે ઓદનઃ સ્વયમેવ પચ્યતે માં કર્મ (ઓદનં) કર્તા (ઓદનઃ) થયું - કર્તા (ચૈત્રઃ) ની વિવક્ષા ન કરી

0 કર્મકર્તારે પ્રયોગમાં પણ ભાવે-કર્મણિ પ્રયોગની જેમ આત્મનેપદ થાયછે તથા શિત્ કાળમાં ક્ય પ્રત્યય લાગેછે

0 કટઃ સ્વયમેવક્રિયતે - અકારિ કરિષ્યતે વા - ક્રિયતે (ક્ય), અકારિ (ઞિ) કરિષ્યતે (આત્મને૦)

**卐 વિશેષ** :- 0 બન્ને પ્રયોગમાં ભિન્ન ધાતુ હોયનો આ નિયમ ન લાગે જેમકે :- પચત્યોદનં ચૈત્રઃ, સિધ્ધ્યત્યોદનં સ્વયમેવ

0 કર્મજ કર્તા થવું જોઇએ કરણ કર્તા થાય તો આ નિયમ ન લાગે

0 નોંધ :- સૂત્ર થોડું - લાંબુ અને ક્લિષ્ટ હોવાથી વૃત્યર્થમાં સ્પષ્ટીકરણ આપેલ છે.

**★ અનુવૃતિ** :- સૃજા શ્રાદ્ધે...૩/૪/૮૪ થી ઞિ-ક્ય - આત્મને

**■ શેષવૃતિ** :-(૪) સ્વર દુહો વા ૩/૪/૯૦ સ્વરાન્ત ધાતુએ ને દુહ ધાતુને કર્મકર્તરિમા ઞિચ્ વિકલ્પે ન થાય અકૃત અકારિ વા કટઃ સ્વયમેવ-સાદડી પોતાની મેળેજ કરાઈ જે ઞિચ્ થાય તો અકારિ અન્યથા અકૃત [૫૩૭]

(૫) પચિદુહેઃ ૩/૪/૯૭ પચ્ અને દુહ ધાતુનું કર્મ જ્યારે કર્તા બને ત્યારે કર્મકર્તરિમાં (કર્મના સદ્ભાવમાં અકર્મકમાં કર્મના અભાવમાં) ઞિ, ક્ય, આત્મનેપદ થાયછે. (ઞિ) અપાચિ, [ક્ય] પચ્યતે, (આત્મને) પક્ષ્યતે ઓદનઃ સ્વયમેવ - ચોખા આપમેળે રંધાયા-રંધાયછે - રંધાશે —

0 દુહ - ગાય આપમેળે દોવાઈ [ઞિચ્] અદોહિ, દુગ્ધે, અદુગ્ધ [૫૩૯]

[૬] ભૂષાર્થે-સન્-ક્યાદિભ્યશ્ચ ઞિ-ક્યૌ ૩/૪/૯૩ ભુષા અર્થવાળા ધાતુઓને તથા સન્ પ્રત્યયવાળા. ક્રિ વગેરે સાત ધાતુને .. કર્મકર્તરિ પ્રયોગમાં ઞિ અને ક્ય પ્રત્યયો થતા નથી. અલમકૃત પક્ષે અલંકુરુતે કન્યા સ્વયમેવ - કન્યા આપમેળે શણગારાઇ અહીં ઞિ-ક્ય ન લાગતા માત્ર આત્મનેપદ જ થયું [૫૩૯]

[ નોંધ :- લંબાણભયે શેષવૃત્તિનો સૂત્રાર્થજ આપેલછે]



પૂ. મહોપાધ્યાય શ્રી વિનય વિજયજી મણિવરે રચેલ હૈમ લઘુપ્રક્રિયાના ભાવ-કર્મણિ પ્રક્રિયાનો... .. સિદ્ધહસ્ત વ્યાખ્યાના પૂ. આ. દેવશ્રી આનંદસાગર સૂરીશ્વરજી ના શિષ્ય ઉદાર દિલ ઉપાધ્યાય પૂ. ક્ષમાસાગરજી મ. સા. ના સરલ સ્વભાવી શિષ્ય પૂ. મુનિશ્રી લલીતસાગરજી ના શિષ્ય નિત્ય તપસ્વી પંન્યાસ પૂ. સુશીલસાગરજી મ. સા. ના ભવલીક્ષ મુનિરાજ પૂ. સુધર્મસાગરજી મ. સા. ના શિષ્ય મુનિ દીપરત્ન સાગર ( M. Com. M. Ed. ) કરેલ ગુજરાતી અનુવાદ તથા સસંદર્ભ વિવરણ સમાપ્ત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ अर्हम् ॥

# કૃદન્ત પ્રક્રિયા

કૃદન્ત :- ધાતુને જે પ્રત્યયો લાગીને શબ્દો બનેછે તે પ્રત્યયો "કૃત્" પ્રત્યયો કહેવાય છે જે શબ્દોને અન્તે "કૃત્" પ્રત્યયો હોય તેને કૃદન્ત કહેવાય છે. ...સામાન્ય રીતે વ્યાકરણોમાં આવા કૃદન્તોને ઓળખવા માટે તેના વર્તમાન કૃદન્ત, ભૂત કૃદન્ત ભવિષ્ય કૃદન્ત વિદ્યર્થ કૃદન્ત, સંબંધક કૃદન્ત, હેત્વર્થ કૃદન્ત જેવા વિભાગો પાડવામાં આવેછે. પણ પ્રક્રિયા અભ્યાસમાં તો (સિદ્ધહેમની જેમ) પ્રત્યયોને આશ્રીને જ નિયમો બનાવાયા છે તે નોંધનીયછે.

કૃદન્ત એ ક્રિયા દર્શક પદો છે. તેમ છતાં ક્રિયાપદ ઉપરાંત સંજ્ઞા કે ક્રિયા વિશેષણ તરીકે પણ તેમનો ઉપયોગ થાયછે.

## (૧) आतुमोत्यादिः कृत् (बहुलम्) ५/१/१

★ **સૂત્રપૃથ૦** :- आ-तुमः अ-त्यादिः कृत् ५/१/१ [बहुलम् ५/१/२]

★ **વૃત્તિ** :- इत्यादि ।

卐 **વૃત્યર્થ** :- *[નોંધ :- અહીં એક સૂત્રમાં બે સૂત્ર સાથે છે તેમજ इत्यादि સૂત્રથી ત્રીજા એક સૂત્રની હૈમ પ્રકાશમાં વાત કરીછે] તેથી ત્રણેની વૃત્તિ સાથે લઇને ચર્ચા કરીછે. અનુવૃત્તિ કે વિશેષ વિભાગ અલગ પાડેલ નથી

0 आतुमोत्यादिः कृत्-५/१/१ – સિદ્ધહેમના પાંચમાં અધ્યાયને અન્તે સૂત્રઃ૫/૪/૯૦ "तुम्" પ્રત્યયનું વિધાન કરેછે તે तुम પ્રત્યય સુધીના જેજે પ્રત્યયોનું વિધાનછે. (સો કરતાં વધુ પ્રત્યયો છે.) તે તમામ પ્રત્યયોની कृत् સંજ્ઞા થાય પણ त्यादि પ્રત્યયોને વર્જીને (त्यादि-सिव्, तस् વગેરે ક્રિયાપદના પ્રત્યયોની कृत् સંજ્ઞા ન થાય)-આ સંજ્ઞા સૂત્ર છે

(૧) बहुलम् ५/१/२-આ અધિકાર સૂત્ર છે – कृत्સંજ્ઞક પ્રત્યયો બહુલમ્ સમજવી बहुलम् અનિત્યતા દર્શાવે છે. જણાવેલા અર્થ સિવાય બીજા અર્થમાં પણ "कृत्" પ્રત્યયો વાપરી શકાય જેમકે मोहनीयं कर्म-માં अनीय પ્રત્યય "કર્મ" અર્થમાંછે પણ ક્યારેક "કરણ" અર્થ પણ સૂચવેછે [૫૪૦]

(૨) असरूपोऽपवादे वोत्सर्गः प्राक् क्तेः ५/१/१६ ઉત્સર્ગ :-સામાન્ય નિયમ. અપવાદ :- વિશેષ નિયમ આ સૂત્ર જણાવેછે કે અપવાદ લાગતો હોય ત્યા અમુક શરતે ઉત્સર્ગ સૂત્ર વિકલ્પે લાગુ પાડી શકાયછે. – જેમકે બન્ને પ્રકારના પ્રત્યયો असरूप- મળતાપણાં વિનાના હોય બીજું આ નિયમ अभिव्यप्तौ भावे अन्-ञिन् ५/३/९० સુધીજ લાગુ પડે છે — [૫૪૧]

0 આસૂત્રો અંગેના ઉદાહરણો હવે પછીના સૂત્રોમાં કહેવાશે

[૧૦૮૭]

## (૨) कर्तरि ५/१/३

★ **વૃત્તિ** :- कृदर्थे विशेषोक्तिं विना कर्तरि स्यात् ।

卐 **વૃત્યર્થ** :- कृत् પ્રત્યય વિશેષ અર્થમાં ન જણાવ્યો હોય ત્યા કર્તા અર્થમાં થાયછે

卐 **વિશેષ** :- 0 कर्ता-कृ+तृच् પ્રત્યય- (णकतृचौ ५/१/४८)-कृत्- પ્ર એ વ. कर्ता – સૂત્રમા કંઇ વિધાન નથી માટે કર્તા અર્થ સમજવો

[૧૦૮૮]

## (૩) णकतृचौ ५/१/४८

★ **સૂત્રપૃથ૦** :- णक – तृचौ

★ **વૃતિ** :- धातोरेतौ स्याताम् । करोतीति कारकः कर्ता । सेटां स्ताद्यशित इतीडागमे । एधिता धूगोदित इति वेटि गोप्ता,गोपिता । सहिवहेरिति सोढा, वोढा । ञ्णिति इत्युपान्त्य वृद्धौ । पाचकः

卐 **વૃત્યર્થ** :- ધાતુને णक (अक) અને तृच् (तृ) પ્રત્યય થાય છે

0 कर्ता :- (૧) कृ+तृच्=(नामिनो गुणो થી ગુણ) (૨)कर्+तृ=(૩) પ્રથમા એ વ कर्तृ+सि=(ऋदुशनस्...सेर्डाः १/४/८४ થી) (૪) कर्तृ+डा = (डित्यन्त्य० २/१/११४ થી) कर्तृ+आ=कर्ता – કરનાર

0 कारकः – करोति इति – જે કરેતે કારક-कृ+णक= कार्+अक (नामिनोऽ कलिहलेः ४/३/५१ થી વૃદ્ધિ થઇ છે) = પ્રથમા એ વ. – कारक + सि कारकः

卐 **વિશેષ** :- 0 णक માં ण् કાર વૃધ્ધિને માટેછે

* હૈમ પ્રકાશ – ઉતરાર્ધ – પૃ. ૮૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


0 તૃચ્ માં ચ્ કાર–"अन्त्यस्वरादेः" ૭/૪/૪૩ થી સામાન્ય ગ્રહણને માટે છે જેથી તૃચ્ અને તૃન્ બન્ને ગ્રહણ થાય *1 अन्यथा-निरनुबन्ध ग्रहणे न सानुबन्धकस्य न्यायानुसार तृच् नुं જ ગ્રહણ થાત તૃન નું નહીં

■ **शेषवृत्ति :-** 0 सेट् धातु होयतो स्ताद्य शितो० ४/४/૩૨ થી इट् आगम थाय एधिता–વધનાર-एध् ( ग–१/741) एध्+इ+तृच्= (પ્રથમા એ.વ.) एधिता

0 धूगेादितः થી વિકલ્પે इट् જો ત્યારે :– गोपिता પક્ષે गोप्ता –ગોપવનાર गुप् (गुपौ–ग–१/332, +इ+तृच्=गोप्+इ+तृ= गोपिता પક્ષે गोप्ता થશે

0 सहिवहेरोच्चाऽवर्णस्य १/૩/૪૩ થી સોઢા–સહેનાર, વોઢા –વહેનાર થયું सह्+तृच्=(१) હો ધુટ્ પદાન્તે – હ્ નો દ્ધ, (२) अघश्चतुर्थात० થી त् નો ध्, (૩)तवर्गस्य० १/૩/૬० થી ध् નોદ્ધ, (४) सहिवहे થી ધાતુના દ નો લોપ પૂર્વના અ નો ઓ-સોઢા થશે. એ-જ–રી–જો वह्+तृच्=वोढा

0 ञ्णिति ४/૩/૫० થી વૃદ્ધિ–पच्+णक्=पाचकः– પૂર્વના અ ની વૃદ્ધિ

0 पक्ता–पच्+तृ=पक्+तृ= પ્રથમા એ.વ.- पक्ता-પકાવનાર

## [૧૦૮૯]

### (४) अच् ५/१/४९

★ **वृत्ति :-** धातोरच् स्यात् । करः हरः

**卐 वृत्यर्थ :-**ધાતુને अच् પ્રત્યય લાગેછે(कर्तार्थे) करः - કરનાર हरः = હરનાર 0 कृ+अच् (करोति इति ) ગુણથતાં कर्+अ=(પ્રથમા એ વ.) करः

0 हृ + अच् (हरति इति) = हर् + अ = हरः

**卐 વિશેષ :-** 0 च કાર–अचि ૩/४/१५ સૂત્ર ના વિશેષણને માટે છે.

0*2 પૂર્વના णक्-तृच् સાથે अच् નો સાધ્ય–સાધક નથી. બન્ને સૂત્રોની પ્રવૃત્તિ થઈ શકેછે

## [૧૦૯૦]

### (५) लिहादिभ्यः ५/१/५०

★ **वृत्ति :-** एभ्योऽच् स्यात् । लेहः । शेषः

**卐 वृत्यर्थ :-** लिह् વગેરે ધાતુને अच् (अ) પ્રત્યય થાયછે. लेहः = लिह्+अच् = (ગુણ) लेह्+अ નું પ્રથમા એ વ. लेहः – ચાટનારો

0 शिनष्टि इति – शिष् + अच् = शेषः

★ **अनुवृत्ति :-** अच् ५/१/४९

**卐 વિશેષ :-** 0 लिहादि ગણ :- लेहः, शेषः, सेवः, देवः, मेथः, मेघः, मेघः, देहः, प्ररोहः, न्ययोधः, कोपः गोपः, सर्पः, नर्तः दर्शः, श्वपचः, पारापतः, कद्वदः, यद्वदः, कन्यावरः, रघूद्वहः , रसावहः

0 સૂત્રમાં મુકેલ ન.વ આકૃતિ ગણને માટેછે તેનાથી नदी, मही, मषी, पल्वी, गरी, चरी, तरी, दरी, स्तरी, सूदी, देवी, सेवी, चोरी, गेही,–અહીં अच् લાગી गौरादिभ्यो० २/४/१९ થી ङी

0 * પુર્વ સૂત્રથી अच् પ્રત્યય સિધ્ધ હતો છતાં અહીં अच् નું વિધાન નિયમને માટે છે. ઉત્સર્ગ માર્ગે સર્વત્ર अच् પ્રત્યય થાયછે. – नाम्युपान्त्य...कः ५/१/५४ થી क नी પ્રાપ્તિ અને घ्वसो घमा दृशः शः ५/१/५८ થી श नी પ્રાપ્તિ નો બાધ કરવા આ સૂત્ર છે.

## [૧૦૯૧]

### (६) ब्रुवः ५/१/५१

★ **वृत्ति :-** ब्रूगोऽचि ब्रुवः स्यात् । ब्राह्मण ब्रुवः

**卐 वृत्यर्थ :-** ब्रूग् (ब्रू ) ધાતુને अच् પ્રત્યય લાગતા ब्रुवः થાયછે.

0 ब्रू+अच्=ब्रुवः કહેનારો 0 आत्मानं ब्राह्मणं ब्रवीति इति – ब्राह्मणब्रुवः – પોતાને બ્રાહ્મણ કહેનારો

★ **अनुवृत्ति :-** अच् ५/१/४९

**卐 વિશેષ :-** 0 નિપાતન છે જે अण् પ્રત્યય वच् આદેશ અને ગુણના બાધક માટે છે.

0 (१) कर्मणोऽण् ५/१/७२ થી अण्

(२) अस्तिब्रुवोर्भूवच० ४/४/१ થી वच् આદેશ

## [૧૦૯૨]

### (७) नन्द्यादिभ्योऽनः ५/१/५२

★ **सूत्रपृथ० :-** नन्दि – आदिभ्यः अनः

★ **वृत्ति :-** नन्दनः, सहनः

**卐 वृत्यर्थ :-** (नन्द् – વગેરે ધાતુઓને अन प्रत्यय थायछे) नन्दन पुत्र, आनंद आपनार, सहनः સહેનાર

0 नन्दयति इति – नन्द् + अन = नन्दनः

0 सहते इति – सह् + अन = सहनः

**卐 વિશેષ –** 0 अन प्रत्यय वाळा नामो नामगणपाठमां गणावेला छे

*1 अन्यथा – बृहद्वृत्ति – भा. २. पृ २१९

*2 पूर्वना–सिद्धहेम – पंचमोऽध्याय – सूत्र ५/१/४९ नो बृ. न्या. जुओ

*पूर्वेण...मध्यमवृत्ति अवचूरि भा. २, पृ. १६६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



* नन्दि वगेरे :-णि-अन्त-संज्ञामां-नन्दनः,(पुत्र) वाशन. (ऋषिनुं नाम) मदनः (कामदेव) दूषणः (राक्षसनुं नाम) साधन. (राजानुं नाम). वर्धनः (ऋषि). शोभनः (ऋषि). रोचनः (चन्द्रनी संज्ञा)...सहनः, रमणः, दमनः, रोचनः, विरोचनः,विकर्तन ,तपनः,प्रतर्दनः,दहनः,यवनः,पवनः,लवणः ...सक्रन्दनः,संकर्षणः, संहर्षणः,... सर्वदमनः, जनार्दनः, वित्तवनाशन , मधुसूदनः,

0 असंज्ञायाम्-रिपुदमनः, कुलदमनः, परार्दनः,रोगनाशनः, अरिसूदनः... 0 नर्दनः, विभिषण , भूषणः, दर्पणः, जल्पनः

0 सूत्रमां मुकेल બ વ આકૃતિગણ ને માટેછે. - તેથી સૂત્ર માં મુકેલ ધાતુ સિવાય અન્ય ધાતુઓ થી અન લાગેલા દેખાય તો તે આકૃતિગણ થી ગ્રહણ કરવું

## [૧૦૯૩]

### (૮) ग्रहादिभ्यो णिन् ૫/૧/૫૩

★ **સૂત્રપૃથ૦** :- ग्रह - आदिभ्यः णिन्

★ **વૃત્તિ** :-गृह्णातीति ग्राही । तिष्ठतीति स्थायी

卐 **વૃત્યર્થ** :- (ग्रह વગેરેને णिन्-इन् પ્રત્યય થાયછે)

0 गृह्णाति इति - ग्रह्+णिन् = (वृद्धि) ग्राह्+इन् નું પ્રથમા એ.વ. ग्राही (शशिन् ના રૂપો જેવા થશે)

0 तिष्ठति इति-स्था+इन्=(आत ऐः कुञ्जौ ૪/૩/૫૧ થી) स्थै+इन्=स्थाय्+इन् નું પ્રથમા એ.વ स्थायी

卐 **વિશેષ** :- 0 ग्रहादि-આકૃતિગણને માટેછે

0 * 2 ग्राही વગેરે :- ग्राही,स्थायी,उपस्थायी,मन्त्री, संमर्दी, उपरोधी, अवरोधी, अपराधी,उत्साही,उद्दासी,उद्मासि,निश्रावी निशायी,निवासी,निवापी,निरक्षी, अव्याहारी, असंव्यवहारी, अयाची, अव्राजी, अवादी, अवासी,अकारी,अहारी, विभावी, अभिभावी, परिभावी, विशयी

## [૧૦૯૪]

### (૯) नाम्युपान्त्यप्रीकृगृज्ञः कः ૫/૧/૫૪

★ **સૂત્રપૃથ૦** : नामि-उपान्त्य-प्री-कृ-गृ ज्ञः कः

★ **વૃતિ** :- नाम्युपान्त्येभ्यः प्र्यादिभ्यश्चतुर्भ्यश्च कः स्यात् क्षिपः, प्रियः, किरः, गिरः, ज्ञः ।

卐 **વૃત્યર્થ** :- નામિ સ્વર ઉપાન્ત્યમાં છે તેવા ધાતુઓને તથા प्री - कृ - गृ અને જ્ઞા ધાતુઓ ને કર્તાર્થે क (अ) પ્રત્યય થાય

0 નામિ ઉપાન્ત્ય - क्षिपति इति-क्षिपः ફેંકનાર क्षिप्+क= (कृ-इत् છે, ગુણ ન થાય) क्षिप्+अ= પ્રથમા એ વ क्षिपः

0 प्री - प्रिणाति इति - प्रियः प्रिय - प्री + क (अ)= संयोगात् ૨/૧/૫૨ થી प्रिय् + अ

0 कृ-किरति इति - किरः ભૂંડ-कृ+क (अ)= ऋतांक्ङिति થી किर् + अ

0 ज्ञा-जानाति इति-ज्ञः - પંડિત-ज्ञा+क (अ) = ज्ञ् + अ (इडेत्पुसि चातो० ૪/૩/૯૪ થી आ લો.પ) - ज्ञः

卐 **વિશેષ** :- 0 क પ્રત્યયમા कृ કાર कित् કાર્ય માટે છે - તેનાથી ગુણ નિષેધ થશે

## [૧૦૯૫]

### (૧૦) घ्राध्मापाद्घेदृशः श ૫/ ૧/૫૮

★ **સુત્રપૃથ૦** :- घ्रा - ध्मा - पा - द्घे - दृशः शः

★ **વૃત્તિ** :- एभ्यः शः स्यात् । शकार शित्कार्यार्थः । जिघ्रः, उद्धमः पिबः, उद्धयः, उत्पश्यः

卐 **વૃત્યર્થ** :- घ्रा, ध्मा, पा, द्घे, दृश् ધાતુઓ ને श(अ)પ્રત્યય થાયછે श માં श्-इत् છેતે शित् કાર્ય માટે

0 जिघ्रः - સુંઘનાર 0 उद्धमः - ધમનાર

0 पिबः-પિનાર 0 उद्धयः-ધાવનાર 0 उत्पश्यः-ઊંચેજોનાર

-0 घ्रा+श -जिघ्रति इति - (श्रौति कृवु० ૪/૨/૧૦૮થી जिघ्र આદેશ) जिघ्र्+अ=जिघ्रः એજરીતે ध्मा નો धम् પાનો पिब् दृश् નો पश्य આદેશ થશે

卐 **વિશેષ** :- 0 ઉપસર્ગ સહિત ધાતુપ્રયોગ છે. उद् + द्घे - उद्धयः

0 द्घे માં द् કાર ङी ને માટે છે તેથી (સ્ત્રીલિંગે) उद्+द्घे +श+ङी=उद्धय+ङी (अणञेयेकण्०૨/૪/૨૦થી ङी)उद्धयी

0 घ्रा વિ. ના સાહચર્યથી पी-पिब् ગણ - ૧ નું ગ્રહણ કરવું पा - पाति ગણ - ૨ નહીં

## [૧૦૯૬]

### (૧૧) साहिसातिवेद्युदेजिधारिपारिचेतेरनुपसर्गात् ૫/૧/૫૯

★ **સૂત્રપૃથ૦** :- साही-साति-वेदि-उदेजि-धारि-पारि -चेतेः अनुपसर्गात्

★ **વૃત્તિ** :- एभ्योऽनुपसर्गेभ्यः ण्यन्तेभ्यः शः स्यात् । साहयः, सातयः, चेदयः, उदेजयः, धारयः, पारयः, चेतयः

卐 **વૃત્યર્થ** :- ઉપસર્ગ રહિત એવા णि અન્ત વાળા साहि,साति,वेदि, उदेजि, धारि, पारि, चेति ધાતુઓને श (अ) પ્રત્યય થાયછે.

* 1 नन्दि-नन्दनः વગેરે નામોની વ્યુત્પત્તિ માટે સિધ્ધહેમ પંચમોઽધ્યાય श. न्या. - પૃ. ૪૦ - જોવું

* 2 ग्राही વગેરે પ્રત્યેક નામોની વ્યુત્પત્તિ સિધ્ધહેમ - પંચમોઽધ્યાય - પૃ. ૪૧ માં જોવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



0 साहयः સહન કરનાર 0 सातयः સુખ ઉત્પન કરનાર
0 वेदयः જાણનાર 0 उदेजयः કંપનાર
0 चेतय. ચેતનાર 0 साहयः સાધનિકા :-
साहयति इति=साहि+शव् (अ)=साहे+अ (ગુણ)=(एदैतो -याय થી) साहय्+अ=પ્રથમા એ.વ साहयः સહન કરનાર /કરાવનાર બે અર્થ કર્યા કારણકે णिगन्त – પ્રેરક હોયતો પ્રેરણા અર્થમાં "સહન કરાવનાર" થાય

★ અનુવૃત્તિ :- घ्रा ध्मा पा...शः ૫/૧/૫૮ થી शः

卐 વિશેષ :- 0 અનુપસર્ગ કેમ કહ્યું ?
प्रसाहिता प्र+साहि+तृच् (णकतृचौ ૫/૧/૪૮) કેમકે ઉપસર્ગ છે
0 વૃત્તિમાં णि અન્ત કેમ કહ્યું ?
મૂળધાતુ सह् વગેરે છે તેને णि લાગ્યોછે. – सह् + णि = साहि, विद् + णि = वेदि

[૧૦૯૭]

(૧૨) नृत्खन्रञ्जः शिल्पिन्यकट् ૫/૧/૬૫

★ સૂત્રપૃથ૦ :- नृत् खन् रञ्ज; शिल्पिनि अकट्
★ વૃત્તિ :- एभ्यः शिल्पिनि कर्तर्यकट् स्याद् । नर्तकः, खनकः, रजकः

卐 વૃત્યર્થ :- नृत्, खन्, रञ्ज्, ધાતુઓને જો કર્તા શિલ્પી (કર્મકૌશલ વાળો) હોયતો अकट्(अक)પ્રત્યય
0 नर्तकः नर्तक = नृत्+अकट्=नर्त्+अक नृत्यति इति–
0 रञ्ज्+अकट्=(अकट्–घिनोश्च रञ्जे ૪/૨/૫૦ થી ઉપાન્ત્ય લોપ) रज् + अक = रजकः = રંગારો
0 खनकः = खन् + अकट् = ખોદનારો

卐 વિશેષ :- 0 नर्तिका (नृत्+णक्+ સ્ત્રીલિંગે आत् પ્રત્યય) નાચનારી અહીં કૌશલ્ય તરીકે નહીં પણ સામાન્ય કૃત્ય ગણતા णक પ્રત્યય થયો.
0 अकट् માં જે ट् इत् મુક્યો તે સ્ત્રીલિંગે ङी પ્રત્યય માટે – नृत् + अकट् + ङी = नर्तकी

[૧૦૯૮]

गस्थकः टनण् च ૫/૧/૬૬–૬૭

★ સૂત્રપૃથ૦ :- (૧) गः थकः ૫/૧/૬૬
(૨) टनण् ૫/૧/૬૭
★ વૃત્તિ :- गः शिल्पिनि कर्तर्येतौ स्याताम् । गाथकः ।
■ आत ऐः कृञ्जौ । गायनी

卐 વૃત્યર્થ :- શિલ્પી કર્તા હોયતો गा ધાતુને थक પ્રત્યય લાગેછે गायति इति=गा+थ=गाथकः ગવૈયો

★ અનુવૃત્તિ :- (૧) नृत्खन्रञ्जः૦ ૫/૧/૬૫થી शिल्पिनि
(૨) कर्तरि

卐 વિશેષ :- 0 गै ધાતુનો અર્થ "ગાવું" થાયછે. – गाङ् ગતૌ ધાતુ ન લેવી

■ શેષવૃત્તિ :- (૩)टनण् च ૫/૧/૬૭ શિલ્પી કર્તા गा ધાતુને थक अन (टनण्) પ્રત્યય લાગે गायति इति–गा+टनण्=( आत ऐ कृञ्जौ ૪/૩/૫૩ થી ) गै+अन=गायनः – ગવૈયો (સ્ત્રીલિંગે) गायनी ગાનારી [૫૪૨]

[૧૦૯૯]

(૧૪) तिक्कृतौ नाम्नि ૫/૧/૭૧

★ સૂત્રપૃથ૦ :- तिक् कृतौ नाम्नि
★ વૃત્તિ :- आशीर्विषये संज्ञायां गम्यायां तिक्कृतश्च सर्वे प्रत्ययाः स्युः

卐 વૃત્યર્થ :- સંજ્ઞા અર્થ જણાતો હોય તો ધાતુને આશિષ અર્થમાં तिक् (ति) પ્રત્યય લાગેછે અને કૃદન્તના બીજા સર્વે પ્રત્યયો થાયછે (ઉદા જુઓ સૂત્ર:૧૫)

★ અનુવૃત્તિ :- आशिषि अकन ૫/૧/૭૦ થી आशिषि

卐 વિશેષ – 0 સ્પષ્ટ

[૧૧૦૦]

(૧૫) अहन्पञ्चमस्य क्वि क्ङिति ૪/૧/૧૦૭

★ સૂત્રપૃથ૦ :- अहन् पञ्चमस्य क्वि – क्ङिति
★ વૃતિ :- हन्वर्जपञ्चमान्तस्य क्वौ धुडादौ क्ङिति च दीर्घः स्यात् । शम्या दित्याशास्यमानः शान्तिः
■ क्वचित्तिकि न दीर्घः । रन्तिः । वर्धतामित्या शास्यमानो वर्धमानः ।

卐 વૃત્યર્થ :- हन् ધાતુ સિવાયના પંચમ વ્યંજન (ङ्, ञ्, ण्, न्, म्) માનો કોઇપણ વ્યંજન અન્તે હોય તેવા ધાતુંને क्विप् પ્રત્યય લાગે ત્યારે અને આદિમા धुट् વ્યંજનવાળો कित् ङित् પ્રત્યય લાગે ત્યારે તેની પૂર્વનો સ્વર દીર્ઘ થાયછે
0 शम्यात् इति–शम्+तिक् (ति)=આ સૂત્રથી પૂર્વસ્વર દીર્ઘ शाम्+ति=(म्नां धुड् वर्गे૦ થી) शान् + ति = शान्तिः

★ અનુવૃત્તિ :- (૧) स्वर हन गम૦ ૪/૧/૧૦૪ થી धुटि (૨) दीर्घमवोऽन्त्यम् ૪/૧/૧૦૩ થી दीर्घम

卐 વિશેષ :- 0 अहन् કેમ કહ્યું ?
वृत्रहपि–हन् ધાતુ વર્જનછે માટે દીર્ઘત્વ ન થાય.(*न् नो ण् क वर्गैक स्वर वति ૨/૩/૭૬ થી થયો)

*वृत्रहणि–સંજ્ઞા હોયતો पूर्वपदस्था ૨/૩/૬૪ થી અને અસંજ્ઞામાં कवर्गैक૦ ૨/૩/૭૬ થી णत्व- બૃ.વૃ. ભા,૨ न्या, સ.પૃ.૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


0 પંચમ વર્ણ કેમ કહ્યું ?
પક્ત્વા – પચ્ + ક્ત્વા છે. અન્તે ચ્ છે.
0 ધુટ્ અમ કેમ કહ્યું ?
યમ્ ત – યમ્ + ક્ય – ય ધુટ્ નથી.

શેષવૃત્તિ :- (૪) ન તિકિ દીર્ઘશ્ચ ૪/૨/૫૯ યમ્ વગેરે (યમ્, રમ્, નમ્, ગમ્, હન્, મન્ અને વન્) તથા તનાદિ ધાતુઓને તિક્ પ્રત્યય લાગ્યો હોય ત્યારે તેના અન્ત્ય વ્યંજનનો લોપ થતો નથી તેમજ પૂર્વસ્વર દીર્ઘ પણ નથાય
0 રમ + તિક્ = રન્તિ: = રંતિદેવ [૫૪૨]
0 વર્ધમાન: ચોવિશમાં તિર્થંકર વર્ધિષીષ્ટ ઇતિ વર્ધ+આનશ્ (શત્રાનશાવેષ્યતિ ૫/૨/૨૦ થી નિર્દિષ્ટ આનશ્ ૫/૧/૭૦ થી થયો) = (અતો મ આને ૪/૪/૧૧૪ થી અ થી પર મ્ આગમ) વર્ધ + માન = વર્ધમાન:

[૧૧૦૧]

(૧૬) કર્મણોઽણ્ ૫/૧/૭૨

★ સૂત્રપૃથ૦ :- કર્મણ: અણ્
★ વૃત્તિ :- કર્મણ: પરાદ્ધાતોરણ્ સ્યાત્ । કુમ્મં કરોતિ ઇતિ કુમ્ભકાર: ।

卐 વૃત્યર્થ :- કર્મથી પર આવેલ ધાતુને અણ્ પ્રત્યય થાયછે કુમ્ભકાર = કુંભાર–કુમ્મં કરોતિ ઇતિ કુમ્ભ+કૃ+અણ્=(નામિનોઽકલિહલે થી વૃદ્ધિ) કુમ્ભ+કાર્+અ= કુમ્ભકાર: (* નોંધ :- કુમ્ભમ્-કુમ્ભ+અમ્ કર્મ છે. કૃ સાથે સમાસ થતાં ઐકાર્થ્યે ૩/૨/૮થી વિભક્તિ લોપ અને ઙસ્યુક્તં કૃતા ૩/૧/૪૯ થી સમાસ થયો. સિ પ્રત્યય લાગ્યો બધે આ રીતે પ્રક્રિયા જણાવી)

卐 વિશેષ :- 0 અણ્ માં ણ્ કાર વૃદ્ધિને માટેછે 0કર્તૃ વ્યાપ્યં કર્મ ૨/૨/૩ થી નિર્વર્ત્ય: ક્રિયા વડે ઉત્પન્ન કરવું વિકાર્ય :- ક્રિયા વડે વિકાર પામવો પ્રાપ્ય – ક્રિયા વડે પામવું ત્રણ અર્થમાં કર્મ થાયછે જેમકે પ્રાપ્ય :- સૂત્રં ધરતિ ઇતિ – સૂત્રધાર:

[૧૧૦૨]

(૧૭) આતો ડોઽહ્વાવામ: ૫/૧/૭૬

★ સૂત્રપૃથ૦ :- આત: ડ: અ – હ્વા – વા–મ:
★ વૃત્તિ :- કર્મણ: પરાદનુપસર્ગાત્ હ્વાવામાવર્જાદાદન્તાદ્ ધાતોર્ડ: સ્યાત્ । ગોદ: । અહ્વાવામ્ ઇતિ કિમ્ । સ્વર્ગહ્વાય: તન્તુવાય:, ધાન્યમાય: ।

卐 વૃત્યર્થ :- હ્વા-વા-મા ધાતુઓ સિવાય ઉપસર્ગ સહિત એવી આ કારા. ધાતુઓને કર્મથી પર ડ (અ) પ્રત્યય થાયછે.
0 ગોદ: = ગાય આપનારો – ગાં દદાતિ ઇતિ – ગો + દા + ડ = ગોદ્ + અ = ગોદ:
0 અહ્વાવામ્ કેમ કહ્યું ?
સ્વર્ગહ્વાય:=સ્વર્ગ હ્વયતે-સ્વર્ગની સ્પર્ધા કરનારો આ ધાતુનું વર્જન છે માટે "ડ" પ્રત્યય ન લાગે પણ અણ્ લાગે –0– તન્તુવાય: = વણકર ધાન્યમાય:= ધાન્ય માપનારો – બન્નેમાં ડ ન લાગ્યો

★ અનુવૃત્તિ :-(૧) ગાયોઽનુપસર્ગાદ્ ૫/૧/૭૪ થી અનુપસર્ગાત્ (૨) કર્મણોઽણ્ થી કર્મણ:

卐 વિશેષ :- 0 અનુપસર્ગ કેમ કહ્યું ?
ગોસંદાય: ગો-સં+દા –ઉપસર્ગ છે માટે કર્મણોઽણ્ થી અણ્ લાગશે. તથી સં+દા+અણ્=(આત ઐ: કુઞ્જૌ ૪/૩/૫૩) સં+દૌ + અણ્ = સં + દાય્ + અ = સંદાય:
0 ક્યારે હ્વા ને ડ પ્રત્યય લાગે છે મિત્રહ્વ-મિત્રં હ્વયતે–મિત્ર ની સ્પર્ધા કરેછે. અહીં મિત્ર+હ્વા+ડ=મિત્ર+હ્વ્+અ થયું

[૧૧૦૩]

(૧૮) આશિષિ હન: ૫/૧/૮૦

★ વૃત્તિ :- કર્મણ: પરાદ્ધન્તેરાશિષિ ગમ્યાયાં ડ: સ્યાત્ । શત્રુહ: ।

卐 વૃત્યર્થ :- કર્મથી પર હન્ ધાતુને આશીર્વાદ અર્થમાં ડ (અ) પ્રત્યય થાય શત્રુહ: = શત્રું વધ્યાત્-શત્રુને હણો-શત્રુ+હન્+ડ= ડિન્યન્ત્ય સ્વરાદે: ૨/૧/૧૧૪ થી અનૂ લોપ) શત્રુ + હૂ + અ

★ અનુવૃત્તિ :-(૧) આતો ડો...મ: ૫/૧/૭૬ થી ડ (૨) કર્મણોઽણ થી કર્મણ:

卐 વિશેષ :- 0 * ક્યારેક ગતિ અર્થમાં પણ હનૂ ને ડ પ્રત્યય લાગેછે ત્યારે ક્રોશં હન્તિ થી ક્રોશહ: એક કોશ (ગતિનું માપ) કાપેછે. – ચાલેછે – થાય.

[૧૧૦૪]

(૧૯) ક્લેશાદિભ્યોઽપાત્ ૫/૧/૮૧

★ સૂત્રપૃથ૦ :- ક્લેશ – આદિભ્ય: અપાત્
★ વૃત્તિ :- ક્લેશાદે: કર્મણ: પરાદપપૂર્વાદ્ધન્તેર્ડ: સ્યાત્ । ક્લેશાપહ:, તમોપહ:

* નોંધ :- લઘુપ્રક્રિયા – ટીપ્પણ ૧૭, પૃ. ૩૭૦

* ક્વચિત્ – હૈમપ્રકાશ ઉત્તરાર્ધ પૃ. ૮૪૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


**卐 વૃત્યર્થ :-** ક્લેશ વગેરે કર્મ પછી અપ પૂર્વક હન્ ધાતુને ડ (અ) પ્રત્યય થાયછે ક્લેશાપહ: ક્લેશને હણનારો. ક્લેશમ્ અપહન્તિ=ક્લેશ+અપ+હન્+ડ=ક્લેશ+અપ+હ્+અ (અન્ત્ય અન્ લો.૫)=ક્લેશાપહ: એ-જ-રી-તે તમોપહ: અંધકારને હણનાર તમસ્+અપ+હન્+ડ

**★ અનુવૃત્તિ :-** (૧) આતો ડો...મ: ૫/૧/૭૬ થી ડ (૨) આશિષિ...૫/૧/૮૦ થી હન:

**卐 વિશેષ :-** 0 ક્લેશાદિ-ક્લેશ, રોગ, તમસ્, દુ:ખ, દોષ, વાતપિત્તકફ, જ્વર, દર્પ

0 સૂત્રમાં બ.વ મુકવાથી અન્ય કર્મોથી પર પણ હન્ ને ડ પ્રાપ્ત થશે.

0 પૂર્વસૂત્રથી પણ ડ પ્રત્યયની પ્રાપ્તિ હતીછતાં આશીર્વાદ સિવાયના વિષયમાં પ્રાપ્તિ માટે આ સૂત્ર બનાવેલ છે.

## [૨૧૦૫]

### (૨૦) અચિત્તે ટક્ ૫/૧/૮૩

**★ વૃત્તિ :-** કર્મણ: પરાદ્ધન્તેરચિત્તવતિ કર્તરિ ટક્ સ્યાત્ વાતઘ્ન તૈલમ્। અચિત ઇતિ કિમ્। પાપઘાતો યતિ:

**卐 વૃત્યર્થ :-** કર્મથી પર હન્ ધાતુને અચિત કર્તા હોયતો ટક્ (અ) થાયછે

0 વાતઘ્ન તૈલમ્ - વાયુને હણનાર તેલ - વાતં હન્તિ इति वात+हन्+टक्=वात+घ्न्+अ= (गमहन जन० ४/२/४४ थी हन् नो अ, लो.५, हनो ह्नो घ्नः २/१/११२ थी घ्न थशे.)

0 અચિત્ત કેમ કહ્યું ?

पापघातः यतिः = पापं हन्ति इति पाप+हन्+अण् (अ) = ञ्णिति घात् ४/३/१०० थी पाप+घात्+अ = पापघातः અહીં સચિત્ત કર્તા છે માટે ટક્ ન થયો

**★ અનુવૃત્તિ :-** આશિષિ હન: ૫/૧/૮૫ થી હન:

**卐 વિશેષ :-** 0 અચિત - ચૈતન્ય રહિત

0 क् इत् છે તે કિત્ કાર્ય માટે છે

0 ट् इत् છે તે સ્ત્રીલિંગે ङी પ્રાપ્તિ માટે છે

## [૨૧૦૬]

### (૨૧) બ્રહ્માદિભ્ય: ૫/૧/૮૫

**★ વૃત્તિ :-** एभ्य: कर्मभ्यः पराद्धन्तेष्टक् स्यात्। ब्रह्मघ्नः गोघ्नः पापी ।

■ राजघः निपातोऽयम् ।

**卐 વૃત્યર્થ :-** બ્રહ્મ વગેરે કર્મથી પર હન્ ધાતુને ટક્ (અ) પ્રત્યય થાયછે. બ્રહ્મઘ્નઃ= બ્રહ્મને હણનારો બ્રહ્મહન્તિ = બ્રહ્મ+હન્+ટક્= (हन् नो ४/२/४४ थी ह, २/१/११२ થી ઘ્ન થતાં) બ્રહ્મ+ઘ્ન+ટક્ (અ) = બ્રહ્મઘ્ન:

0 गोघ्न: = ગાયને હણનારો. गां हन्ति

**★ અનુવૃત્તિ :-** (૧) આશિષિ હન: ૫/૧/૮૨થી હન: (૨) અચિત્તે ટક્ ૫/૧/૮૩ થી ટક્

**卐 વિશેષ :-** 0 બ્રહ્માદિ :- બ્રહ્મઘ્ન:, કૃતઘ્ન:, ગોઘ્ન:, શત્રુઘ્ન: ભ્રૂણઘ્ન:, બાલઘ્ન:, શશઘ્ની

0 બહુલ અધિકારથી સંપ્રદાન (ચતુર્થી) માં પણ આ સૂત્ર કયારેક લાગેછેજેમકે गोघ्नोऽतिथिः=गां हन्ति यस्मै आगताय दातुम् स - અહીં સંપ્રદાન :- यस्मै आगताय छे तेथी પણ ટક્ પ્રત્યય થયો

■ शेषवृत्ति :-(५) * राजघः ५/१/८८ राजन् કર્મથી પર हन् ધાતુને टक् પ્રત્યયાન્ત તથા (हन् નો) घ આદેશ કરી निपात કરાયછે राजन्+हन्+टक्=राजघः= રાજાને હણનાર

## [૨૧૦૭] [૫૪૪]

### (૨૨) कुक्ष्यात्मोदराद् भृगः खिः ५/१/९०

**★ સૂત્રપૃથ૦ :-** कुक्षि-आत्म-उदराद् भृगः खिः

**★ વૃત્તિ :-** एभ्यः कर्मभ्यः पराद् भृगः खिः स्यात्। ख इत्।

**卐 વૃત્યર્થ :-** कुक्षि, आत्मन् અને उदर કર્મ પછી આવેલા भृग् (भृ) ધાતુને खि (इ) પ્રત્યય થાયછે खि માં ख-इत् ७ (उदा. सूत्रः २३ માં જુઓ)

**卐 વિશેષ -** 0 ख કાર મુકયો તે मुँ આગમ માટે છે खित्यनव्ययाऽरुषोमोऽन्ते,ह्रस्वश्च ३/२/१११ થી मुँ આગમ થાય

## [૨૧૦૮]

### (૨૩) खित्यनव्ययाऽरुषोमोऽन्ते,ह्रस्वश्च ३/२/१११

**★ સૂત્રપૃથ૦ :-** खिति अनु - अव्यय अरुषः मः अन्तः ह्रस्वश्च

**★ વૃત્તિ :-** स्वरान्तस्यानव्ययस्यारुषश्च खित्प्रत्ययान्ते उत्तरपदे मोऽन्तो यथाशंभवं ह्रस्वश्च स्यात् । कुक्षिम्भरिः आत्मम्भरिः, उदरम्भरिः

**卐 વૃત્યર્થ :-** અવ્યય સિવાયના સ્વરાન્ત શબ્દ પછી તેમજ અરુષ્ શબ્દ પછી ख-इत् વાળો પ્રત્યય ઉત્તરપદમાં હોયતો (પૂર્વપદને અન્તે) मुँ આગમ થાય છે. (જેમકે :- अरुस् નું अरुस्म् પછી म् લો.૫ अरुम्) અને પુર્વે દીર્ઘસ્વર હોયતો હ્રસ્વ થાયછે.

0 कुक्षिम्भरिः પેટભરો कुक्षिबिभर्ति इति-कुक्षि+भृ+खि (इ) कुक्षि+भर्+खि=कुक्षि+म्+भरि (આ સૂત्रथी मुँ आगम)

* राजघः જેમ પ્રકાશ ઉત્તરાર્ધ - પૃ. ૮૪૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


0 આત્મમ્ભરિઃ પોતાનેજ પોષનારો આત્મન્+ભૃ+ખિ (અહીં સમાસ થયો આત્મન્+અમ્+ભૃ+ . ઐકાર્થ્યે ૩/૨/૮ થી વિભક્તિ લોપ, ૫૬ સંજ્ઞા થતાં નામ્નો નો૦ ૨/૧/૯૧થી અન્ત્ય ન્ લોપ) આત્મ+મ્+ભૃ+ઇ=આત્મમ્ભરિઃ

0 ઉદરમ્ભરિઃ પેટ ભરો – ઉદરં બિભર્તિ

卐 વિશેષ :– 0 ખિ કેમ કહ્યું ?

જ્ઞમાની–જ્ઞ+મન્+ણિ–જ્ઞમાન્+ઇન્ અહીં ણિન્ છે માટે મ આગમ ન થાય મન્યાણિનૂ ૫/૧/૧૧૬ થી ણિન્

0 અનવ્યય કેમ કહ્યું ?

દોષામન્યમ્ અહઃ પોતાને રાત માનતો દિવસ – દોષા અવ્યય છે માટે મ ન લાગ્યો

## [૧૧૦૯]

## (૨૪) અર્હોડ ચ્ ૫/૧/૯૧

★ **સૂત્રપૃથ૦** : અર્હઃ અચ્

★ **વૃત્તિ** :– કર્મણઃ પરાદર્હેરચ્ સ્યાત્ । પૂજાર્હઃ સાધુ। પૂજાર્હા સાધ્વી ।

卐 **વૃત્યર્થ** :– કર્મથી પર અર્હ ધાતુને અચ્ પ્રત્યય થયછે પૂજાર્હઃ સાધુઃ પૂજને યોગ્ય સાધુ–પૂજાર્હા સાધ્વી પૂજને યોગ્ય સાધ્વી

0 પૂજાર્હઃ = પૂજામ અર્હતિ – પૂજા+અર્હ+અચ્

0 પૂજાર્હા = પૂજાર્હ + આ (સ્ત્રીલિંગે આત્)

卐 વિશેષ :– 0 અણ્ પ્રત્યયનો અપવાદ કરી આ સૂત્ર બનાવેલ છે.

0* અચ્ અને અણ્ બન્ને સરૂપ હોવાથી નિત્ય અપવાદરૂપે છે

## [૧૧૧૦]

## (૨૫) ધનુર્દણ્ડત્સરૂલાઙ્ગલાઙ્કુશર્ષ્ટિયષ્ટિ શક્તિ તોમર ઘટાદ્ ગ્રહઃ ૫/૧/૯૨

★ **સૂત્રપૃથ૦** :– ધનુર્ દણ્ડ-ત્સરુ-લાઙ્ગલ-અઙ્કુશ-ઋષ્ટ-યષ્ટિ-શક્તિ-તોમર-ઘટાદ્ ગ્રહઃ

★ **વૃત્તિ** :– એભ્યો દશભ્યઃ કર્મભ્યઃ પરાદ્ ગ્રહેરચ્ સ્યાત્ ધનુર્ગ્રહઃ

卐 **વૃત્યર્થ** :– ધનુર્ વગેરે દશ કર્મ (શબ્દ) થી પર ગ્રહ ધાતુને અચ્ (અ) પ્રત્યય થાયછે ધનુર્ગ્રહઃ ધનુષ્યને ગ્રહણ કરનાર ધનુર્ગૃહ્ણાતિ ઇતિ ધનુસ્+ગ્રહ+અચ્ એજરીતે દણ્ડગ્રહઃ = દંડ ગ્રહણ કરનાર. ત્સરુગ્રહઃ = તલવારની મૂઠ ગ્રહણ કરનાર. યષ્ટિગ્રહઃ = લાકડી ગ્રહણ કરનાર

★ **અનુવૃત્તે** :– અર્હોડચ્ ૫/૧/૯૧ થી અચ્

卐 **વિશેષ** : 0 ઘટીગ્રહ નું ગ્રહણ કેમ ? ઘટી (ઘડી–સમયમાપ) નું વિધાન સૂત્રમાં નથી પણ * નામ ગ્રહણે લિઙ્ગ વિશિષ્ટસ્યાપિ ગ્રહણમ્ એ ન્યાયે ઘટી શબ્દનું ગ્રહણ કરેલ છે

## [૧૧૧૧]

## (૨૬) આયુધાદિભ્યો ધૃગોડદણ્ડાદેઃ ૫/૧/૯૪

★ **સૂત્રપૃથ૦** :– આયુધ્-આદિભ્યઃ ધૃગઃ મ-દણ્ડાદેઃ

★ **વૃત્તિ** :– દણ્ડાદિ વર્જાદાયુધોદે પરાદ્ધૃગોડચ્ સ્યાત્ । ધનુર્ધરઃ, ભૂધરઃ, । અદણ્ડાદેરિતિ કિમ્ । દણ્ડધારઃ

卐 **વૃત્યર્થ** :– દણ્ડ વગેરે શબ્દો સિવાયના આયુધ વગેરે શબ્દોથી પર આવેલા ધૃ ધાતુને અચ્ (અ) પ્રત્યય થાયછે 0 ધનુર્ધરઃ = ધનુષને ધારણ કરનાર ધનુર્ધરતિ = ધનુ+ધૃ+અચ્ 0 ભૂધરઃ પર્વત

0 અદણ્ડાદેઃ કેમ કહ્યું ?

દણ્ડધારઃ = દણ્ડં ધરતિ - દણ્ડ+ધૃ+અણ્ ૬૨ ૫.૨૬ (અહીં અણ્ પ્રત્યય થયો

★ **અનુવૃત્તિ** :– અર્હોડચ્ ૫/૧/૯૧ થી અચ્

卐 **વિશેષ** :– 0 આયુધાદિ ગણ :– ધનુર્ધરઃ, શક્તિધરઃ, ચક્રધરઃ, શાર્ઙ્ગધરઃ, ગદાધરઃ, પશુંધરઃ, શૂલધરઃ, ખડ્ગધરઃ, વજ્રધરઃ, હલધરઃ

0 આદિ શબ્દથી—જલધરઃ, વિષધર, શશધરઃ, વિદ્યાધરઃ, શ્રીધરઃ, જટાધરઃ, પયોધરઃ વગેરે પણ ગ્રહણ થશે.

0 * સૂત્રમાં ધ વ મુકવાથી અન્ય કર્મથી પર પણ અચ્ થાય જેમકે :– યષ્ટિધરઃ, ફલકધરઃ, શઙ્કુધરઃ, ગોવર્ધનધરઃ, શ્રીવત્સધરઃ, તૂણીરધરઃ, પાશધરઃ, છત્રધરઃ

0 અદણ્ડાદેઃ કેમ કહ્યું ?

દણ્ડધારઃ, કર્ણધારઃ, સૂત્રધારઃ, છત્રધારઃ, કુણ્ડધારઃ, કર્મધારઃ – અહીં અણ્ પ્રત્યય થયોછે

## [૧૧૧૨]

## (૨૭) હૃગોવયોડનુદ્યમે ૫/૧/૯૫

★ **સૂત્રપૃથ૦** :– હૃગઃ વયઃ અનુદ્યમે

★ **વૃત્તિ** :– કર્મણઃ પરાદ્ધૃગો વયસ્યનુદ્યમે ગમ્યંડચ્ સ્યાત્ । અસ્થિહરઃ સ્વાઉદ્યમ ઉત્ક્ષેપણમાકાશસ્થસ્ય વા ધારણે તદભાવે–મનોહરા સ્ત્રક્ । ઉદ્યમે તુ ભારહાર ।

---

*1 નામ ગ્રહણે — ન્યાય – ૧૬ ૫ ૧૬

*2 બ. વ. – મધ્યમવૃત્તિ અવચૂરિ ભા. ૨. પૃ. ૧૭૪

*અચ્ અને...સિદ્ધહેમ બૃ વૃ પંચમોડધ્યાય-પૃ-૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



■ आङ. शीले । पुष्पहारः । दृति – नाथात्पशाविः । दृतिहरिः श्वा । नाथहरः सिंहः

卐 વૃત્યર્થ :– ઉંમર કે અનુદ્યમ અર્થ જણાતો હોય ત્યારે કર્મથી પર હૃ ધાતુને अच् (अ) પ્રત્યય થાયછે

0 ઉદ્યમ એટલે ઊંચે ફેંકવું અથવા આકાશમાં અધ્ધર રહેતા પદાર્થને હાથમાંધરી રાખવો–તેનો અભાવતે અનુદ્યમ

0 वय :– अस्थिहरः श्वा – હાંડકાને લઈ જનાર કુતરું – અહીં હાડકાને લઇ જવું તે કુતરાની બાલ્યાવસ્થા સૂચવેછે अस्ति हरति इति–अस्थि+हृ+अच्

0 अनुद्यम :– मनोहरा स्रक् મનોહર માળા मनः हरति इति – मनस्+हृ+अच्=मनोहर, સ્ત્રીલિંગે आत् मनोहरा મનને હરવામાં ઉદ્યમ નથી માટે अच् (मनस् ना स् નો રુ થઇ अतोऽतिरोरुः થી उ થઈ अ+उ થતાં ओ થયો)

0 अनुद्यम કેમ કહ્યું ?

ઉદ્યમ અર્થમાં भारहारः ભાર ઉપાડનાર भार+हृ+अण्

★ અનુવૃત્તિ :– अर्होऽच् ૫/૧/૯૧ થી अच्

卐 વિશેષ :– 0 વય :– પ્રાણીને કાળક્રમે કરી થતી (વધતી) ઊંમર અવસ્થા

0 * જ્યાં વય હોય ત્યાં ઉદ્યમ અર્થમાં પણ આ સૂત્ર લાગે જેમકે :– कवचहरः

■ શેષવૃત્તિ :– (૬) आङ. शीले ૫/૧/૯૬ આઙ્ સાથેના હૃ ધાતુને શીલ અર્થમાં अच् પ્રત્યય થાય છે. शील – સ્વભાવિક ક્રિયા – पुष्पाहरः ફૂલને ચૂંટનારો. पुष्पाणि आहरति – पुष्प+आ+हृ+अच् [૫૪૫]

(૭) दृतिनाथात् पशाविः ૫/૧/૯૭ दृति લેમજ नाथ શબ્દ પછી હૃ ધાતુ હોય અને પશુ કર્તા હોયતો इ થાયછે दृतिहरिः श्वा ચામડાની મસક લઇ જનારો કુતરો दृति+हृ+इ

0 नाथहरिः सिंहः માલિકને હરનાર સિંહ नाथ+हृ+इ

[૧૧૧૩] [૫૪૬]

(૨૮) रजः फले मलाद् ग्रहः ૫/૧/૯૮

★ વૃત્તિ :– एभ्यः कर्मभ्यः पराद् ग्रहेरिः स्यात् । रजोग्रहिः फलेग्रहिः, मलग्रहिः

卐 વૃત્યર્થ :– रजस्, फले, मल કર્મ પછી ग्रह ધાતુને इ થાયછે. रजोग्रहिः રજ લેનારો – रजः गृह्णाति इति – रजस्+ग्रह्+इ એ-જ-રી-તે

0 फलेग्रहिः = फले + ग्रह + इ – ફળ લેનાર

0 मलग्रहिः = मल + ग्रह + इ – મળ લેનાર

* वयस्तत्र – બૃહદ્વૃત્તિ ભા. ૨ ન્યા. સ. પૃ. ૨૨૯

★ અનુવૃત્તિ :– दृति नाथात् पशाविः ૫/૧/૯૭થી इ

卐 વિશેષ :– 0 फले-સૂત્રમાં ए कार નિર્દેશ હોવાથી फले કર્યું છે

[૧૧૧૪]

(૨૯) देववातादापः ૫/૧/૯૯

★ સૂત્રપૃથ૦ :– देव वातात् आप

★ વૃત્તિ :– आभ्यामाप ई स्यात् । देवापिः, वातापिः

卐 વૃત્યર્થ :– देव અને वात કર્મ પછી આવેલ आप् ધાતુને इ પ્રત્યય થાયછે

0 देवापिः દૈત્ય કે અસુરનું નામ છે. देवान् आप्नोति देव + आप् + इ

0 वातापिः ઋષિ પુત્રનું નામ છે वातम् आप्नोति – वात + आप् + इ

★ અનુવૃત્તિ :– दृति नाथात्० ૫/૧/૯૭ થી इ

卐 વિશેષ :– 0 સ્પષ્ટ

[૧૧૧૫]

(૩૦) शकृत्स्तम्बाद्वत्सव्रीहौ कृगः ૫/૧/૧૦૦

★ સૂત્રપૃથ૦ :– शकृत् – स्तम्बात् वत्स – व्रीहौकृगः

★ વૃત્તિ :– आभ्यां कर्मभ्यामनयोः कर्त्रोः कृगः इः स्यात् शकृत्करिः वत्सः । स्तम्बकरिर्व्रीहिः

■ किंयत्तद् बहोः । किङ्करः, यत्करः, तत्करः, बहुकरः

卐 વૃત્યર્થ :– शकृत् (છાણ) स्तम्ब (ડુંડું) કર્મથી वत्स અને व्रीहि કર્તા હોયતો તેનાથી પર कृ ને इ થાય

0 शकृत् करिः वत्सः છાણ કરનારો વાછડો शकृत् करोति इति – शकृत् + कृ + इ

0 स्तम्ब करिर्व्रीहिः = ડુંડું કરનાર ચોખાનો છોડ स्तम्बं करोति – स्तम्ब + कृ + इ

★ અનુવૃત્તિ :– दृति नाथात्० ૫/૧/૯૭ થી इ

卐 વિશેષ :– 0 वत्सव्रीहौ કેમ કહ્યું ? शकृत् कारः वत्स કર્તા ન હોયતો अण् લાગે शकृत्+कृ+अण्

■ શેષવૃત્તિ :– (૮) किंयत्तद्बहोरः ૫/૧/૧૦૧ कि –यत्–तत्–बहु કર્મ પછી कृ ધાતુને अ પ્રત્યય થાયછે किङ्करः નોકર – किम् करोति इति–किम्+कृ+अ

0 यत्करः = यत्+कृ+अ 0 तत्करः = तत्+कृ + अ

0 बहुकरः = बहु + कृ + अ [૫૪૭]

[૧૧૧૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


(૩૧) સહ્યસ્યાऽહર્દિવાવિભાનિશાપ્રભાભાસ્ત્વિત્રકર્ત્રાદ્યન્યાનન્તકાર બાહુરુર્ય નુનાન્દીલિપિલિવિવલિવક્તિક્ષેત્રજઙ્ઘાક્ષ્ણાક્ષણદારજનિ દોષાદિન દિવસાદ્ટઃ ૫/૧/૧૦૨

★ સૂત્રપૃથ૦ :- સહ્યસ્યા-અહર્-દિવા-વિભા-નિશા-પ્રભા-ભાસ્-ચિત્ર કર્તૃ-આદિ-અન્ત-અનન્ત-કાર-બાહુ-અમર-ધનુર્-નન્દી-લિપિ-લિવિ-વલિ-ભક્તિ-ક્ષેત્ર-જઙ્ઘા-ક્ષ્ણા-ક્ષણદા-રજનિ-દોષા દિન-દિવસાત્ ટઃ

★ વૃત્તિ :- એભ્યોઽષ્ટાવિંશતેઃ પરાત્ કૃગષ્ટા સ્યાત્ । સહ્યસ્યાકર ઇત્યાદિ

卐 વૃત્યર્થ :- આ (સૂત્રપૃથ૦ મુજબના) ૨૮ શબ્દોથી પર કૃ ધાતુને ટ (અ) પ્રત્યય થાયછે જેમકે :- સહ્યસ્યાકરઃ સહ્યસ્યાં કરોતિ=સહ્યસ્યા+કૃ+ટ (અ) સંખ્યા કરનાર (બધાજ શબ્દો આ રીતે બનશે)

0 અન્ય ઉદાહરણો :- અહઃકરઃ= અહ કરોતિ અહન્+અસ્+કૃ+ ઐકાર્થી થી અસ્ લોપ, અંતવર્તિ વિભક્તિ અપેક્ષાએ પર થતાં હેતુપરિ થી અહર્+કૃ+ટ અતઃ કૃ કમિ ૨/૪/૫ થી ર્ ને સ્ થતાં અહસ્કરઃ થયું સૂર્ય, દિવાકરઃ=સૂર્ય, વિભાકરઃ=સૂર્ય, નિશાકરઃ=ચંદ્ર પ્રભાકરઃ=સૂર્ય, ભાસ્કરઃ=સૂર્ય, ચિત્રકરઃ=ચિત્રકાર, કર્તૃકરઃ = ઈશ્વર, આદિકરઃ=બ્રહ્મા, લિપિકરઃ=લહીયો વગેરે

卐 વિશેષ :- 0 ટ કાર કૃ માટે છે તેનાથી વિભાકરી વગેરે સિદ્ધ થાયછે. અન્યથા આત્થી આજ થયોહોત

[૧૧૧૭]

(૩૨) ક્ષેમપ્રિયમદ્રભદ્રાત્ ખાડણ્ ૫/૧/૧૦૫

★ સૂત્રપૃથ૦ :- ક્ષેમ-પ્રિય-મદ્ર-ભદ્રાત્ ખ-ણ્

★ વૃત્તિ :- એભ્યશ્ચતુર્ભ્યઃ પરાત્કૃગઃ ખાડણૌ સ્યાતામ્ । ક્ષેમઙ્કરઃ । ક્ષેમકારઃ

卐 વૃત્યર્થ :- ક્ષેમ,પ્રિય,મદ્ર,ભદ્ર શબ્દથી પર કૃ ધાતુને ખ અને ણ્ પ્રત્યય થાયછે ક્ષેમઙ્કરઃ પક્ષે ક્ષેમકારઃ કુશળ કરનાર ઇ0 ક્ષેમ+કૃ+ખ=(ખ ઇત્ છે તેથી મ આગમ ક્ષિત્સ્વનઃ સૂ૦ ૪/૪/૧૧૧) ક્ષેમ+મ+કૃ+ખ=(યુથ્વ) ક્ષેમ+મ+કર્+અ=ક્ષેમઙ્કરઃ પક્ષે ક્ષેમ+કૃ+ણ્=(વૃદ્ધિ) ક્ષેમ+કાર+અ=ક્ષેમકારઃ; એજરીતે-પ્રિયઙ્કરઃ, મદ્રઙ્કરઃ થાય

★ અનુવૃત્તે :- ૫/૧/૧૦૦ થી કૃગઃ

卐 વિશેષ :- 0 એભ્યઃ (આ ચારથી) કેમ ? 0- તીર્થકરઃ (હેતુતચ્છીલાઽનુકુલે૦ થી ટ તીર્થ+કૃ+ટ 0 ખ અને ણ્ વિકલ્પે કર્યા તે ટ ના બાધક માટેછે.

[૧૧૧૮]

(૩૩) મેઘર્તિભયાઽભયાત્ ખઃ ૫/૧/૧૦૬

★ સૂત્રપૃથ૦ :- મેઘ ઋતિ ભય અભયાત્ ખ.

★ વૃત્તિ :- એભ્યશ્ચતુર્ભ્યઃ પરાત્ કૃગઃ ખઃ સ્યાત્ । મેઘઙ્કરઃ ઋતિઙ્કરઃ । ભયઙ્કરઃ । અભયઙ્કરઃ ।

■ પ્રિયવશાદ્વદઃ ખઃ । પ્રિયંવદઃ । વશંવદઃ । દ્વિપતપરંતપૌ નિપાત્યૌ પરિમાણાર્થેભ્યોનખાત્ પચઃ ખઃ । પ્રસ્થંપચઃ । મિતંપચઃ । નખંપચઃ । કુલાભ્રકરીષાત્ કષઃ ખઃ । કૂલંકષા । કરીષંકષા ।

卐 વૃત્યર્થ :- મેઘ,ઋતિ,ભય અને અભય શબ્દથી પર કૃ ધાતુને ખ (અ) પ્રત્યય થાયછે મેઘઙ્કરઃ=મેઘમ્ કરોતિ-મેઘ+કૃ+ખ મેઘ+મ્+કર્+અ= (ત્રૌ મુમો વ્યઞ્જને૦ થી ઙ્) મેઘ+ઙ્+કર =મેઘઙ્કરઃ=મેઘ કરનાર એજરીતે ઋતિઙ્કરઃ = ઋતુપીડા કરનાર

卐 વિશેષ :- 0 હેત્વાદિ વિવક્ષાથી ટ પ્રત્યય નો પક્ષ બાધ થયછે

■ શેષવૃત્તિ :- (૯) પ્રિયવશાદ્વદઃ ૫/૧/૧૦૭ પ્રિય અને વશ શબ્દથી પર વદ્ ધાતુને ખ પ્રત્યય થાય

0 પ્રિયંવદઃ પ્રિય બોલનાર

0 વશંવદઃ - વશંવદ કે= આધીન [૫૪૮]

(૧૦) દ્વિપન્તપ-પરન્તપૌ ૫/૧/૧૦૮ દ્વિપંતપ અને પરંતપ બન્ને ખ પ્રત્યયવાળા નિપાતન કરાયાછે તપ્ = તપાવવું અર્થસૂચક ધાતુ છે. [૫૪૯]

(૧૧) પરિમાણાર્થેભ્યો-મિત નખાત્ પચઃ ૫/૧/૧૦૯ પરિમાણ-માપ અર્થક પ્રસ્થ વગેરે શબ્દો, મિત અને નખ થી પર પચ્ ધાતુને ખ (અ) પ્રત્યય થાયછે

0 પ્રસ્થંપચઃ=પ્રસ્થ માપ જેટલું રાંધનાર

0 મિતંપચઃ = પરિમિત રાંધનાર 0 નખનિકૃત્તપ્રમાણમપિ તેવું અતિ ઉષ્ણ રાંધનાર [૫૫૦]

(૧૨) કુલાભ્ર કરીષાત્ કષઃ ૫/૧/૧૧૦ કુલ,અભ્ર અને કરીષ શબ્દોથી પર કષ્ ધાતુને ખ પ્રત્યય થાયછે.

0 કૂલઙ્કષા - કોતરને તોડનાર (નદી) 0 અભ્રઙ્કષઃ -આભને અડે તેવું ઊંચું (મકાન) 0 કરીષઙ્કષા - છાણાને ઘસનારી (દાસી) [૫૫૧]

[૧૧૧૯]

(૩૪) સર્વાત્સહશ્ચ ૫/૧/૧૧૧

★ સૂત્રપૃથ૦ :- સર્વાત્ સહઃ ચ

★ વૃત્તિ :- સર્વપૂર્વાત્સહેઃ કષેશ્ચ ખઃ સ્યાત્ । સર્વંસહઃ સર્વંકષઃ ।

卐 વૃત્યર્થ :- સર્વ શબ્દ-કર્મથી પર સહ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


कष् धातुने ख प्रत्यय थाय सर्वन् सहते-सर्वंसहः= બધું સહન કરનારો એમ રીતે सर्वंकषः=બધાને દબાવનાર દુષ્ટ

★ અનુવૃત્તિ :- मेघर्तिभया० ૫/૧/૧૦૬ થી ख:

卐 વિશેષ :- 0 २५४

[૧૧૨૦]

## (૩૫) मन्याण्णिन् ૫/૧/૧૧૬

★ સૂત્રપૃથ૦ :- मन्यात् णिन्

★ વૃત્તિ :- कर्मण: परात् मन्यतेर्णिन् स्यात् । पण्डितमानी बन्धो: ।

卐 વૃત્યર્થ :- કર્મથી પર मन् ધાતુને णिन् (इन्) પ્રત્યય થાયછે (मन्य-गणु ચોથો) पण्डितमानी બન્ધો ભાઇને પંડિત માનનાર पण्डितं मन्यते इति-पण्डित+मन्+णिन्=पण्डित्+मान्+इन=પ્ર.એ.વ. पण्डितमानी (ङिति थी उपान्त्यनो आ, सि प्रत्यय लो૫ नाम्नोनो० थી अन्त्य न् लो૫)

卐 વિશેષ :- 0 બન્ધો. અહીં कर्मणि कृत: २/२/८३ થી ૫ષ્ઠી વ૪.

0 * इय निर्देश उत्तरार्थम् मन्यते मां च (इय) નિર્દેશ આગળના સૂત્ર માટેછે તેથી तुदादि બધુના मन् ધાતુનું ગ્રહણ થશે નહીં [૧૧૨૧]

## (૩૬) कर्तु: खश् ૫/૧/૧૧૭

★ વૃત્તિ :- प्रत्ययार्थात् कर्तु: कर्मण: परान्मन्यते: खश् स्यात् । आत्मानं पण्डितं मन्यते इति पण्डितंमन्य:

卐 વૃત્યર્થ :-પ્રત્યયના નિમિત્તવાળા એવા कर्तृ-भूत કર્મથી પર રહેલાં मन् ધાતુથી खश् (अ) પ્રત્યય થાયછે. पण्डितंमन्य: आत्मानं पण्डितं मन्यते पण्डित + मन्य+खश्=पण्डित+म+मन्य+म=(तौमुमो व्यञ्जने) पण्डितं + मन्य: = पण्डितंमन्य:

★ અનુવૃત્તિ :- मन्याण्णिन् ૫/૧/૧૧૬ થી मन्यात्

卐 વિશેષ :- 0 कर्तु: કેમ કહ્યું ?

पद्ममानी चैत्रस्य (णिन्) ચૈત્રને ચતુર માનનારો – અહીં કર્તા પોતે પોતાને ચતુર માનનાર નથી માટે આસૂત્ર નલાગે 0 असत्त्व હોવાથી खश्ने બદલે णिन् પણ લાગેછે-पण्डितमानी 0 ख थी म आगम थाय. श-शित् કાર્યમાટે છે. તેથીજ गणપાઠને અનુકૂળ (વિકરણ) પ્રત્યયો થાય જેમકે :- मन् ને इय લાગી मन्य થયું

[૧૧૨૨]

(૩૭) एजे: ૫/૧/૧૧૮

★ વૃત્તિ :- कर्मण: परादेजे: खश् स्यात् । जनमेजय:

卐 વૃત્યર્થ :- કર્મથી પર एज् ધાતુને खश् પ્રત્યય થાયછે (एजि-णिजन्त छे) जनमेजय:=जनम् एजयति લોકોને ધ્રુજાવનાર एजि शुभ् एजे-एजयू)

★ અનુવૃત્તિ :- कर्तु: खश् ૫/૧/૧૧૭ થી खश्

卐 વિશેષ :- 0 एज् कम्पने (एज्) છે અહીં णि અન્તવાળું एजि ३५ કરેલ છે

[૧૧૨૩]

## (૩૮) शुनीस्तनमुञ्जकूलास्यपुष्पाद्ध्वे: ૫/૧/૧૧૯

★ સૂત્રપૃથ૦ :-शुनी-स्तन-मुञ्ज-कूल-आस्थ-पुष्पात् ध्वे:

★ વૃત્તિ :- एभ्य: परात् ध्वे: खश् स्यात् । शुनीन्धय: ।

卐 વૃત્યર્થ :- शुनी વગેરેથી ૫૨ ध्वे ધાતુને खश् (अ) પ્રત્યય થાયછે.

0 शुनीन्धय: – शुनीं धयती-शुनी+धे+शव्+खश्=शुनि+म+धे+म (मु आगम. नि ह्रस्व=(तौ मुमौ व्यञ्जने० थी न्) शुनि+न्+धे+म= * शुनिन्धय: કુતરીને ધાવનાર

★ અનુવૃત્તિ :- कर्तु: खश् ૫૧૧૭ થી खश्

卐 વિશેષ :- 0 ध्वे માં ध् કાર ડી કરવા માટે છે – જેમકે शुनिंधयी

0 અન્ય ઉદાહરણ :- स्तनंधय: સ્તનને ધાવનાર – ભાળક मुञ्जन्धय: મુંજને ખાનારું – હરણ

[૧૧૨૪]

## (૩૯) नाडी घटी खरीमुष्टिनासिकावाताद् ध्मश्च ૫/૧/૧૨૦

★ સૂત્રપૃથ૦ :- नाडी-घटी-खरी-मुष्टि – नासिका – वाताद् ध्म: च

★ વૃત્તિ :- एभ्य: षड्भ्यो ध्म: ध्वेश्च खश् स्यात् । नाडींधमः । नाडींधय:

■ पाणिकरात् ध्म: खश् । पाणिधम: बहाऽभ्रलिह: । बहंलिह:, अभ्रंलिह: बहुविध्वंसतिलात्तुद: । बहुतुद: । ललाबातशर्धात्तया जहाक: । ललाटंतप असूर्योग्राद् दह: । असूर्यंपश्या राजदारा: कूलादुद्रुजोद्वह: । कूलमुद्रुजोगज: । कूलमुद्वहा नदी । हरंमद: निपातोऽयम्

卐 વૃત્યર્થ :- નાડી વગેરે ૭ કર્મથી ૫૨ ધ્મા કે ધ્વે ધાતુને खश् (अ) પ્રત્યય થાયછે

* इय निर्देश-बृहद्वृत्ति भा. २ न्या. स २३३

* शुनिन्धय: લઘુવૃત્તિ, મધ્યમવૃત્તિ, બૃ.વૃ. બધામાં હ્રસ્વ ઇ છે. પ્રક્રિયામાં દીર્ઘ કેમ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


0 ધ્મા – नाडिन्धमः 0 ट्वे नाडिन्धयः
નાડીને ધમનાર/નાડીને પીનારો (અહીં ધ્મા નો ધમ્ આદેશ શ્રોત્ર કૃ વૃદ્ધિ ४/२/१०८ થી થયો, ख થી म् આગમ થયો)

★ અનુવૃત્તિ :- अतुः खश् ५/१/११७ થી खश्

卐 વિશેષ :- 0 નાડી-ઘટી શબ્દો ङी અન્ત વાળા નિર્દેશેલ છે नाडी શબ્દ ઉપપદમાં खश् પ્રત્યય, इतोऽकारवर्यात् २/४/३२ થી ङी વિકલ્પે, ङी અભાવે खश् પણ ન થાય જેમકે घट ધ્મः (અહીં आतो डो... ५/१/७६ થી ड થયો)
0 ધ્મા અને ધે બન્નેમાં खश् ના शित् પણાને લીધે शव् લાગતાં પૂર્વના अ નો લોપાદે २/१/११७ થી લોપ થશે
0 અન્ય ઉદાહરણ :-
घटिंधमः પક્ષે घटिंधयः खरिंधमः પક્ષે खरिंधयः

શબ્દવૃત્તિ :- (१३) पाणि क्रात् ५/१/१११ पाणि અને कर ક્રમ થી પર ધ્મા ને खश् પ્રત્યય થાય. पाणिं धमति – पाणिन्धमः હાથને ધમનારો [५५२]
(१४) वहाभ्राल्लिहः ५/१/१२३ वह અને अभ्र થી પર लिह् ધાતુને खश् પ્રત્યય થાય वहंलिहः વાયુ ચાટનાર, अभ्रंलिहः આકાશ ચાટનાર [५५३]
(१५) बहु विध्वरुस् तिलात् तुदः ५/१/१२४ बहु – विधु-अरुस्-तिल ક્રમ પછી तुद् ધાતુને खश् પ્રત્યય થાય बहुं तुदति-बहुतुदः ઘણાને પીડા કરનાર [५५४]
(१६) ललाट बातशर्धात् तपाऽज हाकः ५/१/१२५ ललाट પછી तप् ધાતુ बात પછી अज् ધાતુ शर्ध् પછી हाक् ધાતુને खश् પ્રત્યય થાયછે ललाटं तपति – ललाट तपः = सूर्य [५५५]
(१७) असूर्योग्राद् दृशः ५/१/१२६ असूर्य કે उग्र પછી આવેલા दृश् ધાતુને खश् પ્રત્યય થાય सूर्यमपि न पश्यति असूर्यम्पश्या राजदाराः સૂર્યને પણ ન જોનારી રાજજરાણી [५५६]
(१८) कुलादुदुजोद्वहः ५/१/१२२ कुल થી પર उद्+वह અને उद्+रुज् ધાતુને खश् પ્રત્યય થાયછે. 0 कुलमुद्वहो गजः કાઠાને તોડનાર હાથી [५५७]
(१९) इरंमदः ५/१/१२७ इरा+मद् ને खश् પ્રત્યયાન્ત નિપાતન કરાયછે इरम्मदः – દારૂડીયો [५५८]

[११२५]

(४०) नग्नपलितप्रियान्धस्थूलसुभगाढ्य तदन्ताच्चच्व्यर्थेऽच्वेर्भुव खिष्णु खुकञौ ५/१/१२८

★ સૂત્રપૃથ૦ :- नग्न-पलित-प्रिय-अन्ध-स्थूल-सूभग --आढ्य-तदन्तात् च्वि अर्थे अ-च्वेः भुवः खिष्णु खुकञौ
★ વૃત્તિ :- नग्नादिभ्यः सप्तभ्यस्तदन्तेभ्यश्चाच्वन्तेभ्यश्च्यर्थे वृत्तिभ्यः पराद् भुवः खिष्णुखुकञौ स्याताम् । अनग्नो नग्नो भवतीति नग्नंभविष्णुः, नग्नंभावुकः । तदन्ते सुनग्नंभविष्णुः, सुनग्नंभावुकः इत्यादि
卐 વૃત્યર્થ :- नग्न-पलित-प्रिय-अन्ध-स्थूल, सूभग आढ्य એ શબ્દોને અન્તે च्वि અર્થને સૂચવનાર પછી च्वि પ્રત्यय સિધ્ધનો પ્રત્યય લેવાનો તેન થી પર भू ધાતુને खिष्णु (इष्णु) અને खुकञ् (उक) પ્રત્યયો થાયછે
0 नग्नं भविष्णुः = अनग्नः नग्नः भवति नग्न+भू+खिष्णु= नग्न+भू+भव्+इष्णु (भू નો આગમ થયોછે. भू નો गुण भो થઈ पूर्वे स्वरे भव् થયું) પહેલાં નગ્ન નહતો પછી નગ્ન – લુચ્ચો થયો
0 नग्नं भावुकः (खिष्णु ને બદલે खुकञ् પ્રત્યય नग्न+भू+खुकञ्=(भू આગમ व् કાર થી भू ની વૃદ્ધિ થશે) नग्न+भू+भाव्+उक એમ રીતે-सुनग्नंभविष्णुः પક્ષેसुनग्नंभावुकः

卐 વિશેષ :- 0 अच्वेः ક્રેમ કર્યું ?
आढ्यी भविता(तृच् પ્રત્યય થયો) "आढ्यी ओ च्वि प्रत्ययान्त छे-कृम्बस्तिस्त्यां च्वेः ७/२/१२६ થી च्वि, इश्चवावर्णे स्या० ४/७/१११ થી य નો इ થયો
0 च्वि અર્થ ક્રેમ કર્યો ?
नग्नो भविता – नग्न થયો च्वि અર્થ નથી
0 च्वि અર्थ એટલે પૂર્વે નહોય અને પછી થાય તે ભાવ

[११२५]

(४१) कृगः खनट् करणे ५/१/१२९

★ વૃત્તિ :- नग्नादिसप्तकादच्वयन्ताच्च्यर्थवृत्तेः पराद् कृगः करणे खनट् स्यात् । अनग्नो नग्नः क्रियतेऽनेनेति नग्नंकरणं वृत्तम् । सुनग्नं करणम् ।
卐 વૃત્યર્થ :- च्वि અર્થના સૂચક પણ च्वि પ્રત્યયાન્ત ન હોય તેવા –नग्न-पलित-प्रिय-अन्ध-स्थूल -सुभग-आढ्य શબ્દો પછી कृ ધાતુને કરણ અર્થમાં खनट् (अन) પ્રત્યય થાય
0 नग्नं करणं वृत्तम्-अनग्नः नग्नः क्रियते अनेन=नग्न +कृ+खनट्=नग्न+अ+कर्+अन (ख હોવાથી ३/२/१११

* શબ્દવૃત્તિ :- હૈમપ્રકાશ ઉત્તરાર્ધ ૮૪૯

* આદ્યી સિદ્ધહેમ બૃ.વૃ. પંચમોऽધ્યાય – ન્યા. સ. પૃ. ७६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



લાગી મ્ આગમ કૃ નો ગુણ)=(રપૃવર્ણાન્નો૦ થી ણ્) નગ્ન કરણમ્-પહેલા જે નાગો ન હતો તે નાગો-બેહાલ કરાયછે તેવો જુગાર એ-જ-રી-તે પ્રિયંકરણમ્ શીલમ્

★ અનુવૃત્તિ :- નગ્નપલિત પ્રિયાન્ધ૦ ૫/૧/૧૨૮

卐 વિશેષ :- ૦ ક્વિ અર્થ કેમ કહ્યો ?
નગ્નં કરોતિ દ્યુતેન-જુગાર વડે બેહાલ કરેછે ક્વિ નથી
૦ અચ્વેઃ કેમ કહ્યું ?
નગ્ની કુર્વન્ત્યનેન-જેના વડે નગ્ન કરાયછે-ક્વિ અન્તવાળુંછે
૦ કર્તરિ ૫/૧/૩ ના અપવાદ રૂપે આ કરણનું સૂત્ર બનાવેલ

## [૧૧૨૭]

(૪૨) નામ્નો ગમઃ ખડ્ડૌ ચ વિહાયસસ્તુ વિહઃ ૫/૧/૧૩૧

★ સૂત્રપૃથ૦ :- નામ્નઃ ગમઃ ખડ્ડૌ ચ વિહાયસઃ તુ વિહઃ

★ વૃત્તિ :- નામ્નઃ પરાદ્ ગમેઃ ખડ્ડુખાઃ સ્યુઃ વિહાયસો વિહશ્ચ । તુરઙ્ગ , વિહઙ્ગઃ । તુરગઃ, વિહગઃ । તુરઙ્ગમઃ વિહઙ્ગમઃ

卐 વૃત્યર્થ :- નામ પછી આવેલા ગમ્ ધાતુને ખડ્ (અ), ડ (અ) અને ખ (અ) પ્રત્યયો થાયછે તથા ગમ્ પૂર્વે વિહાયસ્ નામનો વિહ આદેશ થાયછે
૦ તુરઙ્ગઃ પક્ષે તુરઙ્ગમઃ પક્ષે તુરગ =ઘોડો-(ત્વરાર્થ જનારો) તુરઃ ગચ્છતિ ઇતિ-(ખડ્) તુર+ગમ્+ખડ્-ખ ઇત્ છે માટે મ્ આગમ અને ડ્-ઇત્ છે માટે અન્ત્ય સ્વરાદિ લોપ-તુર્+મ્+ગ+અ=તુરઙ્ગઃ પક્ષે (ખ) તુર+ગમ્+ખ પક્ષે (ડ) તુર્+ગમ્+ડ=તુરગઃ એ-જ-રી-તે વિહઙ્ગઃ પક્ષે વિહઙ્ગમઃ પક્ષે વિહગઃ (અહીં વિહાયસ્ નો વિહ આદેશ થયોછે

卐 વિશેષ :- ૦ સ્પષ્ટ
૦ અન્ય ઉદાહરણો બૃહદ્વૃત્તિમાં આપેલા છે જેના ઉપર મુજબના ત્રણ ત્રણ પ્રકારો છે.
જેમકે :- ભુજંગઃ પક્ષે ભુજગઃ પક્ષે ભુજંગમઃ

## [૧૧૨૮]

(૪૩) શોકાપનુદતુન્દ પરિમૃજસ્તમ્બેરમકર્ણે જપં પ્રિયા-લસહસ્તિસૂચકે ૫/૧/૧૪૩

★ સુત્રપૃથ૦ :- શોકાપનુદ-તુન્દપરિમૃજસ્તમ્બેરમ-કર્ણેજપં ...પ્રિય-મલસ-હસ્તિ-સૂચકે

★ વૃત્તિ :- એતે ચત્વાર એષુ ચતુર્ષ્વર્થેષુ નિપાત્યાઃ ।

卐 વૃત્યર્થ :- શોકાપનુદ - પ્રિય અર્થમાં, તુન્દપરિમૃજ્-આળસુ અર્થમાં. સ્તમ્બેરમ-હાથી અર્થમાં. કર્ણેજપ-ચાડીયા અર્થમાં ક (અ) પ્રત્યયાન્ત નિપાતન કરાયછે. જેમકે શોકાપનુદઃ શોક નિવારનાર પ્રિયજન, તુન્દપરિમૃજઃ પેટ પર હાથ ફેરવનાર - આળસુ

卐 વિશેષ :- ૦ આજ અર્થમા કેમ કહ્યું ?
શોકાપનોદઃ ધર્માચાર્ય. શોક નિવારનાર ધર્માચાર્ય-અહીં પ્રિયજન અર્થ નથી માટે ક પ્રત્યયાન્ત ન થતાં અણ્ પ્રત્યય થયો-શોક+અપ+નુદ્+અણ્=(ઉપાન્ત્યનો ગુણ થઇ) શોકાપ+નોદ્+અ=શોકાપનોદઃ થયું

## [૧૧૨૯]

(૪૪) દુહેર્ડુઘઃ ૫/૧/૧૪૫

★ સૂત્રપૃથ૦ :- દુહેઃ ડુઘઃ

★ વૃત્તિ :- નામ્નઃ પરાદ્ દુહેર્ડુઘઃ સ્યાત્ । કામદુઘા

卐 વૃત્યર્થ :- નામથી પર દુહ્ ધાતુને ડુઘ (ઉઘ) પ્રત્યય થાય કામદુઘા=કામં દુગ્ધે=કામ+દુહ્+ડુઘ=(ડિત્યન્ત્ય૦ ઉહ્ લોપ થતાં) કામ+દ્+ઉઘ=(આત્ પ્રત્યય લાગીને) કામદુઘા ઇચ્છિતને પૂરનારી ગાય-કામધેનુ

卐 વિશેષ - ૦ ડુઘ નો ડ-ઇત્ છે જેના વડે ડિત્યન્ત્ય સ્વરાદેઃ લાગી શકે
૦ * અસરૂપ થી જો ક્વિપ્ પ્રત્યય લાગેતો કામધુક્ થઇ શકે કામાન્ દોગ્ધિ ઇતિ ક્વિપ્-(૧) મ્વાદેર્દા૦ ૨/૧/૮૬ થી દુહ્ ના હ્ નો ઘ્ (૨) ગડદવાદેઃ ૨/૧/૮૭ થી દ્ નો ધ્ (૩) ઝટસ્તૃતીયઃ ૨/૧/૭૬ થી ધ્ નો ગ્ (૪) વિરામે વા ૧/૩/૫૧ થી ગ્ નો ક્ થયો

## [૧૧૩૦]

(૪૫) ભજો વિણ્ ૫/૧/૧૪૬

★ સૂત્રપૃથ૦ :- ભજઃ વિણ્

★ વૃત્તિ :- નામ્ન પરાદ્ભજો વિણ્ સ્યાત્ । અર્દ્ધં ભજતીતિ અર્દ્ધભાક્ ।

卐 વૃત્યર્થ :- નામ પછી આવેલા ભજ્ ધાતુને વિણ્ પ્રત્યય થાયછે (વિણ્ પ્રત્યય ઇત્ છે) અર્દ્ધંભાક્-અડધું લેનારો અર્દ્ધં ભજતિ ઇતિ=અર્દ્ધં+ભજ્+વિણ્=અર્દ્ધં + ભાજ્ (વિણ્-ઇત્ છે. ણ્ કાર થી વૃદ્ધિ)=ચજઃ ક-ગમ્ ૨/૧/૮૬ થી જ્ નો ગ્, વિરામે વા થી ક્, દીર્ઘ-ડ્યાબ્ વ્યઞ્જનાત્ થી સિ પ્રત્યય લોપ) અર્દ્ધંભાક્ થયું

卐 વિશેષ :- ૦ વિણ્ અને ક્વપ્ બન્ને સરખા છે માટે વિકલ્પે ક્વિપ્ ન થાય
૦ વિણ્ માં ણ કાર ઉચ્ચારણ માટે અને ણ્ કાર વૃદ્ધિને માટે છે.

## [૧૧૩૧]

*અસરૂપ...સિદ્ધહેમ બૃ.વૃ. પંચમોઽધ્યાય, ન્યા.સ. પૃ. ૬૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



(૪૬) मन्वन् क्वनिप् विच् ५/१/१४७

★ સૂત્રપૃથ૦ :- मन्-वन्-क्वनिप् विच् (क्वचित् )

★ વૃત્તિ :- क्वचिन्नाम्नः पराद्धातोरेते यथालक्ष्यं स्युः । सुदामा ।

卐 વૃત્યર્થ :- (क्वचित्-સિધ્ધહેમ શબ્દ નુશાસન વૃત્તિમાં આ શબ્દ સૂત્ર સાથે જોડેલછે. ) નામથી પર ધાતુઓને ક્યારેક मन्, वन्, क्वनिप् અને विच् પ્રત્યયો યથાયોગ થાયછે सुदामा-सुष्ठु ददाति=सु+दा+मन्=सुदामन् +सि=(दीर्घङ्याब् १/४/४५ થી सि લોપ. नाम्नोनो २/१/९१ થી न् લોપ निदीर्घः १/४/८५ થી સ્વર દીર્ઘ) = सुदामा થયું

卐 વિશેષ :- 0 क्वनिप् પ્રત્યયમાં क કાર कित् કાર્યમાટે. प् કાર पित् કાર્યમાટે इ કાર ઉચ્ચારણ માટે 0 विच् પ્રત્યય આખો इत् છે.

[૧૧૩૨]

(૪૭) वन्याङ् पञ्चमस्य ४/२/६५

★ સૂત્રપૃથ૦ :- वनि आङ् पञ्चमस्य

★ વૃત્તિ:-वनि पञ्चमस्य आङ् स्यात् । विजायते इति विजावा

■ क्वनिप् सुधीवा । विच् शुभंयाः ।

卐 વૃત્યર્થ :- वन् પ્રત્યય લાગે ત્યારે ધાતુને અન્તે રહેલા પાંચમાં અક્ષરનો आ થાયછે. विजावा-વિશેષે પેદા થનારો-विशेषेण जायते-वि+जन्+वन= (આ સૂત્રથી आ થતાં:-) वि+जा+वन्=(સૂત્ર: ૪૬ મુજબ सि લોપ, न् લોપ પુર્વે દીર્ઘ) विजावा

卐 વિશેષ :- 0 आङ् એમ ङ કાર મુક્તા ङित् કાર્યો થશે જેમકે ગુણ નિષેધ થાય

0 પૂર્વ સૂત્રથી आ થતો હતો છતાં आ નું જે પુનર્ગ્રહણ કર્યું તે વિકલ્પે आ ની નિવૃત્તિ માટે છે.

■ શેષવૃત્તિ :- 0 क्वनिप्-सुष्ठु दधाति इति-सु+धा +वन् (क्वनिप् )-क्-प्-इत् છે इर्व्यञ्जने० ४/३/९७ થી ईः सुधीवा-સારી રીતે ધારણ કરનાર

0 विच् - शुभंयाः = शुभंयाति = शुभं + या + विच् ("विच्" - इत् છે)

[૧૧૩૩]

(૪૮) क्विप् ५/१/१४८

★ વૃત્તિ :- नाम्नः पराद्धातोर्यथालक्ष्यं क्विप् स्यात् । स्रंसध्वंसेत्यादिना दत्वे, उखास्रत् । प्रशाम्यतीति मो नो म्वोश्चेति नत्वे, प्रशान् ।

卐 વૃત્યર્થ :- નામ પછી આવેલ ધાતુને યથાયોગ (ધાતુના પ્રયોગાનુસાર) क्विप् થાયછે. उखास्रत् થાળી વડે ઝરનારૂં-स्रंस ध्वंस क्वस...दः २/१/६८થી द् (विरामेवा થી द् નો त्)-उखया स्रंसते इति क्विप् उखास्रस्+सि=(दीर्घङ्याब्० થી सि લોપ, नो व्यञ्जनस्या० ४/२/२५ થી અનુસ્વાર લોપ) स्रस्

0 प्रशान्-प्रशाम्यति इति क्विप् मोनोम्वोश्च २/१/६७ થી म् નો न्

卐 વિશેષ :- 0 क्विप् પ્રત્યય આખો-इत् છે. જેમાં क કાર कित् કાર્યમાટે. प કાર पित् કાર્યમાટેછે.

0 અન્ય ઉદાહરણો જેવાકે खलपूः, यवलूः, अक्षद्यूः વગેરે બૃહદ્વૃત્તિ કે મધ્યમવૃત્તિમાંથી જોઇ શકાશે

[૧૧૩૪]

(૪૯) दिद्युद्दृज्जगज्जुहूवाक्प्राट्धीश्रीशतद्रूसूज्वायतस्तूकटप्रूपरिव्राड्भ्राजादयः क्विपः ५/२/८३

★ સૂત્રપૃથ૦ :- दिद्युत्-दृत्-जगत्-जुहू-वाक्-प्राट्-धी-श्री-शत-द्रू-सू-जू आयतस्तू-कटप्रू-परिव्राट् - भ्राजादयः क्विप्

★ વૃત્તિ :- एते क्विबन्ता निपात्याः । तत्त्वप्राट्,तत्त्वप्राशौ

卐 વૃત્યર્થ :- दिद्युत् થી भ्राज् વગેરે શબ્દો क्विप् પ્રત્યયાન્ત નિપાતન કરાયાછે-प्राट्-तत्वप्राट्,तत्वप्राशौ (श् નો यजसृज० થી श् નો ष्, धुटस्तृतीयः થી ड्, विरामेवा થી ट् )

0 બધા શબ્દો નિપાતન છે માટે વિશેષ ચર્ચા કરેલ નથી

0 दिद्युत्-દીપનારે. दृत्-ફાડનારો. जगत् - ગતિવાળું जूहूः - હોમનાર વગેરે

卐 વિશેષ :- 0 બહુલ અધિકારથી धीः सुधीः प्रधीः, आधीः...વગેરે થાય

0 *भ्राजादि ગણ :- भ्राज् -विभ्राट्, भाः पूः धूः ऊर्क्, पक्, शक्, मित्, वित् વગેરે

[૧૧૩૫]

(૫૦) त्यदाद्यन्य समानादुपमानात्व्याप्ये दृश ष्टक् सकौ च ५/१/१५२

★ સૂત્રપૃથ૦ :- त्यदादि-अन्य-समानात्-उपमानात् - व्याप्ये-दृशः टक् सकौ च

★ વૃત્તિ :- एभ्य उपमानेभ्यो व्याप्येभ्यः पराद्दृशेर्व्याप्य एव टक् सकौ क्विप् च स्युः ।

* भ्राजादि-વ્યુત્પત્તિ માટે બૃહદ્ કે મધ્યમવૃત્તિ જોવી-જેમકે शक्नोति इति शक्

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



卐 વૃત્યર્થ :- ઉપમાનવાચી કર્મ૩૫ ત્યદાદિ શબ્દો, અન્ય અને સમાન શબ્દથી પર દૃશ્ ધાતુને કર્મણી અર્થમાંજ ટક્, સક્ અને ક્વિપ્ પ્રત્યયો થાયછે (ઉદા, સૂત્રઃ ૫૧ માં જુઓ)

★ અનુવૃત્તિ :- ક્વિપ્ ૫/૧/૧૪૮

卐 વિશેષ :- 0 કર્મ કેમ કહ્યું ?

તેન ઇવ દૃશ્યતે-તે વડે જેવો દેખાયછે અહીં તદ્ શબ્દ કર્મ૩૫ નથી પણ તૃતીયાન્ત છે માટે આ સૂત્ર ન લાગે

0 એત્યઃ કેમ કહ્યું ?

વૃક્ષ ઇવ દૃશ્યતે-વૃક્ષ શબ્દ સૂત્રમાં નથી માટે ટક્,સક્ ન થાય

0 ઉપમાનાત્ કેમ કહ્યું ?

સ દૃશ્યતે - તે દેખાયછે ઉપમા વાચી નથી

0 સૂત્રમાં જે વચનભેદ મૂક્યો તે યથાસ ખ્યમને અટકાવવા

0 ત્યદાદિઃ (સૂત્રઃ ૧/૪/૭) ત્યદ્, તદ્, યદ્, અદસ્, ઇદમ્, એતદ્, એક, દ્વિ, યુષ્મદ્, અસ્મદ્, ભવતુ, કિમ્

[૧૨૩૬]

## (૫૧) અન્યત્યદાદેરાઃ ૩/૨/૧૫૨

★ સૂત્રપૃથ૦ :- અન્ય ત્યદાદેઃ આઃ

★ વૃત્તિ :-અન્યસ્ય ત્યદાદેશ્ચ દૃગાદાવુત્તરપદે આ સ્યાત્ સ્ય ઇવ દૃશ્યતે ઇતિ ત્યાદૃશઃ ત્યાદૃશી । ત્યાદૃક્ષઃ ત્યાદૃક્ષી । ત્યાદૃક્ । એવમન્યાદૃશઃ । ઈદૃક્ ।

卐 વૃત્યર્થ :- દૃક્,દૃશ્,દૃક્ષ ઉત્તર૫દમાં હોયતો અન્ય અને ત્યદાદિ શબ્દોના અન્ત વર્ણનો આ થાયછે ત્યાદૃશઃ - સ્યઃ ઇવ દૃશ્યતે તેના જેવા દેખાયછે- ત્યદ્+દૃશ=(આ સૂત્રથી) ત્યા+દૃશ્+ટક્ (પૂર્વ સૂત્રથી ટક્-અ લાગ્યો.) = ત્યાદૃશઃ

0 ત્યાદૃશી-તેના જેવી ત્યાદૃશ+ફી (ટ્-ઇત્ છે માટે ૨/૪/૨૦ થી ફી) ત્યાદૃશ્+ઈ

0 ત્યાદૃક્ષઃ, ત્યાદૃક્ષી -ત્યદ્+દૃક્ષ્+સક્=ત્યા+દૃક્ષ્+સ=ત્યા+દૃક્+ષ=ત્યાદૃક્ષ (સ્ નો ષ્ થયો, ષઢોઃ કસ્સિથી ષ્ નો ક્ નામ્યન્તરણ થી સ્ નો ષ્)

0 ત્યાદૃક્-ત્યદ્+દૃશ્+ક્વિપ્= આજરીતે અન્યાદૃશઃ બીજા જેવો (ઈદૃક્ - સૂત્ર - ૫૪ નું ઉદાહરણ છે)

★ અનુવૃત્તિ :- દૃક્ દૃશ્ દૃક્ષે

卐 વિશેષ :- 0 ૨૫૮

[૧૨૩૭]

(૫૨) દૃગદૃશદૃક્ષે ૩/૨/૧૫૧

★ વૃત્તિ :- સમાનસ્ય સઃ સ્યાત્ । સદૃક્, સદૃશઃ, સદૃક્ષઃ

卐 વૃત્યર્થ :- દૃગ્-દૃશ્-દૃક્ષ્ ઉત્તર૫દમાં હોય ત્યારે સમાન ને બદલે સ (આદેશ) થાયછે (સૂત્રઃ ૫૦ ત્યદાદ્ય ન્ય૦ થી દૃશ્ ને ક્વિપ્, ટક્, અને સક્ લાગીને અનુક્રમે દૃક્, દૃશ્, દૃક્ષ થયા છે

0 સમાન ઇવ દૃશ્યતે-(સમાન નો સ) (1) સદૃક્ (2)સદૃશઃ (3) સદૃક્ષ સરખા જેવું દેખાયછે

[0 ઈદૃશઃ, કિદૃશઃ માટે જુઓ સૂત્રઃ ૫૩]

★ અનુવૃત્તિ :- (૧) સદૃસ્ય સો૦ ૩/૨/૧૪૩ થી સઃ (૨) સમાનસ્ય૦ ૩/૨/૧૪૯

卐 વિશેષ :- 0 દૃશ્ શબ્દને ક્વિપ્ પ્રત્યય લાગતા દૃશ્ ૨/૧/૬૯ થી શ્ નો ગ્ - વિરામે વા થી ક્ થતાં દૃક્ [૧૨૩૮]

(૫૩) ઇદ કિમીત્ કી ૩/૨/૧૫૩

★ સૂત્રપૃથ૦ :- ઇદમ્ કિમ્- ઈત્-કી

★ વૃત્તિ :- દૃગાદાવુત્તરપદે ઇદંકિમૌ ઈત્કીરુપૌ સ્યાતામ્। ઇદૃક્ । કીદૃક્ ।

卐 વૃત્યર્થ :- દૃક્, દૃશ્, દૃક્ષ ઉત્તર૫દમાં હોયતો ઇદમ્ ને બદલે ઈ અને કિમ્ ને બદલે કી ૩૫ થાયછે

0 ઇદમ્-અયમ્ ઇવ દૃશ્યતે-આના જેવો દેખાયછે (સૂત્ર ૫૦ મુજબ અનુક્રમે ત્યદ્ ૩૫) ઈદૃક્, ઈદૃશઃ, ઈદૃક્ષઃ

0 કિમ્-ક ઇવ દૃશ્યતે-કોના જેવો દેખાય કીદૃક્,કીદૃશઃ,કીદૃક્ષઃ

★ અનુવૃત્તિ :- દૃક્ દૃશ્ દૃક્ષે ૩/૨/૧૫૧

卐 વિશેષ :- 0 ૨૫૮

[૧૨૩૯]

(૫૪) કર્તુર્ણિન્ ૫/૧/૧૫૩

★ સૂત્રપૃથ૦ :- કર્તુઃ ણિન્

★ વૃત્તિ:-કર્ત્રર્થાદુપમાનાત્ પરાદ્ધાતોર્ણિન્ સ્યાત્ ।ઉષ્ટ્રક્રોશે

卐 વૃત્યર્થ :- ઉપમાન સૂચક કર્તા૩૫ પછી આવેલ ધાતુને (ઇન્) ણિન્ પ્રત્યય થાયછે ઉષ્ટ્રક્રોશી- ઊંટની જેમ બરાડો કરનાર ઉષ્ટ્ર ઇવ ક્રોશતિ ઇતિ ઉષ્ટ્ર+ક્રુશ્+ણિન્=ઉષ્ટ્ર+ક્રોશ્+ઇન્=(પ્રથમા એ વ.) ઉષ્ટ્રક્રોશી

★ અનુવૃત્તિ :- ત્યદાદ્યન્ય-સમાનાત્-ઉપમાનાત્ ૫/૧/૧૫૨ થી ઉપમાનાત્

卐 વિશેષ :- 0 કર્તુઃ કેમ કહ્યું ?

શાલીન્ ઇવ કોદ્રવાન્ મુહ્યક્તે ચોખાની જેમ કોદરા ખાયછે

■ ★૫વૃત્તિ :- ત્યાદૃક્ષી પ્રયોગ અનુમતે છે - જુઓ હૈમપ્રક્રિયા ઉત્તરાર્ધ પૃ. ૮૫૫ જિદ્હૈમ મતે તો ત્યાદૃક્ષાજ્યાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અહીં શાલીન્ કર્તા નથી માટે ણિન્ ન થાય

0 उपमानात् કેમ કહ્યું ?

उष्ट्रः क्रोशती–ઉંટ આક્રોશ કરેછે. અહીં ઉપમા નથી

[૧૧૪૦]

(૫૫) अजातेः शीलेः ૫/૧/૧૫૪

★ વૃત્તિ :– अजातिवाचिनो नाम्नः परात् धातोः शीलेऽर्थे वर्तमानाण्णिन् स्यात् । उष्णभोजी । अजातेरिति किम् । शालीन् भोक्ता ।

■ साधोस्तथा । साधुकारी ।

卐 વૃત્યર્થ :– અજાતિવાચી (જાતિવાચક નહોય તેવા) નામ પછી આવેલ ધાતુને શીલ (સ્વભાવ, ટેવ) અર્થમાં णिन् (इन्) પ્રત્યય થાયછે

0 उष्णभोजी – ઊનું ખાવાના સ્વભાવવાળો– उष्णंभुङ्क्ते इति एव शीलः=उष्ण+भुज्+णिन्

0 अजातेः કેમ કહ્યું ?

शालीन् भोक्ता–ચોખાને ખાનાર અહીં શાલી નામ જાતિ વાચી છે માટે णिन् ન થયે (*तृन् થયો)

★ અનુવૃત્તિ :– कर्तृर्णिन् ૫/૧/૧૫૩ થી णिन्

卐 વિશેષ :– 0 शील કેમ કહ્યું ?

उष्ण भोज आतुरः ગરમ ખાવાને આતુર શીલ અર્થ નથી માટે णिन् ન થયો પણ कर्मणोऽण् ૫/૧/૭૨ થી अण् થયો

[૧૧૪૧]

(૫૬) ब्रह्मभ्रूणवृत्रात् क्विप् ૫/૧/૧૬૧

★ સુત્રપૃથ૦ :– ब्रह्म–भ्रूण–वृत्रात् क्विप्

★ વૃત્તિ :– एभ्यस्त्रिभ्यः कर्मभ्यः पराद् भूतार्थाद्धन्तेः क्विप् स्यात् । ब्रह्म हतवान् ब्रह्महा ।

卐 વૃત્યર્થ :– કર્મરૂપ ब्रह्म, भ्रूण અને वृत् શબ્દો પછી हन् ધાતુને ભૂતકાળ અર્થમાં क्विप् પ્રત્યય થાયછે ब्रह्महा–બ્રહ્મની જેણે હત્યા કરીછે તે–ब्रह्म हतवान् इति क्विप्=ब्रह्म+हन्+क्विप्=(दीर्घङ्याब् થી સિ લોપ, इन् हन् ૧/૪/૮૭ નૂ લોપ, नि दीर्घः થી પૂર્વ સ્વર દીર્ઘ થતાં ब्रह्महा થશે

એ–જ–રી–તે

0 भ्रूणहा – ગર્ભની જેણે હત્યા કરીછે તે

0 वृत्रहा – વૃત્રની જેણે હત્યા કરીછે તે

★ અનુવૃત્તિ :–(૧) करणाद् भूते ૫/૧/૧૫૮ થી भूते (૨) हनो णिन् ૫/૧/૧૬૦ થી हन्

* तृन् शीलधर्म साधुषु ૫/૨/૨૭ થી तृन्

卐 વિશેષ – 0 क्विबन्त ૫/૧/૧૪૮ થી આ નિયમ સિધ્ધ હતો છતાં સૂત્ર બનાવવા થી ब्रह्म, भ्रूण् वृत्र થીજ हन् ધાતુને ભુત અર્થમા क्विप् થાયછે...નિયમ ચાર પ્રકારે કહ્યો-(૧) ધાતુ નિયમ (૨) ઉપપદ નિયમ (૩) કાલ નિયમ (૪) પ્રત્યય નિયમ...અહીં हन् માટે નો નિયમ ચાર પ્રકારે સિધ્ધ કરીએ તો (૧) ધાતુ–हन् (૨) ઉપપદ–भ्रूणादि (૩) પ્રત્યય–क्विप् (૪) કાળ–भूत

*1 જેમકે :– (૧) ધાતુ–ब्रह्मादिभ्यः થી પર हन् ને જ ભુતકાળમાં क्विप् થાય અન્યને નહીં

-0- *2 (૧) ધાતુ-हन् સિવાયની હોતતો अण् થાય (૨) ઉપપદ–ब्रह्मादि સિવાય દા.ત. पुरुष घातः ૫/૧/૧૪૮ થી क्विप् (૩) પ્રત્યય સામાન્ય કાળ અર્થમાં ब्रह्मादिभ्यः ૫/૩/૮૧ થી टक् (૪) કાળ – ભવિષ્યતિ – अण्

[૧૧૪૨]

(૫૭) कृगः सुपुण्यपापकर्ममन्त्रपदात् ૫/૧/૧૬૨

★ સૂત્રપૃથ૦ :– कृगः सु–पुण्य–पाप–कर्म–मन्त्र पदात्

★ વૃત્તિ :– सोः पुण्यादेः कर्मणश्च पराद् भूतार्थात् कृगः क्विप् स्यात् ।

卐 વૃત્યર્થ :– सु શબ્દ પછી અને કર્મરૂપ એવા पुण्य, पाप, कर्म, मन्त्र અને पद શબ્દો પછી રહેલા कृ ધાતુને ભુતકાળના અર્થમાં क्विप् થાયછે (ઉદાહરણ – જુઓ સુત્ર: ૫૮)

★ અનુવૃત્તિ :–(૧) करणाद्...भूते ૫/૧/૧૫ થી भूते (૨) ब्रह्म...क्विप् ૫/૧/૧૬૧ થી क्विप्

卐 વિશેષ :– 0 આ સૂત્રમાં પણ ત્રણ નિયમ છે (૧) ઉપપદ (૨) પ્રત્યય (૩) કાળ– सु – ઉપપદ, क्विप्–પ્રત્યય ભુતકાળ જેમકે क्विप् પ્રત્યય થાય અન્ય નહીં

[૧૧૪૩]

(૫૮) ह्रस्वस्य तः पित्कृति ૪/૪/૧૧૩

★ સૂત્રપૃથ૦ :– ह्रस्वस्य तः पित् कृति

★ વૃત્તિ :– ह्रस्वान्तस्य धातोः पिति कृति तोऽन्तः स्यात् सुष्ठु कृतवान् सुकृत्

卐 વૃત્યર્થ :– હ્રસ્વાન્ત ધાતુને पू–इत् (पित्) હોય તેવો કૃદ પ્રત્યય લાગ્યો હોય ત્યારે ધાતુને અન્તે त् આગમ થાયછે

0 सुकृत् – જેણે સારું કામ કર્યું છે તે सुष्ठु कृतवान्=

* 1 લઘુ પ્રક્રિયા – ટીપ્પણ ૫૧, પૃ. ૩૮૦

* 2 મધ્યમવૃત્તિ અવચૂરિ ભા. ૨ – પૃ.૧૮૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


सु+कृ+क्विप् (कृग. सुपुण्य० ५/१/१६२थी क्विप्) આ સૂત્રથી त् આગમ क् इत् છે માટે ગુણ-અભાવ-सु+कृ+त्

卐 વિશેષ :- 0 ह्रस्वस्य કેમ કહ્યું ?
ग्राम+नी+क्विप्=ग्रामणीः ગામનો નેતા-અહીં नी દીર્ઘ છે માટે त् અગમ ન થાય
0 पित् એમ કેમ કહ્યું ?
चित्त+-चि+क्त છે - पित् નથી.

[૧૧૪૪]

(૫૯) दृशः क्वनिप् ५/१/१६६

★ વૃત્તિ :- व्याप्यात् पराद् भूतार्थाद् दृशः क्वनिप् स्यात् बहुदृश्वा ।

卐 વૃત્યર્થ :- કર્મથી પર दृश् ધાતુને ભુતકાળના અર્થમાં क्वनिप् થાયછે बहुदृश्वा-बहुदृष्टवान्-बहु+दृश्+क्वनिप्=बहु+दृश्+वन् (क् प्-इत् છે)=बहुदृश्वन् (प्र. એ.વ) बहुदृश्वा

★ અનુવૃત્તિ :- करवाद् भूते ५/१/१५८ થી भूते

卐 વિશેષ :- 0 मन वन् क्वनिप् ५/१/१४७ એવા સામાન્ય સૂત્રથી क्वनिप् પ્રત્યય સિધ્ધ હોવા છતાં ભુતકાળના (अणादि ના) બાધન માટે આ સૂત્ર બનાવેલ છે-* मन्-वन्-विच्-अण् ના બાધન માટે છે.

[૧૧૪૫]

(૬૦) णस्वराघोषाद् वनोरश्च २/४/४

★ સૂત્રપૃથ૦ :- ण-स्वर-अघोषात् वनः रः च
★ વૃત્તિ :- एतदन्ताद्विहितो यो वन् तदन्तात् स्त्रियां ङीः स्यात् तद्योगे नस्य रश्च । बहुदृश्वरी ।

卐 વૃત્યર્થ :- ण કાર-સ્વર કે અઘોષ વ્યંજન અન્તે હોય તેવા શબ્દોને જ્યારે वन् પ્રત્યય લાગ્યો હોય ત્યારે તેમને સ્ત્રલિંગી બનાવવા ङी (ई) પ્રત્યય થાયછે. તેના યોગમાં वन् ના न् નો र् થાયછે
0बहुदृश्वरी-बहुदृश्वन्+ङी+बहुश्वर्+ई (दृश्માં અન્તે श् અઘોષ છે માટે આ સૂત્ર લાગ્યું)

★ અનુવૃત્તિ :- स्त्रियां नृतोऽस्वस्रादेर्ङीः २/४/१थी स्त्रियां ङीः

卐 વિશેષ :- 0 સ્વરાન્ત :- धी+वन्+ङी= धीवरी-માછીમારની સ્ત્રી
0 णस्वराघोषात् કેમ કહ્યું ?

* अणादि-बाधनार्थम्-सिध्धहेम-पंचमोऽध्याय-पृ. १०६

सहयुध्वा-सह+युध्+वन्-युध्ધમાં અન્તે ध છે તે ઘોષ છે માટે સૂત્ર નલાગે [૧૧૪૬]

(૬૧) सहराजभ्यां कृग् युधेः ५/१/१६७

★ સૂત્રપૃથ૦ :- सह-राजभ्यां कृग् युधेः
★ વૃત્તિ :- आभ्यां कर्मभ्यां पराद् भूतार्थात् कृगः क्वनिप् स्यात् । सहकृत्वा, सहयुध्वा । राजकृत्वा, राजयुध्वा

卐 વૃત્યર્થ :- सह અને राजन् કર્મથી પર રહેલાં ભુતાર્થક એવા कृग्-(कृ) અને युध् ધાતુને क्वनिप् પ્રત્યય થાય
0 सहकृत्वा-સાથે કર્યું છે જેણે એવો सहकृत्वान् इति-सह+कृ+क्वनिप्=(ह्रस्वस्य तः पित्कृति થી त् આગમ) सह+कृ+त्+वन्-(પ્રથમા એ.વ મા) सहकृत्वा
0 એ-જ-રી-તે सहयुध्वा-સાથે લડાઇ કરીછે જેણે તેવો राजकृत्वा-રાજાને કર્યોછે જેણે राजयुध्वा-રાજાને લડાવ્યો છે જેણે તેવો (राजन् ના न् નો લોપ नाम्नोनो० २/१/९१થી)

★ અનુવૃત્તિ :-(१) दृश क्वनिप् (२) भूते-५/१/१५८

卐 વિશેષ :- 0 युधि णि અન્ત વાળો પ્રયોગ છે માટે युधेः કર્યું છે તેથી પ્રેરક અર્થમાં લડનારો. કરાવનારો એવો અર્થ કર્યો છે
0 અન્ય પ્રત્યયનો બાધ કરવા આ સુત્ર છે જેમકે :- मन् - वन् - विच् વગેરે
0 સુત્રમાં કરેલ વચનભેદ "यथासंख्यम्" ને અટકાવવા

[૧૧૪૭]

(૬૨) अनोर्जनेर्डः ५/१/१६८

★ સૂત્રપૃથ૦ :- अनोः जनेः डः
★ વૃત્તિ :-कर्मणः परादनु पूर्वाज्जनेर्भूतेऽर्थे वर्तमानाज्जनेर्डः स्यात् । आत्मानुजः

卐 વૃત્યર્થ :- કર્મથી પર अनु પૂર્વક जन् ધાતુને ભુતકાળના અર્થમાં ड(अ)પ્રત્યય થાયછે आत्मानुजः =आत्मानम् अनुजातः પોતાના પછી જન્મેલો -आत्मन्+अनु+जन+ड=आत्मानु+ज्+अ (डित्यन्त्य० २/१/११४ થી अन् લોપ) आत्मानुजः

卐 વિશેષ :- 0 સ્પષ્ટ

[૧૧૪૮]

(૬૩) सप्तम्याः ५/१/१६९

★ વૃત્તિ :- सप्तम्यन्तात् पराद् भूतेऽर्थे वर्तमानाज्जनेर्डः स्यात् । उपसरजः मन्दुरजः, अप्सुजातं अब्जम्
■ पञ्चम्यास्तथा । बुद्धिजः। क्वचित् यथालक्ष्यं जनेर्डः स्यात् । अनुजः किञ्जः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


卐 વૃત્યર્થ :- સપ્તમ્યન્ત નામ પછી આવેલા જન્ ધાતુને ભુતકાળના અર્થમાં ડ (અ) થાયછે
0 उपसरजः उपसरे जातः પશુના ગર્ભગ્રહણ કાળે જન્મેલો
0 मन्दुरे जातः – मन्दुर् + जन् + ड = मन्दुरजः તબેલામાં જન્મેલો-ઘોડો 0 अप्सु जातम्-अप्+जन+ड=अब्जम्

★ અનુવૃત્તિ :-(૧) अनोर्जनेर्डः ૫/૧/૧૬૮થી जनेःडः (૨) भूते ૫/૧/૧૫૮

卐 વિશેષ :- 0 मन्दुरजः=मन्दुराङ्यापो बहुलं नाम्नि ૨/૪/૯૯ થી હ્રસ્વ
0 अब्जम् પક્ષે अप्सुजम्-वर्षाक्षर...૩/૨/૨૬ થી વિકલ્પે સપ્તમી લોપ

■ શેષવૃત્તિ :- (૨૦) अजातेः पञ्चम्या ૫/૧/૧૭૦ જાતિવાચક નામ સિવાય પંચમ્યન્ત નામ પછી जन् ધાતુને ભુતકાળના અર્થમાં ડ થાયછે बुद्धेः जातवान्=बुद्धि+जन्+ड=बुद्धज બુદ્ધિથી ઉત્પન્ન થયેલ [૫૫૯]
(૨૧) क्वचित् ૫/૧/૧૭૧ કોઇપણ નામથી પર કોઇપણ ધાતુને ડ પ્રત્યય થાયછે अनुजातः= अनुजः નાનો ભાઇ, किं जातेन-किञ्जः જન્મ્યાથી શુ ? [૫૬૦]

## [૧૧૪૯]

### (૬૪) क्त क्तवतू ૫/૧/૧૭૪

★ વૃત્તિ :- भूतार्थाद्धातोरेतौ स्याताम् । तत्र तत्साप्यानाप्यात्कर्म भावे कृत्यक्तखलर्थाश्चेति वचनात् क्तः कर्मणि भावे च । क्रियते स्म । कृतः कटश्चैत्रेण । स्थित चैत्रेण । क्तवतुश्च कर्तरि । करोति स्म । कृतवान् कटं चैत्रः । स्थितवांश्चैत्रः ।

卐 વૃત્યર્થ :- ભુતકાળના અર્થમાં વર્તતા ધાતુને क्त, क्तवतु પ્રત્યયો થાયછે -0- तत्साप्यात्कर्म भावे कृत्य क्तखलर्थाश्च ૩/૩/૨૧ થી क्तः (त) પ્રત્યય કર્મણી અને ભાવે અર્થમાં થાયછે. 0 क्रियते स्म कृ+क्त=कृतः =કરેલો -0- कृतः कटः चैत्रेण-ચૈત્ર વડે સાદડી કરાઈ
0 स्थितः चैत्रेण ચૈત્ર વડે ઉભાયું स्था+कृत=(दो-सो-मा-स्थ इः ૪/૪/૧૧ થી आ નો इ) स्थि+त=स्थितम्
0 क्त क्तवतु-કર્તરિ ભૂત-करोति स्म-कृ+क्तवतु (तवत्) =कृतवान् (સાધનિકા :-(૧) कित् છે માટે ગુણ ન થાય (૨) अभ्वादेरत्वसः સૌ થી वत् નું वात् થયું (૩) ऋदुदितः ૧/૪/૭૦ થી न् આગમ (૪) पदस्य ૨/૧/૮૯ થી त् લોપ (૫) दीर्घङ्याब् થી सि લોપ - कृतवान्
0 स्थितवांश्चैत्रः ઉભેલો ચૈત્ર स्था+तवत्=(ઉપર મુજબ)

★ અનુવૃત્તિ :- करणाद् भूते ૫/૧/૧૫૮ થી भूते

卐 વિશેષ :- 0 કર્મણી-કર્તરિ બન્ને ભુતકૃદન્તમાં क्त-क्तवतु પ્રત્યયો થાયછે.

## [૧૧૫૦]

### (૬૫) श्लिषशीङ्स्थासवसजनरुहजॄभजेः क्त ૫/૧/૯

★ સૂત્રપૃથ૦ :- श्लिष-शीङ्-स्था-आस-वस-जन रुह-जॄ-भजेः क्त

★ વૃત્તિ :- एभ्यो नवभ्यः कर्तरि क्तो वा स्यात् । आश्लिष्टः कान्तां चैत्रः । आश्लिष्टा कान्ता चैत्रेण । अतिशयितो गुरुं शिष्यः । अतिशयितो गुरुः शिष्येण उपस्थितो गुरुं शिष्यः । उपस्थितो गुरुः शिष्येण । उपासितो गुरुं सः उपासितो गुरुस्तेन । अनूषितो गुरुं सः । अनूषितो गुरुस्तेन । अनुजातः तं सः । अनुजातः स तेन । आरूढोऽश्वं सः । आरूढोऽश्वस्तेन । अनुजीर्णस्तं सः । अनुजीर्णः स तेन । विभक्ताः स्वं ते । विभक्तं स्व तैः ।

卐 વૃત્યર્થ :- श्लिष् વગેરે નવ ધાતુઓને કર્તરિમાં વિકલ્પે क्त થાયછે
0 श्लिष् :- आश्लिष्टः कान्तां चैत्रः ચૈત્રે પત્નીને આલીંગન કર્યું आ+श्लिष्+क्त (आश्लिष्यति स्म) કર્મણી માં आश्लिष्यते स्म થાય
-0- સ્ત્રિલિંગે-आश्लिष्टा कान्ता चैत्रेण-આ કરા. કર્યું
0 शी-अति+शी+क्त-अतिशयितो गुरुं शिष्यः શિષ્યે ગુરૂનો અતિશય કર્યો -0- अतिशयितो शिष्यैः गुरुः શિષ્યો વડે ગુરૂ અતિશયિત થયા
0 स्था-उप+स्था+क्त=उपस्थितः= સેવાયેલા
0 वस्-अनु+वस्+क्त= य्वृत् થતાં व् નો उ, क्षुधवस... ૪/૪/૪૩ થી इट्=अनूषितः રહેવાયું
0 जन्-अनु+जन्+क्त=आः खनि सनि जनः ૪/૪/૪૩ થી आ अनु+जा+त=अनुजातः પછી જન્મેલો
0 रुह्-आ+रुह्+क्त=(हो धुट् पदान्ते) आरुह्+त्=(अधश्चतुर्थात्) आरुह+ध्=(तवर्गस्य०) आरुढ+ढ= (ढस्तड्ढे) आरूढः ચઢેલો
जॄ-अनु+जॄ+क्त+(ऋ નો ईर्, ऋल्वादेरेषां ૪/૨/૬૮થી तॄ નો न रषृवर्णान्नौ થી ण्-भ्वादेर्नामिनो થી स्वर दीर्घ
0 भज्-वि+भज्+क्त=चजः क-गम् થી ज् નો ग्, ग् નો क થઇ वि+भक्+त=विभक्त - વહેચવું

卐 વિશેષ :- 0 અકર્મક ધાતુ પણ ઉપસર્ગ પૂર્વક સકર્મક બનેછે તેથી अति+शी વગેરેના કર્મણી રૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સિદ્ધ થયા અન્યથા: ગત્યર્થાકર્મક૦ ૫/૧/૧૧થી ક્ત થતો હતો જ

## [૧૧૫૧]

### (૬૬) આરમ્ભે ૫/૧/૧૦

★ **વૃત્તિ** :- આરમ્ભાર્થાદ્ધાતોઃ કર્તરિ ક્તો વા સ્યાત્ પ્રકૃતાઃ કટં તે । પ્રકૃતઃ કટસૌઃ ।

卐 **વૃત્યર્થ** :- આરંભ અર્થવાળા ધાતુને કર્તરિ મા ક્ત વિકલ્પે થાયછે

0 પ્ર+કૃ+ક્ત=(કર્તરિ) પ્રકૃતાઃ કટાઃ તેઓએ સાદડી કરી (કર્મણી) પ્રકૃતઃ કટઃ તૈઃ તેઓ વડે સાદડી કરાઇ (કરવી એટલે આરંભવી અર્થમાં ક્ત થયોછે

★ **અનુવૃત્તિ** :-(૧) શ્લિષ શિઙ્...ક્તઃ ૫/૧/૯ થી ક્તઃ (૨) કર્તરિ ૫/૧/૩

卐 વિશેષ - 0 [સિદ્ધહેમ વ્યા ની વૃત્તિમાં ભૂતાદિ શબ્દ લખેલછે તેથી] * આદિ શબ્દના ગ્રહણથી વર્તમાના અને ભવિષ્યતિ માં પણ આ સૂત્ર ગ્રહણ કરાશે જેમકે :- જ્ઞાતુમ્ આરભતે ઇતિ-પ્ર+જ્ઞા+ક્ત=પ્રજ્ઞાતઃ

## [૧૧૫૨]

### (૬૭) ગત્યર્થાઽકર્મકપિબભુજેઃ ૫/૧/૧૧

★ **સૂત્રપૃથ૦** :- ગત્યર્થ-અકર્મક-પિબ-ભુજેઃ

★ **વૃત્તિ** :- એભ્યઃ કર્તરિ ક્તો વા સ્યાત્ । ગતોઽસૌ ગ્રામમ્ । ગતો ગ્રામસ્તૈઃ । આસિતોઽસૌ, આસિતં તૈઃ । પીતાઃ પયસ્યતે,પીતં પયસ્યતૈઃ । ઇદં ભુક્તાસ્તે ઇદં ભુક્તં તૈઃ।

卐 **વૃત્યર્થ** :- ગત્યર્થક, અકર્મક, પા (પિબ્) ગ.-૧-ભુજ્ ધાતુઓને કર્તા અર્થમાં ક્ત વિકલ્પે થાયછે

0 ગમ્+ક્ત=ગતઃ (મ્ નો લોપ-યમિરમિનમિઃ ૪/૨/૫૫થી

0 ગત્યર્થક :- ગતોઽસૌ ગ્રામમ્ ગામમાં આ ગામ ગયો (કર્મણીમાં] ગતો ગ્રામઃ તેના વડે ગામમાં જવાયું

0અકર્મક:- આસ્+ક્ત=આસિત=બેઠો (સેટ્ ધાતુ હોવાથી ઇટ્) આસિતોઽસૌ આ બેઠો-(ભાવેમાં) આસિતમ્ તૈઃ

0 પા-પા+ક્ત=(ઈર્ય્યઞ્જનેયપિ ૪/૩/૯૭ થી ઈ) પીતાઃ પયસ્તે=તેઓએ દુધ પીધું (કર્મણીમાં) પીતં પયસ્ તૈઃ

0 ભુજ્-ભુજ્+ક્ત=ઇદં ભુક્તાસ્તે આ તેઓએ ખાધું (કર્મણીમાં) ઇદં ભુક્તં તૈઃ

★ **અનુવૃત્તિ** :-(૧) શ્લિષ-શીઙ્...ક્તઃ ૫/૧/૯ (૨) કર્તરિ ૫/૧/૩

* આદિ - મધ્યમવૃત્તિ અવચૂરિ ભા. ૨, પૃ ૧૫૯

卐 વિશેષ :- 0 અવિવક્ષિત કર્મ પણ અકર્મક જ કહેવાય

0 કાલાધ્યભાવ ... ૨/૨/૨૩ થી સકર્મક સંજ્ઞા પણ અકર્મક બને છે

## [૧૧૫૩]

### (૬૮) જ્ઞાનેચ્છાર્ચાર્થઞીચ્છીલ્પાદિભ્યઃક્તઃ ૫/૨/૯૨

★ **સૂત્રપૃથ૦** જ્ઞાન-ઇચ્છા-અર્ચાર્થ-ઞીત્-શીલ્પાદિ-ભ્યઃ ક્તઃ

★ **વૃત્તિ** :- એભ્યઃ સદર્થેભ્યઃ ક્તઃ સ્યાત્ રાજ્ઞાં જ્ઞાતઃ ઇષ્ટ, પૂજિતઃ, ભિન્ન, શીલિતો રક્ષિતઃ ।

卐 **વૃત્યર્થ** :- જ્ઞાનાર્થક ઇચ્છાર્થક અને અર્ચ (પૂજા) ર્થક ધાતુ તથા ઞિત્ (ઞ્ ઇત્ વાળા ધાતુઓને અને શીલ્ વગેરે ધાતુઓને વર્તમાનકાળ અર્થમાં ક્ત થાયછે રાજ્ઞાં...રાજાઓને

0 જ્ઞાન :- જ્ઞા + ક્ત = જ્ઞાતઃ જાણેછે

0 ઇચ્છા :- ઇષ્ + ક્ત = ઇષ્ટઃ ઇચ્છે છે

0 પૂજા :- પૂજ્ + ક્ત = પૂજિતઃ પૂજે છે

0 ઞિત્ :- ભિદ્+ત=ભિન્નઃ=સ્નેહ કરેછે (ઞિભિદાચ્-ધાતુ -ભિદ્) સૂત્રઃ ૭૦ થી દ્ નો ન્

0 શીલાદિ :- શીલ્+ઇ+ક્ત=શીલિતઃ શીલવાળો રક્ષિતઃ=રક્ષ્ +ઇ + ક્ત - રક્ષણ કરનાર

卐 વિશેષ :- 0 રાજ્ઞામ્-"રાજાઓને" શબ્દ બધાંજ પ્રયોગમાં સાથે ગણવો જેમકે 'રાજાઓને ઈષ્ટ'

0 બહુલ અધિકારથી ભુત અર્થમાં પણ ક્ત પ્રત્યય થાય

0 શીલ્પાદિ-શીલિતઃ,રક્ષિતઃ,ક્ષાન્ત, આક્રુષ્ટ, જુષ્ટ, રુષ્ટ રુષિત, હૃષ્ટઃ, પુષ્ટઃ, કાન્તઃ, સંયતઃ, શયિતઃ, આશિતઃ વગેરે

## [૧૧૫૪]

### (૬૯) ઋલ્વારૈષાં તોનોઽપ્રઃ ૪/૨/૬૮

★ **સૂત્રપૃથ૦** :- ઋ-લૂ-આદેઃ એષાં તઃ નઃ અ-પ્ર

★ **વૃત્તિ** :- પૃ વર્જાત્ ઋદન્તાત્ લ્વાદિભ્યશ્ચ પરેષાં ક્તિ ક્ત ક્તવતૂનાં તો નઃ સ્યાદ્ । તીર્ણઃ, તીર્ણવાન્ । લૂનઃ લૂનવાન્ । અપ્ર ઇતિ કિમ્ । પૂર્તઃ પૂર્તવાન્ ।

卐 **વૃત્યર્થ** :- પૃ ધાતુ સિવાયના દીર્ઘ ઋકારાન્ત ધાતુ લૂ-આદિ (લૂ-ધૂ-સ્તૃ-કૃ-વૃ) ધાતુઓ પછી ક્તિ, ક્ત, ક્તવતુ પ્રત્યય લાગ્યા હોય તેમના ત્ નો ન્ થાયછે 0 તૃ+ક્ત=(ઋતાંક્ઙિતીર્ થી) તિર-ભ્વાદેર્નામિ નો થી દીર્ઘ તીર્+ત=(આ સુત્રથી ન) તીર્+ન = તીર્ણ તરેલો -0- તૃ+ક્તવતુ=તીર્+તવત્=( 1-આ સૂત્રથી - ત્ નો ન્, રષૃવર્ણન્નો૦ ૨/૩/૬૩ થી ન્ નો ણ્ પ્ર. એ.વ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



માટે વત્ નું ૩૫ ન્ આગમ અને ત્ નો લોપ થઈ વાન્ થતાં) તીર્ણવાન્
0  લૂ=લૂ+ક્ત=લૂનઃ કાપેલો. -0- લૂ+તવત્ = લૂનવાન્ (અ-ને તૃ ના ૩૫મુ૪૫)
0 અ પ્ર કેમ કહ્યું ?
પૃ+ક્ત=પૂર્ણઃ, પૃ+ક્તવતુ=પૂર્ણવાન્ ભરેલો.-(૧) શ્રોઽયાદુર્ ૪/૪/૧૧૭ થી ઋ નો ઉર્ (૨) મ્બાદેર્નામિનો૦ ૨/૧/૬૩ થી પૂર્વ સ્વર દીર્ઘ

★ અનુવૃત્તિ :-(૧) અપાત્...કૌ ૪/૨/૬૬થી કૌ (૨) હ્લાદો...તયોશ્ચ ૪/૨/૬૭ થી ક્ત-ક્તવતુ

卐 વિશેષ :- 0 લૂ આદિ-ક્રયાદિ ગણ : ૯ માં આ ધાતુઓ છે. ક્રમ :- 1519 થી 1539 લૂ-ધૂ-સૂ-કૃ-વૃ-ઙારી લી-વ્લી ઘ્લી ટુ-નૃ-શૃ-પૃ-વૃ-ભૃ-દૃ જૃ ઘૃ-ગૃ-ક્ષ



(૭૦) રદાસૂચ્છર્દઃ ક્તયોર્દસ્ય ચ ૪/૨/૬૨

★ સૂત્રપૃથ૦ :- રદાત્ અમૂચ્છર્-મદઃ ક્તયોઃ દસ્ય ચ
★ વૃત્તિ :- મૂચ્છર્મદ વર્જાદ્રદન્તાત્પરયોઃ ક્તયોસ્તસ્ય તદ્યોગે ધાતોર્દસ્ય ચ નઃ સ્યાત્ । પૂર્ણઃ, પૂર્ણવાન્ । ભિન્નઃ । ભિન્નવાન્ ।

卐 વૃત્યર્થ :- મૂચ્છર્, મદ્ ધાતુ સિવાયના ર કા દ્રકા. ધાતુઓને લાગેલા ક્ત-ક્તવતુ ના આદિના ત કાર નો ન કાર થાયછે લેના યોગમાં ધાતુના દ્ નો પણ ન્ થાય
0 ર કારા.-પૂર્ણઃ=(આ સૂત્રથી ત નો ન થતાં) પૂર્+ન=પૂર્ણઃ=ભરેલો -0- પૂર્+તવત્=પૂર્ણવાન્ – ભરનાર
0 દ્ કારા -ભિદ્+ક્ત=ભિન્નઃ ભેદાયેલો. ભિદ્+ ક્તવતુ = ભિન્નવાન્ ભેદનાર. (અહીં દ્ તથા ત બન્નેનો ન્ થયેલ છે

★ અનુવૃત્તિ :- હ્લાદેઃ૦ થી તઃ નઃ

卐 વિશેષ :- 0 અમૂચ્છર્મદઃ કેમ કહ્યું ?
મૂચ્છર્+ક્ત=(રાલ્લુક્ ૪/૨/૧૧૦ થી ચ્છ લોપ થતાં મૂર્+ત=મૂર્ણઃ મૂર્ચ્છા પામેલો.
0 મદ્+ક્ત=(અઘોષે પ્રથમો થી) મત્તઃ છકેલો.
0 આદિમાં ત્ કેમ કહ્યું ?
ચર્+ઇ+ક્ત=ચરિતમ્ અહીં ત્ કારાદિ નથી ઇ+ક્ત છે
0 રદાત્ કેમ કહ્યું ?
ચિતઃ = ચિ + ક્ત – ઇ થી પર ક્ત છે
0 ક્ત-અ-ને ક્તવતુ (૫/૧/૧૭૪) પ્રકૃષ્ટ થશે



(૭૧) સૂયત્યાદ્યોદિતઃ ૪/૨/૭૦

★ સૂત્રપૃથ૦ :- સૂયતિ-આદિ આત્-ઇતઃ
★ વૃત્તિ :- સૂયત્યાદિભ્યો નવભ્ય ઓદિદ્ભ્યશ્ચ પરયોઃ ક્તયોસ્તો નઃ સ્યાત્ । સૂનઃ । સૂનવાન્ । દૂનઃ, દૂનવાન્ । લગ્નઃ, લગ્નવાન્ ।

卐 વૃત્યર્થ :- સૂયતિ વગેરે નવ ધાતુઓ (ક્રમ -1242 થી 1250-સૂ, દૂ, દી, ધી, મી, રી લી, ડી, વ્રી,) તથા ઓદિત્ (ઓ-ઇત્ હોય તેવા) ધાતુઓને લાગેલા ક્ત, ક્તવતુ પ્રત્યયના ત્ નો ન્ થાય સૂ+ક્ત=સૂનઃ જન્મેલો સૂ+ક્તવતુ=સૂનવાન્=જન્મેલ (પ્રાપ્તિનિષ્ઠા -ઉપરોક્ત સૂત્રઃ ૭ · ધુ૪૫) એ-જ-રી-તે દૂ—→દૂન દૂનવાન્ – દૂભવેલો લસ્જ્ - (બોલવું) લગ્નઃ, લગ્નવાન્ –

★ અનુવૃત્તિ :-(૧) રદાદમૂચ્છર્મદઃ ક્તયો ૪/૨/૬૬ થી ક્તયોઃ (૨) હ્લાદો...તોનઃ ૪/૨/૬૮ થી તો નઃ

卐 વિશેષ :- 0 ઘ્યઃ કેમ કહ્યું ?
પીતઃ -પા+ક્ત=(ઈર્ગાઞ્જનેષ્વપિ થી આ નો ઈ)=પીતઃ અહીં પા ધાતુ સૂયત્યાદિ કે ઓદિત્ નથી માટે સૂત્ર ન લાગે
0 લજ્જ કે લસ્જ-સંયોગાદસ્યાદૌ૦ ૩/૧/૮૮ થી સ્ લોપ (ચજઃ કગમ્ ૨/૧/૮૧ થી જ્ નો ગ્ થશે
0 સૂયતિ-દય નિર્દેશથી ગણઃ ૪ દિવાદિ નો જ લેવો. ગણઃ ૧ કે ગણઃ ૨ નો નહીં



(૭૨) વ્યઞ્જનાન્તસ્થાતોઽખ્યાધ્યઃ ૪/૨/૭૧

★ સૂત્રપૃથ૦ :- વ્યઞ્જન-અન્તસ્થા-ભાતઃ અ-ખ્યા-ધ્યઃ
★ વૃત્તિ :- વ્યઞ્જનાત્પરા યાઽન્તસ્થા તદન્તસ્ય ખ્યાધ્યા-વર્જસ્યક્તયોસ્તો નઃ સ્યાત્ । સ્ત્યાનઃ, સ્ત્યાનવાન્ । ઘ્રાણઃ । ગ્લાનઃ । અખ્યાધ્ય ઇતિ કિમ્ । ખ્યાતઃ । ધ્યાતઃ ।

卐 વૃત્યર્થ :- (ધાતુમાં રહેલ) વ્યંજન થી પર ખ્યા અને ધ્યા સિવાયનો જે આ કારવાળો અન્તસ્થા (ય,ર,લ,વ) તેને લાગેલા ક્ત, ક્તવતુ ના ત નો ન થાયછે
0 સ્ત્યા-સ્ત્યા+ક્ત=સ્ત્યાનઃ જામી ગયેલો, સ્ત્યાનવાન્-જામી જયેલ (અન્તે યા છે માટે ત નો ન થયો)
0 ઘ્રા-ઘ્રાણઃ - ઘ્રા + ક્ત = ઉંધેલો
0 ગ્લા – ગ્લાનઃ = ગ્લા + ક્ત કરમાયેલો.
0 અખ્યાધ્ય કેમ કહ્યું ?
ખ્યા+ક્ત=ખ્યાતઃ કહેલો. ધ્યા+ક્ત=ધ્યાતઃ ધ્યાયેલો.

★ અનુવૃત્તિ :-(૧) રદાદમૂચ્છર્...ક્તયોઃ ૪/૨/૬૬ થી ક્તયોઃ (૨) હ્લાદોઃ...તોનઃ ૪/૨/૬૮ થી તો નઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



卐 વિશેષ :- 0 વ્યંજનથી પર કેમ કહ્યું ?
ઘા+ક્ત=ઘાતઃ ગયેલો અહીં આદિમાં અન્તસ્થા છે
0 અન્તસ્થા કેમ કહ્યું ?
સ્નાતઃ સ્નાન કરેલો-અન્તસ્થા નથી
0 આ કાર કેમ કહ્યું ?
ચ્યુતઃ પડી ગયેલો. અન્તસ્થા છે. આ કાર નથી

[૧૧૫૮]

(૭૩) ક્ષેઃ ક્ષી ચાઽધ્યાર્થે ૪/૨/૭૪

★ સૂત્રપૃથ૦ :- ક્ષેઃ ક્ષી ચ અ-ધ્યાર્થે
★ વૃત્તિ :- ક્ષેસ્તો નસ્તદ્યોગે ક્ષેઃ ક્ષીશ્ચ ન તુ ધ્યાર્થે । ક્ષીણઃ, ક્ષીણવાન્ । ધ્યાર્થે ઇતિ કિમ્ । ભાવકર્મક્તે ક્ષિતમસ્ય

卐 વૃત્યર્થ :- ક્ષિ ધાતુને લાગેલા ક્ત, ક્તવતુ ના ત નો ન થાયછે તેના યોગે ક્ષિ ના ક્ષી (દીર્ઘ ઈ) રૂપ થશે (પણ ભાવ અને કર્મણી અર્થનો સૂચક ધ્યણ્ પ્રત્યય તે ધ્યણ્ અર્થ સિવાય એટલે) ભાવ અને કર્મણી અર્થ સિવાય આ સૂત્ર લાગે ક્ષિ+ક્ત=ક્ષીણઃ ક્ષય પામેલે ક્ષિ+ક્તવતુ=ક્ષીણવાન્ (ત નો આ સૂત્રથી ન થઈ રષૃવર્ણાન્નો થી ણ)
0 અધ્યાર્થે કેમ કહ્યું ?
ભાવ-કર્મ-ક્ષિતમ્ અસ્ય - આનો ક્ષય થયો અહીં ભાવ એટલે ક્રિયા અર્થ હોવાથી સૂત્ર ન લાગે

★ અનુવૃત્તિ :-(૧) રદાદમૂર્ચ્છ...ક્તયોઃ ૪/૨/૬૯થી ક્ત-ક્તવતુ (૨) ઋલ્વાદે તોનો૦ ૪/૨/૬૮થી ત નઃ

卐 વિશેષ :- 0 ક્ષીણઃ=ક્ષયતિ સ્મ ૫/૧/૧૧ ત્યાર્થાકર્મ૦ ૫/૧/૧૧ થી ક્તઃ

[૧૧૫૯]

(૭૪) ઋહ્રીઘ્રાધ્રાત્રોન્દનુદવિન્તેર્વા ૪/૨/૭૬

★ સૂત્રપૃથ૦:-ઋ-હ્રી ઘ્રા-ધ્રા ત્રા-ઉન્દૂ-નુદ-વિન્તેઃવા
★ વૃત્તિ :- એભ્યોઽષ્ટાભ્યઃ ક્તયોરતોન્વા સ્યાત્ । ઋણં ઋતમ્ । હ્રાથઃ, હ્રાણવાન્ । હ્રીતઃ, હ્રીતવાન્ ।

卐 વૃત્યર્થ :- ઋ વગેરે આઠ ધાતુઓને લાગેલા ક્ત-ક્તવતુ પ્રત્યના ત્ નો ન્ વિકલ્પે થાયછે (ઋ) ઋ+ક્ત=ઋણમ્ પક્ષે ઋતમ્ (ઋણ-દેવું ઋત્ સત્ય, એજરીતે અર્થ લેવો વિકલ્પે નહીં)
(ી)-હ્રી+ક્ત=હ્રીણઃ પક્ષે હ્રીતઃ શરમાયેલો
-)- હ્રી+ક્તવતુ=હ્રીણવાન પક્ષે હ્રીતવાન

★ અનુવૃત્તિ :- રદાદમૂર્ચ્છ...ક્તયોઃ ૪/૨/૬૯થી ક્ત-ક્તવતુ

卐 વિશેષ :- 0 વા-વિકલ્પ વાચી નહીં પણ વ્યવસ્થિત વિભાષા વાચી છે જેથીજ દેવું અર્થે ઋણમ્ સત્યાર્થે ઋતમ્ થયું [૧૧૬૦]

(૭૫) ક્ષૈશુષિપચોમકવમ્ ૪/૨/૭૮

★ સૂત્રપૃથ૦ :- ક્ષૈ-શુષિ-પચઃ મ-ક-વમ્
★ વૃત્તિ :- એભ્યસ્ત્રિભ્યઃ ક્તયોર્યથાસઙ્ખ્યં મકવાઃ સ્યુઃ ક્ષામઃ, ક્ષામવાન્ । શુષ્કઃ, શુષ્કવાન્ । પક્વઃ પક્વાન્ ।
■ નિર્વાણમવાતે । નિપાતોઽયમ્ । નિર્વાણો મુનિઃ । વાતે તુ કર્તરિ । નિર્વાતો વાતઃ એવં ક્ષીવાદયો નિપાતા જ્ઞેયાઃ ।

卐 વૃત્યર્થ :- ક્ષૈ, શુષ્ અને પચ્ ધાતુને લાગેલા ક્ત, ક્તવતુ ના ત નો અનુક્રમે મ,ક,વ થાયછે
0 ક્ષૈ-ક્ષૈ+ક્ત (આત્સન્ધ્યક્ષરસ્ય ૪/૨/૧ થી આ) ક્ષામઃ, ક્ષામવાન દુબળો (આ સૂત્રથી ત નો મ)
0 શુષ્ - શુષ્ + ક્ત = શુષ્કઃ સૂકાયેલો
0 પચ્ - પચ્ + ક્ત = (ચજઃ ક રામ્) = પક્+ત= (આ સૂત્રથી વ) પક્વ પક્વાન્ - પાકેલ

★ અનુવૃત્તિ :-(૧) રદાદમૂર્ચ્છ...ક્તયોઃ ૪/૨/૬૯ થી ક્ત ક્તવતુ (૨) ઋલ્વાદેઃ તો નો૦ ૪/૨/૬૮થી તઃ નઃ

卐 વિશેષ :- 0 સ્પષ્ટ

■ શેષવૃત્તિ :- *(૨૨) નિર્વાણમવાતે ૪/૨/૭૯ જો વાયુ કર્તા ન હોયતો નિર્+વા+ક્ત એ સ્થિતિમાં ત નો ન થાયછે 0 નિર્વાણો મુનિ-મુનિ શાંત થયો [૫૬૧]
(૨૩) અનુપસર્ગાઃ ક્ષિવોલ્લાથ કૃશપરિકૃશ ફુલ્લોત્ફુલ્લ સંફુલ્લાઃ ૪/૨/૮૦ અન્ય કોઇ ઉપસર્ગ લગ ડ્યા સિવાય ક્ષીવઃ છકેલો, ઉલ્લાઘઃ=સમર્થ, કૃશઃ=દૂબળો, પરિકૃશઃ =દૂબળો ફુલ્લઃ કે ઉત્ફુલ્લઃ કે સંફુલ્લઃ વિશરણ પામેલો - નિપાતન કરાયછે [૫૬૨]

[૧૧૬૧]

(૭૬) ક્ષુધવસસ્તેષામ ૪/૪/૪૩

★ સૂત્રપૃથ૦ :- ક્ષુધ-વસઃ તેષામ્
★ વૃત્તિ :- આભ્યાં પરેષાં ક્તક્તવતુ-ક્ત્વામિટ્ સ્યાત્ ક્ષુધિતઃ । ઉષિતઃ

卐 વૃત્યર્થ :- ક્ષુધ્ અને વસ્ ધાતુને ક્ત, ક્તવતુ, ક્ત્વા લાગે ત્યારે પ્રત્યય પૂર્વે ઇટ્ થાયછે
0 ક્ષુધ્+ક્ત=ક્ષુધ્+ઇ+ત=ક્ષુધિત=ભુખ્યો થયેલો
0 વસ્+ક્ત=(વ્યૃત્ થતાં) ઉષિત-રહેલા એ-જ-રી-તે ક્તવતુ - ક્ષુધિતવાન્

* શેષવૃત્તિ :- હેમપ્રકાશ ઉત્તરાર્ધ-૫૮૫-૮૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

★ અનુવૃત્તિ :-(૧) क्तयोः ૪/૪/૪૦
(૨) जॄ-व्रश्चः क्त्वः ૪/૪/૪૧ થી क्त्वा

卐 વિશેષ :- 0 क्षुध्-क्षुधं च बुभूक्षायाम्, वस् गसं निगासे-એજ લેવી
0 य्वृत् - यजादि गश गचः० ૪/૧/૭૨ થી

[૧૧૫૨]

(૭૭) लुभ्यञ्चेर्विमोहार्चे ૪/૪/૪૪

★ સૂત્રપૃથ૦ :- लुभि-अञ्चेः विमोह-अर्चे
★ વૃત્તિ :- आभ्यां यथासङ्ख्यं विमोहन पूजार्थाभ्यां क्त क्तवतुक्त्वामिट् स्यात् । विलुभितः । अञ्चितः ।

卐 વૃત્યર્થ :- लुभ् ધાતુને વિમોહન અર્થમાં અને अञ्च् ધાતુને પૂજા અર્થ क्त क्तवतु-क्त्वा લાગ્યા હોય ત્યારે પ્રત્યય પૂર્વે इट् થાય છે वि+लुभ्+क्त=वि+लुभ्+इ+त=विलुभितः - વિમોહન પામેલો
0 अञ्च्-अञ्च्+क्त=अञ्चितः પૂજાયેલો - अञ्चितवान्

★ અનુવૃત્તિ :- (૧) क्तयोः ૪/૪/૪૦
(૨) जॄ व्रश्चः...क्त्वः ૪/૪/૪૧ થી क्त्वा

卐 વિશેષ :- 0 વિમોહન કેમ કહ્યું ?
लुब्धः=लुभ्+क्त-અહીં લુબ્ધ અર્થ છે માટે इ ન લાગ્યો પણ अधश्चतुर्थात्० થી त् નો ध् થયો. तृतीयस्तृती० થી પૂર્વે भू નો ब् થયો
0 सह लुभेच्छ रुष ૪/૪/૪૬ થી लुभ् ને इट् વિકલ્પે થાય - તેના નિષેધમાં આ સૂત્ર છે

[૧૧૫૩]

(૭૮) ॠवर्णस्श्र्यूर्णुगः कितः ૪/૪/૫૭

★ સૂત્રપૃથ૦ :- ॠ वर्ण-श्रि ऊर्णुगः कितः
★ વૃત્તિ :- ॠ वर्णान्तादेकस्वराद्धातोः श्रेरूर्णोश्च कित इट् न स्यात् वृतः श्रितः,ऊर्णुतः । एकस्वरादिति किम् जागरितः

卐 વૃત્યર્થ :- ॠ વર્ણાન્ત એકસ્વર ધાતુને તથા श्रि અને ऊर्णु ધાતુને લાગેલા कित् પ્રત્યયોની પૂર્વે इट् ન થાય वृ + क्त = वृतः = વરેલો, श्रितः સેવાયેલો, ऊर्णुतः - ઢાંકેલો
0 एक स्वरात् કેમ કહ્યું ?
जागरितः=જાગેલો जागृ ધાતુ એકસ્વરી નથી માટે इट् લાગ્યો

★ અનુવૃત્તિ :-(૧) न वृद्भ्यः ૪/૪/૫૫ થી न
(૨) ૪/૪/૩૬ થી इट्

卐 વિશેષ :- 0 कित् કેમ કહ્યું ?
वरिता-वृ+तृच्=वर्+इ+तृ (પ્રથમા એ વ) वरिता तृच् એ कित् નથી માટે वृ નો ગુણ થઇ इ લાગ્યો
0 વિહિત...વિશેષણ હોવાથી ॠ નો इर्-उर् આદેશ થયા પછી પણ આ નિયમથી इट् નહીં થાય तॄ+क्त्वा= तीर्+त्वा=तीर्त्वा - તરીને

[૧૧૫૪]

(૭૯) उवर्णात् ૪/૪/૫૮

★ વૃત્તિ :- उवर्णान्तादेकस्वराद्धातोर्विहितस्य कित इट् न भवति युतः । भूतः ।

卐 વૃત્યર્થ :- उ વર્ણાન્ત એવા એક સ્વરી ધાતુને कित् પ્રત્યય પૂર્વે इट् ન થાય यु+क्त=युतः મિશ્ર થયેલો भू+क्त=भूतः થયેલો

★ અનુવૃત્તિ :-(૧) न वृद्भ्यः ૪/૪/૫૫ થી न
(૨) ॠ वर्णश्रि० ૪/૪/૫૭ થી कितः (૩) ૪/૪/૩૬થી इट्

卐 વિશેષ :- 0 कित् કેમ કહ્યું ?
लू+तृच्=लू+इ+तृ-लव्+इ+तृ=लविता - લણનાર

[૧૧૫૫]

(૮૦) पूङ्क्लिशिभ्यो नवा ૪/૪/૪૫

★ સૂત્રપૃથ૦ :- पूङ् क्लिशिभ्यः नवा
★ વૃત્તિ :- पूङ्क्लिशिभ्यां च क्तक्तवतु क्त्वामिट् वा स्यात् । पूतः । पवितः । क्लिष्टः क्लिशितः

卐 વૃત્યર્થ :- पूङ् અને क्लिश् ધાતુને क्त-क्तवतु અને क्त्वा પૂર્વે इट् વિકલ્પે થાય पू+क्त=पूतः પક્ષે (इट्) पवितः=પવિત્ર થયેલો
0 क्लिष्+क्त=क्लिष्टः પક્ષે क्लिशितः ક્લેશ પામેલો એ-જ-રી-તે पूतवान् પક્ષે पवितवान् થાય

★ અનુવૃત્તિ :-(૧) क्तयोः ૪/૪/૪૦
(૨) जॄ-व्रश्चः क्त्वः ૪/૪/૪૧થી क्त्वा (૩) ૪/૪/૩૬થી इट्

卐 વિશેષ :- 0 पूङ् નિર્દેશથી पूङ् पवने-લેવું અને क्लिशिभ्यः એમ બ.વ. માં નિર્દેશથી क्लिशिच् उपपाते અને क्लिशौच् विबाधने બન્ને ગ્રહણ કરવા
0 पूङ् માં उवर्णात् ૪/૪/૫૮ થી અપ્રાપ્તિ હતી क्लिश् માં નિત્ય इट् ની પ્રાપ્તિ હતી તે બન્નેનું આ સૂત્ર વિકલ્પે કરે છે

[૧૧૫૬]

(૮૧) डीयश्व्यैदितः क्तयोः ૪/૪/૬૧

★ સૂત્રપૃથ૦ :- डीय-श्वि-ऐदितः क्तयोः
★ વૃત્તિ :- दिवादिकस्य डीयतेः श्वेरैदिद्भ्यश्च धातुभ्यः परयोः क्तक्तवत्वोरिट् न स्यात् । त्रस्तः । डीनः श्वितः । लग्नः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



卐 વૃત્યર્થ :-डी (ગ.૪/1243), श्वि (ગ.-૧/997) અને ऐदेत् (ए-इत् હોય તેવા) ધાતુને લાગેલ क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् થાય નહીં

0 डी→डी+क्त=डीनः ઉડેલો (આ સૂત્રથી इट् નિષેધ सूयत्याद्यो० ૪/૨/૭૦ થી नू)

0 श्वि* – (૧) सूयत्याद्यो० ૪/૨/૭૦ થી त નો न (૨) यजादि वचेः किति ૪/૧/૭૯ થી य्वृत् થયા બાદ दीर्घम-वोऽन्त्यम् થી દીર્ઘ शूनः, शूनवान् થશે

0 ऐदेत् (त्रसैच्) त्रस्+क्त=त्रस्तः ત્રાસ પામેલો– ओलस्जोङ्-लज् + क्त = लग्नः – લાગેલો

★ અનુવૃત્તિ :-(૧) न वृद्भ्यः ૪/૧/૫૧ થી न (૨) इट् सिजाशिषोः ૪/૪/૩૬ થી इट्

卐 વિશેષ :- 0 डीय – श्य નિર્દેશથી ચોથા ગણનો डी લેવો

0 क्तयोः કેમ કહ્યું ?

डी + तृच् = डी + इ + तृ = डयिता થયું

0 कृतैच्, नृतैच् વગેરેમાં વેટત્વ હતું પણ क्तयोः થી इट् નો પ્રતિષેધ થતો હતો છતાં અહીં ऐदेत् કહ્યું તે વઙ્લુઅન્તમાં પણ આ સૂત્રના ગ્રહણ માટે

[૧૧૫૭]

(૮૨) वेटोऽपतः ૪/૪/૬૨

★ સૂત્રપૃથ૦ :- वा–इटः अ–पतः

★ વૃત્તિ :- पति वर्जनात् क्वचिद्विकल्पेधातोरेकस्वरात् परयोः क्तयोरिट् न स्यात् नशौच् नाशे नष्टः । अपत इति किम् । पतितः ।

卐 વૃત્યર્થ :- पत् (ભ્વાદિ-962) સિવાય જે ધાતુને ક્યારેક વિકલ્પે इट् ઉમેરાતે હોય તેવા એકસ્વરી ધાતુને લાગેલ क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् નથાય

0 नशौच्–नश्+क्त=नष्+ट=नष्टः–નાશ પામેલો (અહીં औ–इट् છે માટે धुगौदितः થી વિકલ્પે इट् થાય તેમજ नश् ના श् નો ष् – यजसृजमृज० થી થયો તેના યોગે त નો ट થયો)

0 अपतः કેમ કહ્યું ?

पतितः = पत् + क्त = इट् લાગ્યો

★ અનુવૃત્તિ :-(૧) एकस्वरात्० ૪/૪/૫૬ (૨) डीयश्वि ...क्तयोः ૪/૪/૬૧ થી क्तयोः (૩) न वृद्भ्यः થી न

卐 વિશેષ :- 0 एकस्वरात् કેમ કહ્યું ?

दरिद्रितः=दरिद्राः+इ+क्त – અનેક સ્વરી છે માટે इट् થયો

[૧૧૫૮]

(૮૩) न डीङ्शीपूङ्धृषिक्ष्विदिस्विदि मिदः ૪/૩/૨૭

★ સૂત્રપૃથ૦ :- न डीङ् – शीङ् – पूङ् – धृषि – क्ष्विदि स्विदि – मिदः

★ વૃત્તિ :- एभ्यः सप्तभ्यः परौ सेटौ क्तौ किद्वन्न स्याताम् । डयितः । शयितः । पवितः डीङ् भ्वादिकः

卐 વૃત્યર્થ :- डी,शी,पू, धृष्, क्ष्विद्, स्विद्, मिद् એ સાત ધાતુઓને લાગેલા સેટ क्त–क्तवतु પ્રત્યયો कित्वत् ન સમજવા 0 डी+इ+क्त=डयितः ઉડેલો, 0 शी+इ+क्त=शय्+इ+त=शयितः=સૂતેલો 0 पू+इ+क्त=पवितः= પવિત્ર થયેલો 0 डीङ् ભ્વાદિકનો સમજવો

★ અનુવૃત્તિ :-(૧) उति शवर्ह ...क्तौ ૪/૩/૨૬ થી क्तौ ૨, इन्ध्यसंयोगात्० ૪/૩/૨૧ થી कित्वत् ૩, ૪/૩/૨૪ થી સેટ્

卐 વિશેષ :- 0 સેટ કેમ કહ્યું ?

डीनः=डी+क्त–અનિટ્ થી डीनः થયું (જુઓ સૂત્રઃ डीयश्च्यै दितः ૪/૪/૬૧)

0 श्लिषशीङ्...૫/૧/૯ થી क्त

0 पूङ् क्लिशिभ्यो० ૪/૪/૪૫ થી વિકલ્પે इट्

0 नवाऽऽरम्भे ૪/૪/૫૨ થી વિકલ્પે इट्

[૧૧૫૯]

(૮૪) उति शहर्हाद्भ्यः क्तौ भावारम्भे ૪/૩/૨૬

★ સૂત્રપૃથ૦ :- उति शव्-अर्ह अद्भ्यः क्तौ आरम्भे

★ વૃત્તિ :- उत्युपान्त्ये सति शवर्हेभ्योऽदादिभ्यश्च परौ भावारम्भे क्तक्तवतू सेटौ वा किद्वत् स्याताम् रुदितं । रोदितमेभिः । प्रद्युतितः, प्रद्योतितः । प्ररुदितः । शवर्हाद्भ्यः इति किम् । प्रगुधितः इत्यादि

卐 વૃત્યર્થ :- ઉપાન્ત્યમાં उ વાળા અને शव् (कर्तर्यनद्भ्यः शव्) પ્રત્યયને યોગ્ય એવા ધાતુઓ તેમજ ગણઃ ૨ अदादि ના ધાતુઓને લાગેલા ભાવ અર્થના અને આરંભ અર્થના સૂચક સેટ् क्त – क्तवतु પ્રત્યયો વિકલ્પે कित्वत् થાયછે

0 અદાદિ :- 1 ભાવ :- रुदितम् પક્ષે रोदितम् – एभिः – એઓ વડે રડાયું વિકલ્પે कित्वत् થતાં વિકલ્પે ગુણ થયો रुद्+इ+क्त 2 આરંભ :- (प्र) रुदित् (प्र) रोदितः प्र+रुद् + क्त – રડવાનો આરંભ કરનાર

0 ઉપાન્ત્ય–उ–प्रद्युतितः પક્ષે प्रद्योतित; દીપવાનો આરંભ કર્યો (ધાતુ ભ્વાદિ-937

* પ્રક્રિયામાં श्वितः કેમ થયું તે ખોટું છે –બૃહદ્વૃત્તિ-મધ્યમવૃત્તિમાં પણ श्वितः નથી शूनः છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


0 शव् – अर्ह કેમ કહ્યું ?
गुध्-प्रगुधितः રોષે ભરાયેલો (ગણ: ૯ ક્ર્યાદિ એ शव् ને યોગ્ય નથી માટે कित्व અભાવ ન થયો–ગુણ ન થયો)

★ અનુવૃત્તિ :–(૧) इन्ध्यसंयोगात्० ૪/૩/૨૬ થી किद्वत् (૨) ૪/૩/૨૪ થી सेट्

卐 વિશેષ :– 0 ઉપાન્ત્ય उ કેમ કહ્યો ?
श्विति तम् एभिः એઓ વડે ધોળા થવાયું અહીં ઉપાન્ત્ય उ નથી
0 भावारम्भ કેમ કહ્યું ?
रुचितः ગમેલો–કર્મ અર્થનો "क्त" પ્રત્યય છે
0 સેટ કેમ કહ્યું ?
रूढम् – ઉગેલો रुह्+क्त – अनिट् છે માટે વિકલ્પે कित्वत् ન થતાં નિત્ય किद्वत् થાય

## [૧૧૭૦]

(૮૫) आदितः ૪/૪/૭૧

★ સૂત્રપૃથ૦ :– आत् – इतः
★ વૃત્તિ:–आदितो धातोः परयोः क्तयोरिट् नस्यात् । भिन्नः
卐 વૃત્યર્થ :– आ – इत् હોય તેવા ધાતુઓને લાગેલા क्त-क्तवतु પૂર્વે इट् ન થાય 0 भिन्न=भिद् + क्त= (रदादमूर्च्छ० ૪/૨/૬૯ થી द् નો न्, त् નો न् થતાં) भिन् + न થયું) भिद् માં મૂળ ધાતુ ञिभिदाच् માં आ-इत् છે તેથી આ સૂત્ર લાગ્યું

★ અનુવૃત્તિ :–(૧) डीय श्वि...क्तयोः ૪/૪/૬૧ (૨) न वृद्भ्यः ૪/૪/૫૫ થી न (૩) इट् सिजाशिषो ૪/૪/૩૩ થી इट्

卐 વિશેષ :– 0 वेटोऽपत् ૪/૪/૬૩ થી નિત્ય इट् નો પ્રતિષેધ સિદ્ધ જ હતો છતાં જુદું સૂત્ર બનાવ્યું તે * ન્યાય માટે છે

## [૧૧૭૧]

(૮૬) नवाऽनयोः ૪/૪/૭૨

★ સૂત્રપૃથ૦ :– नवा–अनयोः (મૂળ–नवा भावाआरम्भे)
★ વૃત્તિ :–भावारम्भयोः क्ते तु वा । भिन्नं, भेदितम् ।
卐 વૃત્યર્થ :–(भा–इत् હો તેવા ધાતુઓને) ભાવ અને આરંભ અર્થમાં क्त – क्तवतु લાગ્યા હોય ત્યારે પ્રત્યય પૂર્વે વિકલ્પે इट् થાય.
0 भिद्+क्त=भिन्नम् પક્ષે (इट्) भेदितम्–ચીકાશવાળું થયેલ

* ન્યાય :– यदुपाधेर्विभाषा तदुपाधेः प्रतिषेध

0 क्तवतु :– भिन्नवान् પક્ષે भेदितवान्

★ અનુવૃત્તિ :– (૧) आदितः ૪/૪/૭૧
(૨) डीय श्वि...क्तयोः ૪/૪/૬૧ થી क्तयोः
(૩) इट सिजाशिषो ૪/૪/૩૬ થી इट्

卐 વિશેષ :– 0 મૂળ સૂત્ર नवाभावारम्भे છે પણ પ્રક્રિયાકારે नवानयोः કર્યું
0 आदित् કેમ કહ્યું ?
प्रविदितः જાણેલ–विदितम् अनेन–प्र+विद्+इ+क्त
0 आदितः સૂત્રથી નિત્ય अनिट् ધાતુને આ સૂત્રથી વિકલ્પે इट् થાયછે.

## [૧૧૭૨]

(૮૭) श्वसजपवमरुषत्वरसंघुषास्वनामः ૪/૪/૭૫

★ સૂત્રપૃથ૦ :– श्वस-जप–वम–रुष–त्वर–संघुष–आस्वन – अमः
★ વૃત્તિ :– एषामष्टानां क्तयोरिड्वा स्यात् । श्वस्तः । श्वसितः । जप्तः, जपितः । अहन्पञ्चमस्येति दीर्घे, वान्तः वमितः । रुष्टः, रुषितः । तूर्णः, त्वरितः संघुष्टः, संघुषितः आस्वान्तः, आस्वानितः । अम्यान्तः, अम्यमितः ।
卐 વૃત્યર્થ :– श्वस વગેરે આઠ ધાતુઓને क्त क्तवतु પ્રત્યય લાગે ત્યારે इट् વિકલ્પે થાયછે
0 श्वस् – श्वस्तः પક્ષે श्वसितः – શ્વાસ યુક્ત
0 जप् – जप्तः પક્ષે जपितः – જપ્ત કરેલો
0 रुष् – रुष्टः પક્ષે रुषितः – રોષ વાળો
0 वम् – वान्तः પક્ષે वमितः – વમેલ
(અહીં व નો वा થયો તે अहन्पञ्चम० ૪/૧/૧૦૭)
0 त्वर् – तूर्ण પક્ષે त्वरितः – ત્વરિત
0 संघुष्–संघुष्टः પક્ષે संघुषितः–સારીરીતે અવાજ કરનાર
0 आस्वान् – आस्वान्तः પક્ષે आस्वनितः અવાજવાળો
0 अमि+अम् – अम्यान्तः પક્ષે अम्यमितः –સામે ગયેલો

★ અનુવૃત્તિ :–(૧) नवाभावाभारम्भे ૪/૪/૭૨થી नवा
(૨) इट सिजाशिषो ૪/૪/૬૬ થી इट्
(૩) डीय श्वि...क्तयोः ૪/૪/૬૧

卐 વિશેષ :– 0 સ્પષ્ટ

## [૧૧૭૩]

(૮૮) आः खनिसनिजनः ૪/૨/૬૦

★ વૃત્તિ :– खातः । सातः जातः
卐 વૃત્યર્થ :– (નોંધ :– આસૂત્ર *यङ्लुबन्त માં

* यङ्लुबन्त સૂત્ર: ૪, સળંગ સૂત્ર ૧૦૬૦ જુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આવી ગયેલછે અહીં ફરીથી આપેલ છે-પણ વૃત્તિ નથી)
खन् सन्-जन् ને ઘુટ્ કિત્ પૂર્વે અન્ત્યનો આ થાયછે
0 खन् + क्त = खातः = ખોદેલો
0 सन्+क्त=सातः= આપેલો 0 जन्-क्त=जातः=જન્મેલો

★ અનુવૃત્તિ :- (यमिरमि)...घुटि क्ङिति ४/२/५५

卐 વિશેષ :- 0 ઘુડાદિ કેમ કહ્યું ?
जनित्वा-जन्+इ+त्वा - અહીં પૂર્વે इ છે ઘુડાદિ નથી.

[૧૧૭૪]

(૮૯) णौ दान्तशान्तपूर्णदस्तस्पष्टच्छन्न सप्तम् ४/४/७४

★ સૂત્રપૃથ૦ :- णौ-दान्त-शान्त-पूर्ण-दस्त-स्पष्ट-छन्न-सप्तम्

★ વૃત્તિ :- एते णौ क्तान्ता वा निपात्यन्ते दान्तः, दमितः । शान्तः, शमितः । पूर्णः, पूरितः । दस्तः, दासितः । स्पष्टः, स्पशितः । छन्नः, छादितः । सप्तः, सापितः ।

卐 વૃત્યર્થ :- णि હોતે છતે दम् વગેરે (ધાતુઓ) क्त અન્તવાળા (दान्तः વગેરે) વિકલ્પે નિપાત કરાયાછે
0 दम् - दान्तः પક્ષે दमितः દમાયેલ
0 शम् - शान्तः પક્ષે शमितः - શમન કરાયેલ
0 पृ - पूर्णः પક્ષે पूरितः - ભરાયેલ
0 दास् - दस्त પક્ષે दासितः - અપાયેલ
0 स्पश् - स्पष्टः પક્ષે स्पाशितः - ગ્રહણ કરેલ
0 छद् - छन्न પક્ષે छादितः - ઢાંકેલો

卐 વિશેષ :- 0 दान्त વગેરે અનિટ્ નિપાતન કરાયાછે णेरनिटि ४/२/८३ થી णि લોપ થયોછે

[૧૧૭૫]

(૯૦) सेट् क्तयोः ४/३/८४

★ સુત્રપૃથ૦ :- सेट् - क्तयोः
★ વૃત્તિ :- सेट्क्तयोः परयोणेर्लुक् स्यात् । कारितः । गणितः, गणितवान् ।
■ स्फायः स्फी वा । स्फीतः । स्फातः

卐 વૃત્યર્થ :- સેટ क्त-क्तवतु પ્રત્યય લાગ્યા હોય ત્યારે णि નો લોપ થાયછે
0 कृ + णि + क्त = कार् + णि+इ+क्त=कार् + इत=कारितः કરાયેલો (આ સૂત્રથી णि લોપ થયો)
0 क्त ⟶ गण् = गणितः = ગણાયેલો
0 क्तवतु ⟶ गणितवान् = તેણે ગણેલું

★ અનુવૃત્તિ :- (૧) णेरनिटि ४/३/८३
(૨) ४/३/७० થી लुक्

卐 વિશેષ :- 0 चुरादिभ्यो णिच् થી णि
0 સેટ્ કરવાનો હેતુજ લોપ માટેનો છે અન્યથા અનુસ્વાર થી इट् ન લાગે જેમકે डुकृंग करणे

■ શેષવૃત્તિ :- (૨૪) स्फायः स्फीवा ४/१/९४ क्त-क्तवतु પ્રત્યય લાગે ત્યારે स्फाय् ને બદલે स्फी વિકલ્પે થાય स्फाय्+क्त=स्फातः પક્ષે स्फीतः વધેલો [૫૬૩]

[૧૧૭૬]

(૯૧) क्तयोरनुपसर्गस्य ४/१/९२

★ સૂત્રપૃથ૦ :- क्तयोः अनुपसर्गस्य
★ વૃત્તિ :- अनुपसर्गस्य प्यायः क्तयोः पीः स्यात् । पीनम् । पीनवन्मुखम् । अनुपसर्गस्येति किम् । प्रप्यानो मेघः

卐 વૃત્યર્થ :- ઉપસર્ગ રહિત એવા प्याय् ધાતુને क्त क्तवतु લાગે ત્યારે पी થાયછે 0 प्याय्+क्त=पीनम्
0 प्याय्+क्तवतु=पी+तवत्=पीनवद् मुखम् - પુષ્ટ મુખ
0 अनुपसर्ग કેમ કહ્યું ?
प्रप्यानः मेघः ખૂબ ચડેલો મેઘ प्र+प्याय् છે पी ન થાય

★ અનુવૃત્તિ :- प्यायः पीः ४/१/९१

卐 વિશેષ :- 0 क्त પ્રત્યય - गत्यर्थाकर्मक पिबभुजेः ५/१/११ 0 सूयत्याद्यो० ४/२/७० થી त નો न
0 प्रप्यानः માં प्यान् નાં य् નો લોપ ४/४/१२१ य्वोः प्वय्व्यञ्जने लुक् થી થયો અને તેનો न-सूयत्या० ४/२/७० થી થયો

[૧૧૭૭]

(૯૨) प्रादागस्त्त आरम्भे क्ते ४/४/७

★ સૂત્રપૃથ૦ :- प्रात्-दागः त्तः आरम्भे क्ते
★ વૃત્તિ :- आरम्भार्थस्य प्रपूर्वस्य दागः क्ते परे त्त वा स्यात् । प्रदातुमारब्धः प्रत्तः પક્ષે दत् आदेशः । प्रदत्तः ।

卐 વૃત્યર્થ :- આરંભ અર્થવાળા प्र પૂર્વ દાગ્ ધાતુને क्त લાગે ત્યારે दा ને બદલે त्त વિકલ્પે થાયછે
0 प्र+दा+क्त= 1 प्र+त्त्+त=प्रत्तः પક્ષે 2 प्रदत्तः= આપવાને આરંભેલો

卐 વિશેષ :- 0 1 प्रत्तः માં प्र+त्त्+त છે - घुटोघुटिस्वेर्वा १/३/४८ થી त् લોપ 2 प्रदत्त માં दत् ४/४/१० સૂત્રથી दा નો दत् આદેશ થયોછે
0 दा-डुदांग् दाने - આપવું (ગણઃ ૩)
0 आरम्भे ५/१/१० થી क्त પ્રત્યય
प्रात् કેમ કહ્યું ? - परीतम्-परि+दा છે માટે આ સૂત્ર વિકલ્પે त्त ન થાય પણ स्वरात् उपसर्गात् ४/४/९ થી નિત્ય त्त થાય અને दस्ति ३/२/८८ થી इ દીર્ઘ થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


0 • બે ત્ત કારવાળો આદેશ થવાને સ્થાને કરવા માટેછે અન્યથા ષષ્ઠયાડન્ત્યસ્ય થી માત્ર અન્ત્યનોજ આદેશ થાય વળી એવડા ત્ત કારથી પ્રક્રિયા લાઘવ બનેછે અન્યથા અઘોષે પ્રથમો૦ થી સિદ્ધજ હતું

[૨૨૭૮]

## (૯૩) નિવિસ્વન્વ વાન્ ૪/૪/૮

★ સૂત્રપૃથ૦ :- નિ-વિ-સુ-અનુ--અવાત્

★ વૃત્તિ :- એભ્યો દાગઃ ક્તે ત્તો વા સ્યાત્

卐 વૃત્યર્થ :- નિ-વિ-સુ-અનુ કે અવપૂર્વક દા ને ક્ત લાગે ત્યારે દા નો ત્ત વિકલ્પે થાય (ઉદા સૂત્રઃ ૯૪ માં જુઓ)

★અનુવૃત્તિ :-પ્રાત્-દાગઃ ક્તે ૪/૪/૭થી દાગઃ ત્ત ક્તે

卐 વિશેષ :- 0 સ્વરાદુપસર્ગાદ્...અઘોઃ ૪/૪/૯ થી ત્ત આદેશ નિત્ય પ્રાપ્ત હતો તે અહીં વિકલ્પે થયે

[૨૨૭૯]

## (૯૪) દસ્તિ ૩/૨/૮૮

★ વૃત્તિ :-દો યસ્તાવિ રાદેશસ્તસ્મિન્ પરે નામ્યન્તસ્યોપસર્ગસ્ય દીર્ઘઃ સ્યાત્। નીત્તં। વીત્તં,વિદત્તમ્ । સૂત્તં, સુદત્તમ્ અનુત્તં, અનુદત્તમ્ । અવત્તં, અવદત્તમ્ ।

卐 વૃત્યર્થ :- દા નો જે ત કારાદિ આદેશ થાય તે પરમાં (ઉત્તરપદમાં) હોય ત્યારે ઉપસર્ગનો નામી સ્વરનો દીર્ઘ થાયછે. નિ+દા+ક્ત=(૧) નીત્તમ્ નિરંતર આપેલું -દા નો ત્ત-ઉપરોક્ત સૂત્રઃ ૯૩ થી, આ સૂત્રથી ઉપસર્ગનો સ્વર દીર્ઘ થયો પક્ષે (૨) નિદત્તમ્ -સૂત્રઃ ૯૬ દત્ થી દા નો દત્ આદેશ થયો

0 વિ+દા+ક્ત = વિત્તમ્ પક્ષે વિદત્તમ્

0 સુ+દા+ક્ત=સૂત્તમ્ પક્ષે સુદત્તમ્

0 અનુ+દા+ક્ત = અનૂત્તમ્ પક્ષે અનુદત્તમ્

0 અવ+દા+ક્ત = અવત્તં પક્ષે અવદત્તમ્

★ અનુવૃત્તિ :-(૧) ૩/૨/૭૧...થી દીર્ઘઃ (૨) ૩/૨/૮૬ ..થી ઉપસર્ગસ્ય(૧)૩/૨/૮૭...થી નામિન

卐 વિશેષ :- 0 દા કેમ કહ્યું ?

વિતીર્ણમ્-વિ+તૃ+ક્ત-અહીં તૃ છે

0 ત્ત કેમ કહ્યું ?

સુદત્તમ્-અહીં ત્ત આદેશ નથી થયો માટે સુ દીર્ઘ ન થયો

0 નામિન્ કેમ કહ્યું ?-પ્રત્તમ્ પ્ર+દા માં પુર્વ સ્વર નામિ નથી

[૨૨૮૦]

## (૯૫) સ્વરાદુપસર્ગાદ્ દસ્તિકિત્યધઃ ૪/૪/૯

★ સૂત્રપૃથ૦ :-સ્વરાદ્ ઉપસર્ગાદ્ દઃ તિ કિતિ અધઃ

★ વૃત્તિ :- સ્વરાન્તાદુપસર્ગાત્પરસ્યધાવર્જાસ્ય દા સંજ્ઞકસ્ય તાદૌ કિતિ ત્ત નિત્યં સ્યાત્ । પ્રત્તઃ

卐 વૃત્યર્થ :- સ્વરાન્ત ઉપસર્ગ પછી ધા વર્જિત દા સંજ્ઞક ધાતુઓને ત કારાદિ કિત્ પ્રત્યય લાગે ત્યારે દા નો ત્ત નિત્ય થાયછે.

0 પ્રત્તઃ આપનાર પ્ર+દા+ક્ત=પ્ર+ત્ત+ત=(ધુટોધુટિસ્વેવા)પ્રત્તઃ

卐 વિશેષ :- 0 સ્વરાત્ કેમ કહ્યું ?

નિર્દત્તમ્-નિર્+દા+ક્ત-અંજન થી પર દા છે

0 ઉપસર્ગાત્ કેમ કહ્યું ? – દત્તમ્ -ઉપસર્ગથી પર નથી

0 કિત્ કેમ કહ્યું ? -પ્રદાતા – પ્ર+દા+તૃચ્ – કિત્ નથી

0 અધઃ કેમ કહ્યું ? – ધાંગ્ – નિહિતઃ થયું

[૨૨૮૧]

## (૯૬) દત્ ૪/૪/૧૦

★ વૃત્તિ :- અઘો દા સંજ્ઞસ્ય તાદૌ કિતિ દત્ સ્યાત્ । દત્તઃ

卐 વૃત્યર્થ :-ધા ૩૫ સિવાયના દા સંજ્ઞક ધાતુઓને ત કારાદિ કિત્ પ્રત્યય લાગતા દત્ થાયછે દા=ક્ત=દત્+ત= દત્તઃ દીધેલ

★ અનુવૃત્તિ :-(સ્વરાદ્...) દઃ તિ કિતિ અધઃ ૪/૪/૯

卐 વિશેષ – 0 અ-ધઃ કેમ કહ્યું ?

ધીતઃ = ધાવેલો – ધા + ક્ત – દત્ ન થયું

[૨૨૮૨]

## (૯૭) દોસોમાસ્થ ઇઃ ૪/૪/૧૧

★ વૃત્તિ :- એષાં તાદૌ કિતિ ઇઃ સ્યાત્ । નિર્દિતઃ । સિતઃ । મિતઃ । સ્થિતઃ ।

卐 વૃત્યર્થ :-દો-સો-મા-સ્થા ધાતુને ત કારાદિ કિત્ પ્રત્યય લાગ્યો હોયતો (અન્ત્યસ્વરનો) ઇ થાયછે

0 નિર્દિતઃ - કાપી નાખેલ – નિર્+દો+ક્ત=નિર્+દિ+ત

0 સિતઃ – અંત કરેલ સો+ક્ત=સિ+ત

0 મિતઃ - માપેલ – મા+ક્ત=મિ+ત

0 સ્થિતઃ - ઉભો રહેલ – સ્થા+ક્ત=સ્થિ+ત

★ અનુવૃત્તિ :- (સ્વરાદ્...)દઃ તિ કિતિ અધઃ ૪/૪/૯ થી તિ કિતિ

卐 વિશેષ :- 0 ષષ્ઠયાડન્ત્યસ્ય અન્ત્ય સ્વરનો ...ઇ થાય 0 સામાન્યથી આ નિર્દેશથી માંકૂ-માને, માંક્ત માન શબ્દોઃ, મેકૂ પ્રતિદાને અર્થમાં થયું

[૨૨૮૩]

* દિસ્તકાર૦ બૃહદ્વૃત્તિ ભા ૨ ન્યા ૪ પૃ. ૧૭૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



(૯૮) છાશોર્વા ૪/૪/૧૨

★ સૂત્રપૃથ૦ :- છા - શોઃ વા

★ વૃત્તિ :- છો શો ઇત્યેતયોસ્તાદૌ કિતિ પ્રત્યયે ઇ ર્વા સ્યાત્ । અવચ્છિતઃ, અવચ્છાતઃ । નિશિતઃ નિશાતઃ ।

卐 વૃત્યર્થ :-છો-શો ધાતુને ત કારાદિ કિત્ પ્રત્યય લાગ્યા હોય ત્યારે અન્ત્ય સ્વરનો ઇ વિકલ્પે થાય

0 અવ+છો+ક્ત=અવ+છિ+ત વિકલ્પે ઇ થતાં-(૧)સ્વરેભ્યઃ ૧/૩/૩૦ થી છૂ નો ચ્છૂ-અવચ્છિતઃ પક્ષે (૨) આત્સન્ધ્યક્ષરસ્ય ૪/૨/૧ - અવચ્છાતઃ

0 શો - નિશિતઃ પક્ષે નિશાતઃ - સજાવેલ

★ અનુવૃત્તિ :-(૧) (સ્વરાદ્)...તિ કિતિ (૨) દો સો મા...ઇઃ ૪/૪/૧૧

卐 વિશેષ :- 0 ક્તવતુ માં અવ+છો + તવત્ = (૧) અવચ્છિતવાન્ પક્ષે અવચ્છાતવાન્

[૧૧૮૪]

(૯૯) ધાગઃ ૪/૪/૧૫

★ વૃત્તિ :- તાદૌ કિતિ હિઃ સ્યાત્ । વિહિતઃ । પિહિતઃ ।

卐 વૃત્યર્થ :- ત કારાદિ કિત્ પ્રત્યય લાગ્યો હોય તો ધાગ્ (ધા) ધાતુને બદલે હિ થાયછે વિ+ધા+ક્ત=વિ+હિ+ત=વિહિતઃ વિધાન કરેલ [પિહિતઃ સૂત્ર: ૧૦૦નું ઉદા.છે)

★ અનુવૃતિ :-(૧) (સ્વરાદ્...) તિ કિતિ ૪/૪/૪૯ (૨) હાકઃ હિઃ ૪/૪/૧૪ થી હિઃ

卐 વિશેષ :- 0 ધાગ્ માં ગ્ કાર મુકવાથી દ્વે ધાતુને આ નિયમ લાગે

[૧૧૮૫]

(૧૦૦) વાઽવાપ્યોસ્તનિક્રીં ધાગ્નહોરપિ ૩/૨/૧૫૬

★ સૂત્રપૃથ૦ :- વા અવ-અપ્યોઃ તનિ-ક્રી ધાગ-નહોઃ વ-પી

★ વૃત્તિ :- અવસ્યોપસર્ગસ્ય તનિક્રીણાત્યોઃ પરયોરપિ શબ્દસ્ય ધાગ્નહોઃ પરયોર્યથાસઙ્ખ્યં વપી ઇત્યાદેશૌ વા સ્યાતામ્ । અવતંસઃ, વતંસઃ । અવક્રયઃ, વક્રયઃ । અપિધાનમ્, પિધાનમ્ । અપિનદ્ધમ્, પિનદ્ધમ્ ।

卐 વૃત્યર્થ :- અવ ઉપસર્ગ પછી તન્ કે ક્રી ધાતુ આવે અને અપિ ઉપસર્ગ પછી ધા કે નહ્ ધાતુ આવે તો (ઉપસર્ગનો) અનુક્રમે વ અને પિ આદેશ વિકલ્પે થાયછે (અવ્ નો વ્, અપિ નો પિ)

0 તન્ 1 અવતંસઃ પક્ષે વતંસઃ = છોમું

0 ક્રી 2 અવક્રયઃ પક્ષે વક્રયઃ = વકરો

0 ધા 3 અપિધાનમ્ પક્ષે પિધાનમ્ પક્ષે સૂત્ર: ૯૯ થી ધા નો હિ-પિહિતમ્ = ઢાંકેલું

0 નહ્ 4 અપિનદ્ધમ્ પક્ષે પિનદ્ધમ્ = પહેરેલું

卐 વિશેષ :- 0 1 અવતંસઃ = અવ+તન્+સ*= (શિઙ્હેઽનુસ્વારઃ) અવતંસઃ 2 અવક્રયઃ=અવ+ક્રી + અલ્= યુવર્ણ...વૃદ...ગ્રહઃ ૫/૩/૨૮ થી અલ્ = (ગુણ થતાં) અવ+ક્રય્+અ 3 અપિધાનમ્=અપિ+ધા+અનટ્ 4 અપિધાનમ્=અપિ+નહ્+ત=નહાહોર્ઘતૌ થી) અપિ+નધ્+ત=(અધશ્ચતુર્થાત્) અપિ+નધ્+ધ=અપિનદ્ + ધ = અપિનદ્ધ

[૧૧૮૬]

(૧૦૧) યપિ ચાઽદો જગ્ધ્ ૪/૪/૧૬

★ સૂત્રપૃથ૦:- યપિ ચ-અદઃ જગ્ધ્

★ વૃત્તિ :-તાદૌ કિતિ યપિ ચાદો જગ્ધ્ સ્યાત્ । જગ્ધઃ ।

■ યજાદિ વચેરિતિ ય્વૃતિ, ઇષ્ટં, ઊઢં, ઉક્તં, ઉષિતં આહૂતઃ, ઊતઃ, સુપ્તઃ

卐 વૃત્યર્થ :- ત કારાદિ કિત્ પ્રત્યય અને યપ્ પ્રત્યય લાગ્યો હોય ત્યારે અદ્ ને બદલે જગ્ધ્ રૂપ આદેશથાય

0 અદ્ + ક્ત = જગ્ધ્ + ત = (ત નો ધ, પૂર્વનો ધ લોપ થતાં) જગ્ધઃ

★ અનુવૃતિ :- (સ્વરાદ્...) તિ કિતિ ૪/૪/૯

卐 વિશેષ :- 0 ક્તવતુ - જગ્ધવાન્

0 યપ્ - પ્રજગ્ધ્ય - ખાઇને - પ્ર+અદ્+ક્ત

0 યપ્ - તિ કેમ કહ્યું ?

અદ્મિ-હું ખાઉં છું -મિ પ્રત્યય અદ્યાત્-અદ્+ક્યાત્ તિ ન

■ શેષવૃત્તિ :- યજાદિ વચેઃ કિતિ ૪/૧/૭૨ થી ય્વૃત - યજ્+તમ્=ઇષ્ટમ્ પૂજેલો (ય નો ઇ) (જ્ નો ષ્)

0 વપ્ + ત = ઉપ્તમ્ (વ નો ઉ) વાવેલો

0 વહ્ + ત = ઊઢમ્ = વહેલો

0 વચ્ + ત = ઉક્તમ્ = કહેલું

0 વસ્ + ત = ઉષિતમ્ = રહેલો

0 આહ્વે + ત = આહૂતમ્ = બોલાવેલો

[૧૧૮૭]

(૧૦૨) તત્ર ક્વસુકાનૌ તદ્વત્ ૫/૨/૨

★ સૂત્રપૃથ૦ :- તત્ર ક્વસુ-કાનૌ તદ્-વત્

★ વૃત્તિ :- પરોક્ષાયાં વિષયે ધાતોઃ ક્વસુ-કાનૌ સ્યાતૌ ચ પરોક્ષાવત્ । ચકૃવાન્, ચક્રાણઃ ।

* સ પ્રત્યય - વ્યવાભ્યાંતનેરીચ્યવેઃ ઉણાદિ સૂત્રઃ ૫ (પૃષ્ઠ : ૪૬) થી સ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



卐 વૃત્યર્થ :– પરોક્ષ ભૂતકાળના વિષયમાં ધાતુને क्वसु (वस्) અને कान (आन) પ્રત્યય થાયછે તે બન્ને પરોક્ષા જેવા ગણાયછે (પરોક્ષાને આ બાને થતું તમામ કાર્ય અહીં થાયછે)

कृ+क्वसु (वस्)=(દ્વિત્વ)कृकृ=(ऋतोऽत्)ककृ=(कङश्चञ्) चकृ = ऋदुदितः १/४/७० થી न् આગમ–चकृवन्स्=(न्स महतोः १/४/८६) चकृवान्स्=(पदस्य २/१/८९ થી) स् લોપ चकृवान्

0 कृ+कान=(ઉપર મુજબ) चकृ+कान (आन, = चक्राण; = જેણે કર્યું છે તેવો

★ અનુવૃત્તિ :– श्रुसदवसभ्यः० ५/२/१ થી परोक्षा

卐 વિશેષ :– 0 क्वसु પ્રત્યય પરસ્મૈપદી હોવાથી (शतृक्वसू च परस्मै पदम् ३/३/९ થી) કર્તરિ માં અને कान આત્મનેપદી (पराणि कानानशौ चात्मने पदम् ३/३/२९) હોવાથી કર્તરિમાં आ प ધાતુને તથા ભાવ-કર્મણીમાં તમામને થાયછે

0 क् કાર कित् કાર્ય માટેછે,

0 उ કાર इत् છે તે न् આગમ માટે

0 तत्र શબ્દથી પરોક્ષાનું ગ્રહણ કરેલછે

[૧૧૮૮]

(૧૦૩) घसेकस्वरातः क्वसोः ४/४/८२

★ સુત્રપૃથ૦ :– घस्-एकस्वर आतः क्वसोः

★ વૃત્તિ :– घसेरेकस्वरादादन्ताच्च धातोः परस्य क्वसोरिट् स्यात्। जक्षिवान्। आदिवान्। ययिवान्। पेचिवान्। पेचानः।

卐 વૃત્યર્થ :– घस् ધાતુ એકસ્વરી ધાતુ आ કારાન્ત ધાતુને क्वसु પ્રત્યય પૂર્વે इट् થાય 0 घस्+क्वसु =जक्षिवान् (१) દ્વિત્વ :– घघस् (२) દ્વિતીય–तुर्ययोः० गघस् (३) गहोर्जः – जघस् (४) આ સૂત્રથી इट्–जघस् +इट्+वस् (પ્રત્યય છે જ) (५) गमहनजन० १/२/४४ ઉપાન્ત્ય લોપ–जघ्स् (६) अघोषेप्रथमो–जक्स् (७) घस्वसः २/३/३६ –जक्ष्+इ+वस् (८) न् આગમ स् લોપ દીર્ઘત્વ जक्षिवान्

0 એકસ્વરી :–अद्+वस्=आद्+इ + वस् = आदिवान्= જ-મેલો (अस्यादेरा परोक्षायाम् ४/१/६८ થી अ નો आ

0 आ કારાન્ત :– या+वस्=ययिवान् ગયેલો (१) દ્વિત્વ –याया (२) હ્રસ્વ (यया+इट्+वस् ३) इडेत्युसिचातोलुक् यय्+इ+वस् (४) ઉપર મુજબ – ययिवान्

0 पेचिवान् – જેણે રાંધ્યું છે તેવો– पच्+वस्=अनादेशारेक० ४/१/२४ થી पच् નું पेच्

★ અનુવૃત્તિ :–(१) स्क्रसृवृभृ...परोक्षायाः ४/४/८१ થી परोक्षायाः (२) ऋवृव्ये...इट् ४/४/८० થી इट्

卐 વિશેષ :– 0 પરોક્ષા કેમ કહ્યું ? विद्वान् અહીં विद्+क्वसु (वस्) વર્તમાનાનો છે તેથી इट् ન લાગે

0 क्वसो કેમ કહ્યું ? विभिदिव=भिद्+व પરોક્ષા પ.પુ દ્વિ.વ. वस् નથી

[૧૧૮૯]

(૧૦૪) गमहनविद्लृविशदृशो वा ४/४/८३

★ સૂત્રપૃથ૦ :– गम–हन–विद्लृ–विश–दृशः वा

★ વૃત્તિ :– एषां पञ्चानां क्वसोरिड् वा स्यात्। जग्मिवान्, जगन्वान्। जघ्निवान्, जघन्वान्। विविदिवान्, विविद्वान्। विविशिवान्, विविश्वान्। ददृशिवान्, ददृश्वान्

卐 વૃત્યર્થ :– गम्, हन्, विद्लृ (ગણ: ६/1322) विश् અને दृश् ધાતુઓને લાગેલા क्वसु પૂર્વે વિકલ્પે इट् થાય

0 गम् + वस् (क्वसु) = (१) દ્વિત્વ (२) गहोर्जः થી ज (३) इट् લે તો गमहनजन ४/२/४४ થી ઉપાન્ત્ય અ લોપ વિકલ્પે इट् ન લે તો मोनोम्वोश्च २/१/६७ થી म् નો न् → जग्मिवान् પક્ષે जगन्वान्

0 हन्+वस् – जघ्निवान् પક્ષે जघन्वान्

(१) દ્વિત્વ (२) गमहनजन० ४/२/४४ થી અ લોપ (३) हनो ह्वो घ्नः २/१/११२ થી घ्न (४) हनोज–जघ्न् +इ+वस् = जघ्निवान् પક્ષે (१) દ્વિત્વ (२) अङेहि हनो ४/१/३४ થી ह નો घ (३) गहोर्जः થી પૂર્વે ह નો ज जघन् + वस् = जघन्वान् એ-જ-રી-તે विविदिवान् પક્ષે विविद्वान् લાભ પામનાર

0 विविशिवान् પક્ષે विविश्वान् વગેરે

★ અનુવૃત્તિ :– (१) घसेकस्वरात्० ४/४/८८ થી क्वसोः (२) ऋवृव्ये० ४/४/८० થી इट्

卐 વિશેષ :– 0 लृ કાર વાળો विद् ધાતુ ગ્રહણ કરવાથી "મેળવવું" અર્થવાળો विद् જ લેવો– જ્ઞાન અર્થમાં તો विविद्वान् જ થાય –

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સત્તા–વિચારણાઅર્થ વાળા માં તો આત્મનેપદથી क्वसु લાગેજ નહીં– *જેમ विश् નું સાહચર્ય છે તેમ हन् નું પણ સાહચર્ય છે તેથી अदादि–विद् લેવો કે अन्–अदादि એવી શંકાના નિવારણ માટે विद्ल મૂક્યું

[૧૧૯૦]

(૧૦૫) शत्रानशावेष्यति तु सस्यौ ५/२/२०

★ સૂત્રપૃથ૦ :– शतृ–आनशौ–एष्यति तु सस्यौ

★ વૃત્તિ :– वर्तमाने धातौ शत्रानशौ स्याताम् । भविष्यत्काले तु तौ सस्यौ । यान् । शयान । यास्यन् ।

卐 વૃત્યર્થ :– વર્તમાનામાં ધાતુને शतृ (अत्) आनश् (आन) પ્રત્યય થાય અને ભવિષ્ય કાળ માં स्य પૂર્વક આ પ્રત્યયો થાય (स्यतृ, स्यानश्)

0 या+शतृ=यान् જતો છતો – या+अत्=(ऋदुदितः १/४/७० થી न् આગમ) या+न्+त्=पदस्य २/१/८९ થી લોપ–यान्

0 शी+आनश्=शयानः – शी+अन शे+आन=शय्+आन =સૂતો છતો शीङ् एः शिति થી इ નો ए બન્ને વર્તમાન કૃદન્તના ઉદાહરણો છે.

0 ભવિષ્ય કૃદન્ત :– या+स्यत्+यास्यन् (न् આગમ – त् લોપ) પછી જનારો

★ અનુવૃત્તિ :– सति ५/२/१९ (वर्तमाना)

卐 વિશેષ :– 0 शतृ–आनश् માં श् કાર शित् કાર્ય માટે છે, ऋ કાર न् આગમ માટે છે

0 शित् છે માટે જે–તે ગણના (વિકરણ) પ્રત્યયો પણ લાગશે જેમકે गच्छतः गम्+शतृ (अत्)=गम्+शव् (अ) + अत् થયું – એટલે કે ગણઃ ૧ નો વિકરણ લાગ્યો

0 एष्यति થી ભવિષ્યન્તિ અર્થ લેવો

0 शतृ – પરસ્મૈપદમાં, आनश् – આત્મનેપદમાં થાય

[૧૧૯૧]

(૧૦૬) अतो म आने ४/४/११४

★ વૃત્તિ :– धातो र्विहिते आनोऽतो मोऽन्तः स्यात् । पचमानः शयिष्यमाणः ।

■ आसीनः । निपातोऽयम् ।

卐 વૃત્યર્થ :– ધાતુથી વિહિત એવો आन પ્રત્યય अ કારાન્ત ધાતુને લાગતા म થી પર म् આગમ થાયછે (ભવિષ્ય કૃદન્ત :–) शी+स्य+आनश्=शी+स्य+आन=शी+इट्+स्य+आन=(આ સૂત્રથી अ થી પર म्) शी+इ+स्यमान=शयिष्यमाणः હવે પછી સૂનારો

0 (વર્તમાન કૃદન્ત) पच्+शव्+आनश्=पचमानः રાંધતો

卐 વિશેષ :– 0 अतः કેમ કહ્યું ?

शी + आन = शयानः અહીં ई થી પર છે

0 आन કેમ કહ્યું ?

पच् + अ + अत् = पचन् રાંધતો

■ શેષવૃત્તિ :–(૨૫) आसीनः ४/४/११५ आस्धातुनुं आन પ્રત્યયવાળું आसीनः રૂપ નિપાતન કરાયછે [૫૬૪]

[૧૧૯૨]

(૧૦૭) अवर्णान्तादश्नोऽन्तो वाऽतुरीङ्योः २/१/११५

★ સૂત્રપૃથ૦ :– अवर्णान्तात् अश्नः अन्तः वा अतुः ई – ङ्योः

★ વૃત્તિ :– श्नावर्जादवर्णात्परस्य अतुरीङ्योः परयोरन्तो वा स्यात् । तुदती, तुदन्ती । भाती, भान्ती ।

■ श्यच्छवश्च नित्यम् । दीव्यन्ती । पचन्ती ।

卐 વૃત્યર્થ :– श्ना સિવાયના अ વર્ણાન્તથી પર अतृ પ્રત્યય પછી ई અથવા ङी પ્રત્યય હોયતો તે अत् નો अन्त् આદેશ વિકલ્પે થાય

0 तुदती પક્ષે तुदन्ती–तुद्+अ+अत+ङी (ई)=(लुगस्या० २/१/११४ થી अ લોપ) तुद्+अत्+ई=तुदती પક્ષે વિકલ્પે अन्त् થાયતો तुदन्ती પીડા કરતી સ્ત્રી

0 भाती પક્ષે भान्ती – भा+अत्+ई = (નપું. દ્વિ. વ. માં ई) = શોભતાં બે કુળ

卐 વિશેષ :– 0 अ વર્ણથી પર કેમ કહ્યું ?

अद्+अत्+ङी=अदती = ખાતી અહીં द् થી પર अत છે માટે अन्त् ન થાય

0 अश्नः કેમ કહ્યું ?

लूनति–लू+श्ना (न)+अत्+ङी श्ना પ્રત્યયછે માટે સૂત્ર ન લાગે

0 अतुः એટલે अत (शतृ) પ્રત્યયનો ષષ્ઠી એ.વ. થાય

0 ङी (ई) નારીજાતિ સૂચક

0 ई – નપુ લિંગ – દ્વિ. વ. (औरीः થી)

■ શેષવૃત્તિ :– (૨૬) श्यशवः २/१/११६ (ગણઃ ૪ નો) श्य અને (ગણઃ ૧ નો) शव् પ્રત્યય લાગે ત્યારે જો ई–ङी પરમાં હોયતો अत् નો अन्त् આદેશ નિત્ય થાય

0 दीव्यन्ती – ક્રીડા કરતી સ્ત્રી दिव्+य+अत्+ङी

0 पचन्ती – રાંધતા બે કુળો पच्+अ+क्रत्+ङी [૫૬૫]

[૧૧૯૩]

* यथा वेशेषा० पूर्वद्वृत्ति भा. २ न्या स, पृ. १९८

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


## (૧૦૮) तौ माङ्-याक्रोशेषु ५/२/२१

★ સૂત્રપૃથ૦ :– तौ माङि आक्रोशेषुः

★ વૃત્તિ :– माङ्युपपदे आक्रोशे गम्ये तौ शत्रानशौ स्याताम् । मा पचन् जाल्मो ज्ञास्यति । मा पचमानः

■ वा वेत्तेः क्वसुर्वर्तमाने । त्वं विद्वान्, विदन् ।

卐 વૃત્યર્થ :– આક્રોશ અર્થ જણાતો હોય અને ધાતુ સાથે મા નો સંયોગ હોયતો (ધાતુને) શતૃ અને આનશ્ પ્રત્યય થાયછે.

0 मा पचन् जाल्मः ज्ञास्यति–રાંધતો નહીં-લુચ્ચો જાણશે –અહીં પચન માં પચ્+શવ્+શતૃ પ્રત્યય છે ऋदुदितः થી ન આગમ થઇ પદસ્ય થી તૂ લોપ થયો

0 मा पचमानः – ન રાંધતો – પચ્+આનશ્ પચ્+અ +માન (અતો મ આને થી અ પર મ આગમ થયો

★ અનુવૃત્તિ :– शत्रानशौ...(सस्यौ) ५/२/२०

卐 વિશેષ :– 0 आक्रोशेषु બાવ. થી વર્તમાન કાળ ઉપરાંત અન્ય કાળોમાં પણ આ પ્રત્યયો લાગશે તેમ સમજવું

■ શેષવૃત્તિ :– (૨૭) वा वेत्ते क्वसुः ५/२/२२ विद् ને વર્તમાના માં વિકલ્પે क्वसु પ્રત્યય થાય विद्+वस्=विद्वान् પક્ષે (शतृ) विद्वन् [५६६]

## [૧૧૯૪]

## (૧૦૯) वयः शक्ति शीले ५/२/२४

★ વૃત્તિ:–एषु गम्येषु सत्यर्थे वर्तमानाद्धातोः शानः स्यात् वयः कतीह शिखण्डं वहमानाः । शक्तिः कतीह स्त्रियं गच्छमानाः । शीलं कतीह परान् निन्दमानाः।

卐 વૃત્યર્થ :– वय–ઉમર, शक्तिशील–સ્વભાવ અર્થ જણાતો હોયતો ધાતુને વર્તમાન કાળમાં शान (आन) પ્રત્યય થાયછે

વય :– कतीह शिखण्ड वहमानाः કેટલાંક માથા પર વાળ ના જૂલફાં રાખનારા

શક્તિ :– 1 कतीह स्त्रियं गच्छमानाः કેટલાંક સ્ત્રિ પાસે જનારાઓ

સ્વભાવ :– कतीह परान् निन्द मानाः કેટલાંક બીજાંની નિન્દા કરનારા (પ્રત્યય–માન છે અતો મ આને થી આન નું માન થયું છે

★ અનુવૃત્તિ :–(૧) पूङ् यज शानः ५/२/२३થી शानः (૨) सति ५/२/१९

卐 વિશેષ :– 0 1 નોંધ :– અહીં જે શક્તિનું ઉદાહરણ બતાવેલ છે તે સિદ્ધહેમ વ્યા. માં वय નું બતાવેલ છે સ્ત્રિયં गच्छमानाः સ્ત્રિ પાસે જનાર એ ઉંમરને આશ્રીને જ ઉચિત લાગેછે શક્તિ અર્થના ઉદાહરણમાં समश्नानाः સારી પેઠે ખાનાર (सम्+अश्+ना+आन)

## [૧૧૯૫]

## (૧૧૦ धारीङोऽकृच्छ्रेऽतृश् ५/२/२५

★ સૂત્રપૃથ૦ :– धारि-इङः अ-कृच्छ्रे अतृश्

★ વૃત્તિ :– सुखसाध्येऽर्थे वर्तमानयोरनयोरतृश् स्यात् । धारयन्नाचारागमम् अधीयंस्तत्त्वार्थम् ।

卐 વૃત્યર્થ :– સુખેથી સાધી શકાય એવા અર્થ માં धार् ધાતુને તથા इङ् ધાતુને વર્તમાન કાળના અર્થમાં कतृश् (अत्) પ્રત્યય લાગે છે धारयन् आचाराङ्गम् – આચારાંગ નામક સૂત્રને સુખેથી ધારણ કરતો धार्+इ +शव्+अत् = धारय्+अत्=(न् આગમ તૂ લોપ થતાં) धारयन्

0 अधीयंस्तत्त्वार्थम्–તત્વાર્થને જાણતો अधि+इ+अ (शव्) +अत् (धातोरिवर्णो वर्णस्ये થી इय्) अधीय्+अत् = अधीयन् (ઉપર મુજબ)

★ અનુવૃત્તિ :– सति ५/२/१९

卐 વિશેષ :– 0 अकृच्छ्र કેમ કહ્યું ? कृच्छ्रेण धारयति यति धर्मम्–यति–ધર્મને દુઃખેથી ધારણ કરે છે.

* इङ् જોકે આત્મનેપદી છે છતાં અત્રે વિધાન સામર્થ્યથી शतृ (अतृश्) પ્રત્યય થાય અને धार् ને ફળવાન કર્તા માં अकृच्छ्र અર્થમાં જ शतृ (अतृश्) થાય તેવા નિયમ ને માટે આ સૂત્ર છે.

## [૧૧૯૬]

## (૧૧૧) तृन् शील धर्म साधुषु ५/२/२७

★ વૃત્તિ :– शीलादिषु सदर्थाद्धातोस्तृन् स्यात् । कर्ता कटम् । शीलादि सदर्थोऽधिकार समाप्तिं यावदनुवर्त्तते ।

* इङ्...બૃહદ્વૃત્તિ ભા. ૨, ન્યા. સ. ૫ ૨૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


卐 વૃત્યર્થ :- શીલ (સ્વભાવ) ધર્મ (કુળાચાર) સાધુ (સારું) અર્થ સૂચવાતો હોયતો ધાતુને વર્તમાન કાળના અર્થમાં તૃ (તૃન્) પ્રત્યય થાયછે. જેમકે :- કર્તા કટમ્ સાદડી કરનાર - કૃ+તૃન્=(ગુણ) કર્+તૃ+સિ =(સેર્ડા) કર્તૃ+ડા=કર્ત્+આ=કર્તા

0 શીલધર્મ સાધુષુ અધિકાર ૫/૨/૮૩ સૂત્ર સુધી અને અહીં પ્રક્રિયામાં સૂત્ર ૧૨૯ સુધી અનુવર્તે છે

★ અનુવૃત્તિ :- સતિ ૫/૩/૯

卐 વિશેષ :- 0 શીલાદિ કેમ કહ્યું ?

કર્તા કટસ્ય સાદડીનો કર્તા - અહીં શીલાદિ અર્થાભાવે ણકતૃચૌ ૫/૧/૪૮ થી તૃચ્ થયોછે.

સૂત્રમાં સાધુષુ એવું બાવ. કેમ ?

પછીના સૂત્ર સન્-ભિક્ષા શંસેરુ: ૫/૨/૩૦ માં યથાસંખ્યમ્ ન થાય તે માટે

0 નપ્તૃ-નેષ્ટૃ-શતૃ-હોતૃ-પોતૃ આ બધાં ઉણાદિ પ્રત્યયાન્ત શબ્દો છે તૃન પ્રત્યયાન્ત નહીં.

## [૧૧૯૭]

(૧૧૨) भ्राज्यलंकृग्निराकृग्भूसहिरुचिवृतिवृधि चरि प्रजनापत्रप इष्णुः ૫/૨/૨૮

★ સૂત્રપૃથ૦ :- भ्राजि-अलंकृग्-निराकृग्-भू-सहि रुचि-वृति-वृधि-चरि-प्रजन अप त्रप इष्णुः

★ વૃત્તિ :- एभ्य एकादशभ्य इष्णुः स्यात् । भ्राजते इत्येवंशीलो भ्राजिष्णुः । अलंकरिष्णुः । निराकरिष्णुः । भविष्णुः सहिष्णुः । रोचिष्णुः । वर्तिष्णुः । वर्धिष्णुः । चरिष्णुः । प्रजनिष्णुः । अपत्रपिष्णु ।

卐 વૃત્યર્થ :- શીલાદિ અર્થમાં વર્તતા भ्राज् વગેરે ૧૧ ધાતુઓને इष्णु પ્રત્યય થાયછે - भ्राजिष्णुः સ્વભાવથી શોભતો भ्राजते इति एवं शीलः= भ्राज्+इष्णु નોંધ :- દરેક ઉદાહરણમાં સ્વભાવથી, કુળાચારથી, સારી રીતે ત્રણે અર્થ લેવા -

0 अलंकरिष्णुः અલંકૃત થનારો - કૃનો ગુણ થયો
0 निराकरिष्णुः નિરાકરણ કરનારો-निराकृ + इष्णु
0 भविष्णुः થનારો भ्रू+इष्णु
0 सहिष्णुः સહેનારો सह्+इष्णु
0 रोचिष्णुः વધનારો रुच्+इष्णु
0 वर्धिष्णुः રૂચિવાળો वृध्+इष्णु
0 प्रजनिष्णुः પેદા થાનારો प्रजन्+इष्णु
0 अपत्रपिष्णुः શરમાનારો अप+त्रप्+इष्णु

卐 વિશેષ :- 0 સ્પષ્ટ

## [૧૧૯૮]

(૧૧૩) उदः पचिपति पदि मदेः ૫/૨/૨૯

★ સૂત્રપૃથ૦ :- उदः पचि-पति-पदि-मदेः

★ વૃત્તિ :- उत्पूर्वेभ्य एभ्य इष्णुः स्यात् । उत्पचिष्णुः ।

■ भूजेः ष्णुक् । भूष्णुः जिष्णुः । स्थाग्लाम्ला पचिपरिमृजिक्षेः स्नुः/स्थास्नुः ग्लास्नुः, म्लास्नुः । पक्ष्णुः,परिमाक्ष्णुः, क्षेष्णुः । त्रसिगृधि धृषि क्षिपः क्नुः । त्रस्नुः, गृध्नुः, धृष्णुः, क्षिप्नुः ।

卐 વૃત્યર્થ :- उत् પૂર્વક पच्-पत्-पद्-मद् ધાતુઓને (શીલાદિ અર્થમાં વર્તમાના માં) इष्णु પ્રત્યય થાય

0 उत्पचिष्णुः રાંધનારો - उत्पचति इति
0 उत्पतिष्णुः ઉત્પન થવું - उत्+पत्+इष्णु

★ અનુવૃત્તિ :- भ्राज्यलंकृग्० ૫/૨/૨૮ થી इष्णु

卐 વિશેષ :- 0 સ્પષ્ટ

■ શેષવૃત્તિ :- (૨૮) भूजेः ष्णुक् ૫/૨/૩૦ भू અને जि ધાતુને ष्णुक् પ્રત્યય થાય भू+ष्णुक्=भूष्णुः થનારો जि+ष्णुक्=जिष्णुः - જય પામનારો [૫૬૭]

(૨૯) स्था ग्लाम्ला पचि परिमृजि-क्षेः स्नुः ૫/૨/૩૧ स्था વગેરે છ ધાતુને स्नु પ્રત્યય થાય. स्था+स्नु=स्थास्नुः સ્થિર રહેનારો - तिष्ठते इति एवंशीलं

0 ग्लास्नुः = ग्ला + स्नु - ગ્લાનિ પામનારો
0 म्लास्नुः = म्ला+स्नु - મ્લાન થનારો
0 पक्ष्णुः = पच्+स्नु - રાંધનારો
0 परिमाक्ष्णुः=परिमृज्+स्नु - સાફ કરનારો [૫૬૮]

(૩૦) त्रसि-गृधि-धृषि क्षिपः क्नुः ૫/૨/૩૨ त्रस्, गृध्, धृष्, क्षिप् ધાતુઓને क्नु પ્રત્યય થાયછે

0 त्रस् + क्नु = त्रस्नुः - ડરનારો
0 गृध्नुः = લાલચુ गृध् + क्नु
0 धृष्णुः = બેશરમ - धृ+स्नु [૫૬૯]

## [૧૧૯૯]

(૧૧૪) सन् भिक्षा शंसेरुः ૫/૨/૩૩

★ વૃત્તિ :- सन्नन्तादिभक्षाशंसिभ्यां च उः स्यात् । लिप्सुः । भिक्षुः ।

■ शृवन्देरारुः । विशरारुः । वन्दारुः शीङ्श्रद्धा निद्रा तन्द्रादयिपतिगृहि स्पृहेरालुः । शयालुः । आमन्ताल्वाय्येत्ययादेशे पतयालुः । स्पृहयालुः ।

卐 વૃત્યર્થ :- सन् અંતે હોય તેવા ધાતુઓને भिक्ष् ધાતુને, आ + शंस् (ઇચ્છા અર્થવાળા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ધાતુને ઉ પ્રત્યય થાયછે (શીલાદિ અર્થમાં-વર્તમાના માં હોય તો)

0 લિપ્સુ – લાભ ઇચ્છનારો લબ્ધુમ્ ઇચ્છતે ઇતિ – લભ્+સન્+ઉ=(રમલભશક...ઇ:૪/૧/૨૧ થી અ નો ઇ અને દ્વિત્વનિષેધ)-લિભ્+સ્+ઉ=(અઘોષે પ્રથમો થી ભ્ નો પ્) લિપ્સુ

0 ભિક્ષુ: = ભિક્ષ્ + ઉ = ભિક્ષા લેનારો

0 આશસુ: = આ + શંસ્ + ઉ = ઇચ્છા કરનારો

卐 વિશેષ :– 0 શંસ્ ધાતુ આઙ્: શસુઙ્ ઇચ્છાયામ્ – ભ્વાદિ – આત્મનેપદ જ લેવા

0 સન્ – તુમર્હાદિચ્છાયાં સન્ ૩/૪/૨૧

■ શેષવૃત્તિ :– (૩૧) શૃવન્દેરારુ: ૫/૨/૩૫ શૃ અને વન્દ્ ધાતુને આરુ પ્રત્યય થાય વિશરારુ:=વિ+શૃ+આરુ=નાશવંત

વન્દારુ: = વન્દ્+આરુ=વન્દન કરનાર [૫૭૦]

(૩૨) શીઙ્-શ્રદ્ધા-નિદ્રા-તન્દ્રા દયિ પતિ ગૃહિ સ્પૃહેરાલુ: ૫/૨/૩૭ શીઙ્ વગેરેને આલુ પ્રત્યય થાય શેત ઇતિ– શયાલુ: સૂનારો શી+આલુ = (ગુણ થઇને) શય્+આલુ

0 પતયાલુ: પતિ કરનાર પત્+ણિ+આલુ = ( આમન્તાલુ આય્ય ૦ ૪/૩/૮૫ થી ણિ નો અય્) પત્+અય્+આલુ

0 સ્પૃહયાલુ:=સ્પૃહા કરનાર સ્પૃહ્+ણિ+આલુ [૫૭૧]

## [૧૨૦૦]

(૧૧૫) ઙૌ સાસહિં વાવહિ ચાચલિપાપતિ: ૫/૨/૩૮

★ સૂત્રપૃથ૦ :– ઙૌ સાસહિ–વાવહિ–ચાચલિ–પાપતિ:

★ વૃત્તિ :– એતે ઙ્યન્તા નિપાતા:

■ સસ્રિચક્રિદધિ જજ્ઞિ નેમિ: ૫/૨/૩૯ શૃકમગમહનવૃષભૂસ્થ ઉકણ્। લષપતપદસ્તથા। શારુક:,કામુક:। અભિલાષુક:

卐 વૃત્યર્થ :– યઙ્ પ્રત્યય વાળા ઙિ (ઇ) પ્રત્યયાન્ત એવા સાસહિં: ખૂબ કે વારંવાર સહન કરનારો ચાચલિ: ખૂબ ચાલનારો પાપતિ: વારંવાર પડનારો નિપાતન કરાય છે

卐 વિશેષ :– 0 સાસહ્યતે ઇતિ એવં શીલ:=સાસહિ:

0 વાવહ્યતે = વાવહિ: 0 ચાચલ્યતે = ચાચલિ:

■ શેષવૃત્તિ :– *(૩૨) સસ્રિ ચક્રિ દધિ જજ્ઞિ નેમિ: ૫/૨/૩૯ આ શબ્દો ઙિ અન્તવાળા શીલાદિ અર્થમાં નિપાતન કરાયા છે

સસ્રિ: ઘણું કે વારંવાર સરનારો – સરતિ ઇતિ એવં શીલ:

0 ચક્રિ: ઘણું કરનારો 0 દધિ: વારંવાર ધારણ કરનારો

0 જજ્ઞિ: ઘણું જાણનારો

0 નેમિ: ઘણું નમનારો [૫૭૨]

(૩૪) શૃકમગમહનવૃષભૂસ્થ ઉકણ્ ૫/૨/૪૦ શૃ–કમ્–ગમ્–હન્–વૃષ્–ભૂ–સ્થા ધાતુઓને ઉકણ્ (ઉક) પ્રત્યય થાયછે (વર્તમાનામાં)

0 શૃ–શારુક: નાશ કરનારો – શૃ + ઉકણ્

0 કમ્–કામુક:=કમ્+ઉકણ્ [૫૭૩]

(૩૫) લષપતપદ: ૫/૨/૪૧ લષ્–પત્ – પદ્ ધાતુઓને ઉકણ્ પ્રત્યય થાય

0 અભિલાષુક: – અભિલાષ કરનારો.

અભિ + લષ્ + ઉકણ્ [૫૭૪]

## [૧૨૦૧]

(૧૧૬) દ્રમક્રમો યઙ: ૫/૨/૪૬

★ સૂત્રપૃથ૦ :– દ્રમ – ક્રમ: યઙ:

★ વૃત્તિ :– યઙન્તાભ્યાંમાભ્યામન: સ્યાત્ । દન્દ્રમણ: । ચઙ્ક્રમણ: ।

卐 વૃત્યર્થ :– યઙન્ત એવા દ્રમ્ અને ક્રમ્ ધાતુઓને અન પ્રત્યય થાયછે

0 દન્દ્રમણ: = વાકું ચાલનારો– કુટિલ દ્રમતિ ઇતિ એવં શીલં– દ્રમ્+યઙ્=દ્રદ્રમ્=ય=મુરતોઽનુ૦ ૪/૧/૫૧ થી મુ–તૌ મુમો થી મ્ નો ન્ દન્દ્રમ્+ય+અન=(અત: ૪/૩/૮૨ થી અ લોપ યોઽશિતિ ૪/૪/૮૦ થી યૂ લોપ) દન્દ્રમન ન્ નો ણ્) પ્ર. એ વ. દન્દ્રમણ:

0 ચઙ્ક્રમણ: = વાકું ફરનારો ક્રમ્+યઙ્=કમ્ક્રમ્+ય+અન =ચમ્ક્રમ્+ય+અન=ચઙ્ક્રમ્ન+અન= ચઙ્ક્રમણ:

★ અનુવૃત્તિ :– ભૂષા ક્રોધાર્થ૦ થી અન

卐 વિશેષ :– 0 યઙ્ પ્રત્યય :– (1) ગત્યાર્થાત્ કુટિલે ૩/૪/૧૧ થી યઙ્ (2) મુરતોઽનુનાસિકસ્ય ૪/૧/૫૧ થી મ્ આગમ–આ સૂત્રથીજ ક્રમ્, દ્રમ માં પૂર્વે મ્ આગમ

0 તૌ મુમો ૧/૩/૧૪ થી મ્ નો સ્વ અનુનાસિક લેતા ન્ કે ઙ્

0 યઙન્ત અર્થ કેમ લીધો ?

પ્રત્યય પ્રકૃત્યાદે: થી પ્રત્યય પ્રકૃતિનું વિશેષણ બનેછે વિશેષણ મન્ત: થી અન્તનું ગ્રહણ થાયછે માટે યઙન્ત

## [૧૧૦૨]

(૧૧૭) યજિ જપિ દંશિ વદાદૂક: ૫/૨/૪૭

★ સૂત્રપૃથ૦ :– યજિ–જપિ–દંશિ–વદાદ્–ઊક:

★ વૃત્તિ :– યઙન્તેભ્ય એભ્યશ્ચતુર્ભ્ય ઊક: સ્યાત્ । યાયજૂક: જઞ્જપૂક: । દન્દશૂક: વાવદૂક:

* શેષવૃત્તિ – હૈમપ્રકાશ ઉત્તરાર્ધ – પૃ. ૮૭૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



卐 વૃત્યર્થ :– यङ् પ્રત્યયવાળા यज्, जप्, दंश्, वद् ધાતુઓને ऊक् પ્રત્યય થાયછે (शीलादिषु–वर्तमाना માં)

0 यज् :– पुन पुनः यजति=यायजूकः વારંવાર પૂજનારો (૧) यज्+यङ्=(૨) દ્વિત્વ–ययज् (૩) આ ગુણાવન્યાદેઃ થા ય નો यायज्-(૪) આ સૂત્રથી ऊक्-यायज्+य+ऊक् (૫) अतः, योऽशिति–य લોપ यायज्+ऊक=यायजूकः

0 जप् जञ्जपूकः=मृशं – पुनर्पुनर्वा जपति– ઘણું અથવા વારંવાર જપેછે जप्+यङ् –દ્વિત્વ–अनादि નો લોપ, जजप्+य=(जपञभ० ૪/૧/૫૩ થી म् આગમ ज ના યોગે ञ् ) जञ्जप् + य = जञ्जपूकः

0 दश् दन्दशूकः = વારંવાર ડંસ દેનાર

0 वद्–वावदूक. = બહુ બોલનારો

★ અનુવૃત્તિ :– द्रमकमोर्यङः ૫/૨/૪૬ થી यङः

卐 વિશેષ :– 0 સ્પષ્ટ

[૧૨૦૩]

(૧૧૮) जागुः ૫/૨/૪૮

★ વૃત્તિ :– तस्मादुकः स्यात् । जागरुकः

■ शमष्टकाद्युजादिभ्यश्च घिनण् वक्तव्यः

卐 વૃત્યર્થ :– जागृ ધાતુને ऊक પ્રત્યય થાયછે (વર્તમાનામા)

0 जागरुकः = જાગનારો–સાવચેત जागर्ति इति एवं शीलः = जागृ+ऊक=(जागुः किति ૪/૩/૬ થી ગુણ) जागर्+ऊक

★ અનુવૃતિ :– यजिजपि० ૫/૨/૪૭ થી ऊकः

卐 વિશેષ :– 0 સ્પષ્ટ

■ શેષવૃત્તિ :– (૩૬) शम् अष्टकात् घिनण् ૫/૨/૪૯ અકર્મક એવા शव्–दम्–तम्–श्रम्–भ्रम् – क्षम्–मद्–क्लम् આઠ ધાતુઓને ( વર્તમાનામાં ) घिनण् (इन्) પ્રત્યય થાયછે

0 शम्+घिनण्=शम्+इन्=(પ્ર. એ.વ.) शमी–(અહીં मो ...यमिरमिनमि० ૪/૩/૫૫ થી વૃદ્ધિ નિષેધ છે.

0 दम्+घिनण्=(इन्) = दमी [૫૭૫]

[૧૨૦૪]

(૧૧૯) क्तेऽनिटश्चजोः कगौ घिति ૫/૨/૪૯

★ સૂત્રપૃથ૦ :– क्ते अनिटः च–जोः क–गौ घिति

★ વૃત્તિ :– क्तेऽनिटो धातोश्चजोर्घिति प्रत्यये परे कगौ स्याताम् । शमी, योगी, भोगी । क्ते इति किम् । अर्च्यः

卐 વૃત્યર્થ :– क्त પ્રત્યય લાગતા જે अनिट् –(इट् ન લેતા) ધાતુઓ હોય તેવા ધાતુઓને घ–इत् હોય તેવા પ્રત્યય લાગતા च् નો क् અને ज् નો ग् થાયછે (शमी* – આ ઉદાહરણ ઉપરોક્ત સૂત્રની શેષવૃત્તિનું હોય ત્યાં નોંધેલ છે.)

0 योगी – युनक्ति इति – युज् + घिनण्

[(૩૬) युज–भुज–त्यज–रञ्ज–द्विष–दुष–द्रुह– दुहाऽभ्याहनः ૫/૨/૫૦ युज વગેરેને शीलादि અર્થમાં વર્તમાનામાં घिनण् પ્રત્યય થાયછે. [૫૭૬]

= (પ્રસ્તુત સૂત્રથી ज् નો ग् થતાં અને ગુણ થતાં ) योग्+इन् = (પ્ર એ.વ. થી) योगी એ–જ–રી–તે भुज् + घिनण् = भोगी

0 क्ते કેમ કહ્યું ?

अर्च्य = અર્ચ્ય – अर्च्+ध्यण् = अर्च्य–(ऋवर्णव्यञ्जनाद् ध्यण् ૫/૧/૧૭ થી ध्यण्) – अर्च् ધાતુ क्त પર છતાં સેટ્ છે अर्चितः મતે ध्यण् લાગતા च् નો क् ન થયો

卐 વિશેષ :– 0 अनिटः કેમ કહ્યું ?

संकोचः=सम्+कुच्+घञ्– અહીં क्त લાગતા इट् લે છે માટે च् નો क् ન થાય.

0 युज्, भुज्, भज्, त्यज् વગેરે બધાં એકસ્વરી–વ્યંજનાન્ત અનિટ્ ધાતુઓ છે તેથી આ નિયમ લાગે

[૧૨૦૫]

(૧૨૦) वृङ्-भिक्षिलुण्टि जल्पिकुट्टाट्टकः ૫/૨/૭૦

★ સૂત્રપૃથ૦ :–वृङ्-भिक्षि-लुण्टि-जल्पि-कुट्टाटात् टाक

★ વૃત્તિ :– स्पष्टम् । वराकः । भिक्षाकः

卐 વૃત્યર્થ :– वृङ् (क्र्यादि ગણ: ૯) भिक्ष्, लुण्ट्, जल्प्, कुट्ट ધાતુઓને टाक ( आक) પ્રત્યય થાયછે. (शीलादि અર્થમાં–વર્તમાનામાં)

0 वराकः = બિચારો–वृणीते इति एवं शीलं –वृ+टाक् =(ગુણ) वर्+आक

0 भिक्षाकः = ભિખારી भिक्षू+टाक

0 लुण्टाकः = લુટારો 0 जल्पाकः = બોલનારો

卐 વિશેષ :– 0 ट्–इत् હોવાથી સ્ત્રીલિંગે ङी થાય (अणञेये० ૨/૪/૨૦ થી ङी) वराक+ङी–वराकी – દાસી (अस्यङ्यां लुक् થી वराक् + ई)

[૧૨૦૬]

* શમી વગેરેની નોંધ–અહીં કરી નથી – કેમકે પ્રક્રિયાકારે घित् ની અનુવૃત્તિ घिनण् ના સંદર્ભમાં કરીછે – પણ શમ વગેરેમાં પ્રાપ્તિ જ નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



### (૧૨૧) સૃવસ્યદો મરક્ ૫/૨/૭૩

★ સૂત્રપૃથ૦ :- સૃ-વસિ-અદ: મરક્

★ વૃત્તિ :- સૃમર: । વસ્મર: । અદ્મર:

卐 વૃત્યર્થ :- સૃ-વસ્ અને અદ્ ધાતુઓને મરક્ (મર) પ્રત્યય થાયછે (શીલાદિ અર્થમાં-વર્તમાનામાં)

0 સૃમર: = સર કરનાર સરતિ ઇતિ એવં શીલ: = સૃ+મરક્

0 વસ્મર = ખાનાર - વસ્+મરક્

0 અદ્મર. = ખાનાર - અદ્+મરક્

卐 વિશેષ :- 0 મરક્ માં ક્-ઇત્ છે તેથી ગુણ ન થાય માટેજ સૃ નો ગુણ ન થયો

[૧૨૦૭]

### (૧૨૨) ભક્ષિભાસિમિદો ઘુર: ૫/૨/૭૪

★ સૂત્રપૃથ૦ :- ભક્ષિ-ભાસિ-મિદ: ઘુર:

★ વૃત્તિ :- ભક્ષ્ણુરમ્, ભાસુરમ્, મેદુરમ્

卐 વૃત્યર્થ :- ભક્ષ્, ભાસ્, મિદ્ ધાતુઓને (શીલાદિ અર્થમાં-વર્તમાનામાં) ઘુર (ઉર) પ્રત્યય થાયછે.

0 ભક્ષ્ણુરમ્ = નાશ પામનારું ભક્ષ્+ઘુર=(ક્તેઽનિટશ્ચજો: ૪/૧/૧૧૫થી જ્ નો ગ્, ગ્ ના યોગે ક્ષ થયો ભક્ષ્ગ્+ઉર=

0 ભાસુરમ્ = તેજસ્વી ભાસ્ + ઘુર

0 મેદુરમ્ = હર્ષિત - મિદ્ + ઘુર

卐 વિશેષ :- 0 ઘ કાર મુકયો તે ચ્ નો ક્ અને જ્ નો ગ્ કરવા માટેછે

[૧૨૦૮]

### (૧૨૩) વેત્તિચ્છિભિદ: કિત્ ઘુર: ૫/૨/૭૫

★ સૂત્રપૃથ૦ :-વેત્તિ-ચ્છિદ્-ભિદ: કિત્ ઘુર:

★ વૃત્તિ :- વિદુર:, છિદુર:, ભિદુર:

卐 વૃત્યર્થ :- વિદ્, છિદ્, ભિદ્ ધાતુઓને કિત્-ઘુર પ્રત્યય થાયછે

0 વિદુર: = જાણનાર - વેત્તિ ઇતિ વિદ્+ઘુર - કિત્ હોવાથી ગુણ ન થયો

0 છિદુર: = છેદનાર - છિદ્ + ઘુર

0 ભિદુર: = ભેદનાર - ભિદ્ + ઘુર

卐 વિશેષ :- 0 સિદ્ધહેમ વ્યા. માં સૂત્ર સાથે ઘુર શબ્દ નથી પણ ઉપરોક્ત સૂત્રની અનુવૃત્તિ લાવીછે અહીં પ્રક્રિયાકારે સાથેજ આપેલછે.

0 વેત્તિ થી વિદક્-જ્ઞાને જ લેવું અન્ય વિદ્ ધાતુ નહીં.

0 કિત્ થવાથી ગુણ થાય નહીં.

[૧૨૦૯]

### (૧૨૪) ભિયોરુકલુકમ્ ૫/૨/૭૬

★ સૂત્રપૃથ૦ :- ભિદા: રુ રુક લુક્મ

★ વૃત્તિ :- ભીરુ: । ભીરુક: । ભીલુક:

卐 વૃત્યર્થ :- ભી ધાતુને રુ, રુક, લુક પ્રત્યયો થાયછે 0 બિભેતિ ઇતિ ભી+રુ = ભીરુ: પીજ્ પક્ષે ભી+રુક = ભીરુક: પક્ષે ભી+લુક = ભીલુક:

★ અનુવૃત્તિ :- વેત્તિ ચ્છિભિદ: કિત્ ૫/૨/૭૫ થી કિમ્

卐 વિશેષ :- 0 કિત્ હોવાથી ગુણ ન થાય માટે ભી નો મે ન થયું

[૧૨૧૦]

### (૧૨૫) સૃજીણૂનશષ્ટ્વરપ્ ૫/૨/૭૭

★ સૂત્રપૃથ૦ :- સૃ-જિ-ઇણ્ નશ: ટ્વરપ્

★ વૃત્તિ :- એભ્ય: કિત્ ટ્વરપ્ સ્યાત્ । પ્રસૃત્વર:, જિત્વર: । ઇત્વર:, નશ્વર:

■ ગત્વર: । નિપાતોઽયમ્

卐 વૃત્યર્થ :- સૃ, જિ, ઇણ્, (ઇ), નશ્ ધાતુને કિત્ સંજ્ઞક ટ્વરપ્ ( વર ) પ્રત્યય થાયછે - પ્રસૃત્વર: ચાલનાર. પ્રસરતિ ઇતિ - પ્ર+સૃ+ટ્વરપ્ (વર)=(હ્રસ્વસ્ય ત: પિત્ કૃતિ ૪/૪/૧૧૩ થી ત્) પ્ર+સૃ+ત્+વર

0 જિત્વર: = જય પામનાર-જિ+ટ્વરપ્

0 ઇત્વર: = ગતિ કરનાર (ઇ-એતિ ગતૌ)

0 નશ્વર: = નાશ પામનાર - નશ્+વર ( વ્યંજનાન્ત છે માટે ત્ આગમ ન થાય)

★ અનુવૃત્તિ :-વેત્તિ-ચ્છિ ભિદ: કિત્ ૫/૨/૭૫થી કિત્

卐 વિશેષ :- 0 ટ્વરપ્ પ્રત્યયમાં ટ્ સ્ત્રીલિંગે ઙી ની પ્રાપ્તિ માટે છે જેમકે નશ્વરી - નાશ પામનારી

પ્ - પિત્ હોય માટે છે માટે ત્ આગમ

■ શેષવૃત્તિ :- (૩૮) ગત્વર: ૫/૨/૭૮ ગમ ધાતુનું ટ્વરપ્ પ્રત્યયાન્ત ગત્વર એવું ૩૫ નિપાતન કરાયછે [૫૭૭]

[૧૨૧૧]

### (૧૨૬) સ્મયજસહિંસદીપકમ્પકમનમો ર: ૫/૨/૭૯

★ સૂત્રપૃથ૦ :-સ્મિ-અજસ-હિંસ દીપ કમ્પ-કમ-નમ: ર:

★ વૃત્તિ :- એભ્ય સપ્તભ્યો ર: સ્યાત્ । સ્મેર: । અજસ્રમ્ હિંસ્ર: । દીપ્ર: । કમ્પ્ર: । નમ્ર: ।

卐 વૃત્યર્થ :- સ્મિ વગેરે સાત ધાતુઓને ર પ્રત્યય થાયછે. સ્મયતિ ઇતિ એવં શીલ: સ્મિ + ર = (ગુણ) સ્મે+ર=સ્મેર: = વિકસિત

0 અજસ્રમ્ = સાતત્ય - અ + જસ્ + ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



0 हिंस्रः = હિંસા કરનાર – हिंस् + र
0 दीप्रः = દીપનાર – दीप्यते इति
0 कम्प्रः = કંપનાર – कम्प् + र

卐 વિશેષ :– 0 બહુલમ અધિકારથી કર્મણીમાં પણ र થાયછે

## [૧૨૧૨]

### (૧૨૭) तृषिधृषिस्वपो नजिङ्- ૫/૨/૮૦

★ સૂત્રપૃથ૦ :– तृषि-धृषि-स्वपः नजिङ्
★ વૃત્તિ :– एभ्यो नजिङ् प्रत्ययः स्यात् । तृष्णक् । धृष्णक् । स्वप्नक् ।

卐 વૃત્યર્થ :– तृष्-धृष् स्वप् ધાતુઓને नजिङ् =तृष्+नज्=(रषृवर्णान्नो० થી न् નો ण्, चजः कगम् २/१/८६ થી ज् નો ग्, विरामे वा १/३/५३ થી क् सि પ્રત્યય લોપ થતા – तृष् + णक् – તૃષ્ણાવાળો
0 धृष्णक् = धृष्+नजिङ् (द्वि व ...धृषजौ)
0 स्वप्नक् = स्वप् + नजिङ् = સૂઈ રહેનાર

卐 વિશેષ :– 0 नजिङ् મા ङ् ङित् કાર્ય માટે છે તેથી ગુણ ન થાય – इ કાર ઉચ્ચારણ માટે છે

## [૧૨૧૩]

### (૧૨૮) स्थेशभासपिसकसो वरः ૫/૨/૮૧

★ સૂત્રપૃથ૦ :– स्था-ईश-भास-पिस – कसः वरः
★ વૃતિ :– स्पष्टम् । स्थावरः । ईश्वरः । भास्वरः । पेस्वरः विकस्वरः ।

卐 વૃત્યર્થ :– स्था વગેરે ધાતુઓને वर પ્રત્યય तिष्ठति इति एवं शीलः=स्था+वर=स्थावर=સ્થિર રહેનારૂં ईश्वरः=ईष्टे इति एवं शीलः ईश्+वरट्= ઈશ્વર
0 भास्वरः = भास् + वर – દીપનાર
0 पेस्वरः = पिस् + वरः – ચાલનાર
0 विकस्वरः = विकस् + वर – વિકસનાર

卐 વિશેષ :– 0 સ્ત્રીલિંગે आत् પ્રત્યય લાગી स्थावरा વગેરે થઇ શકે
0 ईश्वरी કેમ થયું ?
ईश्+ *वरटी પ્રત્યય લાગી થયુંજે આ સૂત્રથી वर પ્રત્યય લાગીને નહીં

## [૧૨૧૪]

### (૧૨૯) शंसंस्वयंविप्राद् भुवो डुः ૫/૨/૮૪

★ સૂત્રપૃથ૦ :– शम्-सम्-स्वयम्-वि-प्रात भुवः डुः

* वरटी–प्रश्नोरीच्चादेः ઉણાદિ સૂત્ર: ૪૪૨

★ વૃત્તિ :– एभ्यः पराद् भुवो डुः स्यात् शम्भुः । शम्भुः स्वयम्भुः । विभुः । प्रभुः ।

卐 વૃત્યર્થ :– शम्-सम्-स्वयम्-वि અથવા પૂર્વક भू ધાતુને (शीलादि અર્થે વર્તમાનામાં) डु (उ) પ્રત્યય થાયછે
0 शम्भुः=शम् भवति शम्+भू+डु=शम्+भू+उ–જેનાથી સુખ થાય તે – (મહાદેવ)
0 सम्भुः = सम्=भू+डु = સારી રીતે થનાર
0 स्वयम्भुः = સ્વયં થનાર–બ્રહ્મા
0 विभुः = वि+भू+डु 0 प्रभुः = प्र+भू+डु

卐 વિશેષ :– 0 ड् इत् અન્ત્ય સ્વરાદિનો લોપ માટે છે

## [૧૨૧૫]

સૂત્ર: ૧૧૧ થી શરૂ થયેલ શીલ-ધર્મ-સાધુષુ નું અનુવૃત્તિ સમાપ્ત

### (૧૩૦) उणादयः ૫/૨/૯૬

★ વૃત્તિ :– सदर्थाद्धातोरुणादयो बहुलं स्युः । कारुः । वायुः

卐 વૃત્યર્થ :– ધાતુઓને વર્તમાન કાળના અર્થમાં उण् વગેરે પ્રત્યયો बहुलम् (બહુલતાએ) લાગેછે
0 कारुः करोति इति-कृ+उण् (उ) = कार्+उ=કરનાર
0 वायुः वायति इति = वांक् (वा) + उण् = ( आ ऐः ४/१/५३) वै+उ=वाय्+उ

卐 વિશેષ :– 0 बहुलम् અધિકારથી ક્યારે સૂત્ર લાગે ક્યારેક ન લાગે ક્યારેક વિકલ્પે લાગે–ક્યારે અન્ય પ્રવૃત્તિ થાય
(૧) સામાન્યથી સંજ્ઞા (નામ) હોય તો આ પ્રત્યય લાગે છે અસંજ્ઞા (નામ ન હોય તો પણ) આ પ્રત્યય લાગેછે
(૨) વર્તમાન કાળ વિદિત હોવાછતાં ક્યારેક ભૂતકાળમાં પણ પ્રત્યય લાગેછે જેમકે भसितं तदिति भस्मः
નોંધ :– *उण् વગેરે પ્રત્યયો અંગે ૧૦૦૬ સૂત્રોમાં "ઉણાદિ ગણ વિવરણ" નામક આખું અલગ પ્રકરણ છે. વ્યાકરણના પાંચ અંગોમાં આ એક અલગ અંગ છે જિજ્ઞાસુએ તે ગ્રન્થ ખાસ જોવો
0 उण् વગેરે પ્રત્યયો :– उण्-अ-अक् टिद् आक् इक ईक उक ऊक अइक इइक अविइक एलक आतु

* उणादि ગણ-વિવરણ-બૃહદ્વૃત્તિ ભા. ૨ ને અન્તે-હેમ પ્રકાશ મહાવ્યાકરણના ઉત્તરાર્ધમાં પૃ ૮૮૫ થી ૯૫૦ છે તેમજ મનોહરવિજયજી નું અલગ પુસ્તક પણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



आणक आनक ईनक...વગેરે उणादि गणविवृति માં તેની અનુક્રમણિકા આપેલછે-વિસ્તારભયથી અત્રે નોધેલ નથી

[૧૨૧૫]

(૧૩૧) क्रियायां क्रियार्थायां तुम् णकच् भविष्यन्ती ५/३/१३

★ સૂત્રપૃથ૦ :-क्रियायां क्रियार्थायां तुम् णकच् भविष्यन्ती

★ વૃત્તિ :- यस्माद् धातोस्तुमादिविधि स्तद्वाच्या क्रियाऽर्थः प्रयोजनं यस्यास्तस्यां क्रियायामुपपदे वर्त्स्यदर्थाद्धातो स्तुमादयः स्युः। कर्तुम् कारकः कारिष्यामीति याति ।

卐 વૃત્યર્થ :- જે ધાતુથી तुम्-णकच्-भविष्यन्ती કરવા યોગ્ય છે તેનાથી વાચ્ય એવી ક્રિયા છે પ્રયોજન જેને એવી ક્રિયા ઉપપદમાં હોતે છતે ભવિષ્ય અર્થમાં વર્તતા ધાતુથી तुम् વગેરે પ્રત્યયો થાયછે (સંક્ષેપમાં→ જ્યાં એક ક્રિયા બીજી ક્રિયાના હેતુરૂપ જણાતી હોય ત્યાં પ્રથમ ક્રિયા સૂચક ધાતુને ભવિષ્યકાળના અર્થમાં तुम् णकच् (अक) અને भविष्यन्ती ના પ્રત્યયયો થાયછે

0 कर्तुम् - कृ+तुम्=कर्+तुम् - કરવા માટે (नामिनो गुणो થી ગુણ)

0 कारकः- कृ+णकच् (अक) = नामिनो कलि० થી વૃદ્ધિ = कार् + अक

करिष्यामि-कृ+स्यामि (ભવિ. પ.પુ. એ.વ.)= कर्+ (हनृत् स्यस्य થી इट्) इट्+स्यामि=करि+ष्यामि

અહીં ઉપપદમાં "या"-જવાની ક્રિયાછે તેનું પ્રયોજન "कृ" કરવાની ક્રિયાછે અને તે ભવિષ્ય અર્થમાં છે માટે 'तुम्' વગેરે પ્રત્યયો થયા

★ અનુવૃત્તિ :- ૫/૩/૧ થી वर्त्स्यति

卐 વિશેષ :- 0 क्रियायां કેમ કહ્યું ?

भिक्षिष्ये इति अस्य जटाः અહીં જટા ભિક્ષામાં હેતુરૂપછે પણ ક્રિયારૂપ નથી

0 क्रियार्थायां કેમ કહ્યું :

धावतस्ते पतिष्यति वासः દોડતાં તારૂં કપડું પડી જશે - અહીં દોડવાની ક્રિયા કપડું પડવાના હેતુરૂપ નથી

[૧૨૧૭]

(૧૩૨) तुमश्च कामे ३/२/१४०

★ સુત્રપૃથ૦ :- तुमः च कामे

★ વૃત્તિ :- तुमसमोर्मनसि कामे च परे म्लुप् स्यात् भोक्तुमनाः । गन्तुकामः

卐 વૃત્યર્થ :- तुम् અને सम् ના म નો मनस् અને काम શબ્દ ઉત્તરપદમાં હોય ત્યારે લોપ થાયછે. - भोक्तुमनाः=જમવા માટે મનવાળો भोक्तुम् मनोऽस्य=भोक्तुम् +मनाः (मनस् નું પ્રથમા એ.વ) = (આ સૂત્રથી म લોપ) भोक्तु + मनाः

0 गन्तुकामः=જવા માટે ઇચ્છાવાળો गन्तुम्+काम=गन्तु+काम બન્નેના પૂર્વપદમાં "तुम्" પ્રત્યય क्रियायां...भविष्यन्ति ५/३/१३ થી થયો છે

0 भुज्+तुम्=(ગુણ-જ્ નો ગ્ થઇ ક્ થતાં) भोक्+तुम् થયું

0 गम्+तुम् = (म्नां धुड् वर्गे०) गन् + तुम्

★ અનુવૃત્તિ :- समस्ततहितेवा ३/२/१३९ થી समः

卐 વિશેષ :- 0 सकामः = सम् + काम= स + काम = સારી ઇચ્છાવાળો

[૧૨૧૮]

(૧૩૩) क्त्वातुमम्भावे ५/१/१३

★ સૂત્રપૃથ૦ :- क्त्वा तुम्-अम् भावे

★ વૃત્તિ :- एते धात्वर्थ मात्रे स्युः ।

卐 વૃત્યર્થ :- (જે અર્થમાં ધાતુ હોય તે અર્થમાં) ધાતુના અર્થમાંજ क्त्वा (त्वा), तुम् અને अम् પ્રત્યયો થાયછે - 'भावे' ક્રિયા સૂચક છે. (ઉદાહરણ સૂત્ર: ૧૩૪ માં જુઓ)

卐 વિશેષ :- 0 ઉદાહરણ :- कृत्वा

[૧૨૧૯]

(૧૩૪) शकधृषज्ञारभलभसहार्हग्लाघटास्ति समर्थार्थे च तुम् ५/४/९०

★ સૂત્રપૃથ૦ :- शक-धृष-ज्ञा-रभ-लभ-सह-अर्ह-ग्ला-घट-अस्ति-समर्थार्थे च तुम्

★ વૃત્તિ :-शक्याद्यर्थेषु इच्छार्थेषु च धातुषु समर्थार्थेषु च नामसूपपदेषु कर्मभूताद्धातोस्तुम् स्यात्। शक्नोति पारयति वा भोक्तुम् इच्छति पठितुम् समर्थो ग्रहीतुम् ।

卐 વૃત્યર્થ :- शक्-धृष्-ज्ञा रभ्-लभ्-सह्-अर्ह्-ग्ला-घट्-अस्- અર્થવાળા ધાતુઓને તેમજ ઇચ્છા અર્થવાળા અને સમર્થ અર્થવાળા ધાતુઓ ઉપપદમાં હોતેછતે કર્મભૂત ધાતુઓને तुम થાયછે

0 शक्नोति - पारयति वा भोक्तुम् ભોજન કરવા માટે શક્તિમાન છે.

અહીં शक् ધાતુ અને તેનો સમાનાર્થી पार् બન્ને લીધાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



0 ઇચ્છાર્થક :- इच्छति-पठितुम् - ભણવા માટે ઇચ્છે છે (સમાનાર્થી वाञ्छ् = वाञ्छति

0 સમર્થ :- समर्थो ग्रहीतुम् = ગ્રહણ કરવા સમર્થ છે

★ અનુવૃત્તિ :- ૫/૪/૮૯ થી कर्मणः इच्छार्थे

卐 વિશેષ :- 0 અન્ય ઉદાહરણ :-

0 ज्ञा-जानाति સમાનાર્થક - वेत्ति - જાણેછે

0 लभ्-लभते સમાનાર્થી - विन्दते = મેળવેછે.

0 रभ्-आरभते „ प्रकमते

0 अस्-अस्ति „ भवति - થવું-હોવું

[૧૨૨૦]

(૧૩૫) कालवेला समये तुम् वाऽवसरे ૫/૪/૩૩

★ સૂત્રપૃથ૦ :-काल-वेला-समये- तुम् वा अवसरे

★ વૃત્તિ :- एषु त्रिषूपपदेष्वसरे गम्ये धातोस्तुम् वा स्यात् कालो भोक्तुम् । वेला भोक्तुम् । समयो भोक्तुम् । पक्षे कालोभोजनस्य ।

卐 વૃત્યર્થ :- काल वेला અને समय ત્રણમાંનો કોઈ (શબ્દ) ઉપપદમાં હોય અને અવસર અર્થ ગમ્યમાન હોયતો ધાતુથી तुम् પ્રત્યય વિકલ્પે થાયછે.

0 कालः भोक्तुम् = જમવાનો કાળ

0 वेला भोक्तुम् = જમવાની વેળા

0 समय - भोक्तुम् = જમવાનો સમય

ત્રણેમાં અવસર અર્થ છે માટે तुम् પ્રત્યય લાગી भुज् નું भोक्तुम् થયું પક્ષે कालो भोजनस्य એમ ષષ્ઠી વિભક્તિથી વાક્ય બનેછે

卐 વિશેષ :- 0 અવસરે કેમ કહ્યું ?

कालः पचति भूतानि કાળ-પ્રાણી માત્રને પકાવેછે અહીં काल અવસર અર્થમાં નથી માટે पच् ને तुम् ન લાગે

0 *પ્રૌષા-અનુજ્ઞા૦ ૫/૪/૨૯ થી तुम् પ્રત્યયની પ્રાપ્તિ હતી તે અહીં વિકલ્પે થઈ છે જેમકે भोक्तव्यस्य-भुज+तव्य + (ષષ્ઠીનો) स्य

[૧૨૨૧]

(૧૩૬) पदरुजविशस्पृशो घञ् ૫/૩/૧૬

★ સૂત્રપૃથ૦ :- पद-रुज-विश-स्पृशः घञ्

★ વૃત્તિ :- एभ्यश्चतुर्भ्यो घञ् । पद्यतेऽपादि पेदे वा पादः । एवं रोगः, वेशः स्पर्शः ।

卐 વૃત્યર્થ :- पद्, रुज्, विश्, स्पृश् ધાતુઓને घञ् (अ) પ્રત્યય થાયછે (કર્તરીમાં-ત્રણે કાળમાં) જેમકે पद्यते-अपादि-पेदे वा (સિદ્ધહેમ વ્યા માં पत्स्यते પણ લખ્યું છે)=पादः=પગ पद्+घञ् (अ)=ત્રણે અર્થમાં થશે ગતિ કરેછે પૂર્વે ગતિ કરેલી, ગતિ કરશે એ-જ-રી-તે रुज्+घञ्=रोगः=રોગ रुजति इति - જે પીડા કરેછે તે

0 वेशः=विश् +घञ्- विशति इति=નેપથ્ય ( વેશ પરિવર્તન સ્થળ) ઘર

0 स्पर्शः = સ્પર્શ - स्पृश् + घञ्

卐 વિશેષ :- 0 घञ् (अ) પ્રત્યય चू નો कृ ज् નો गू કરવા માટે છે. ञ કાર વૃદ્ધિ માટે છે

0 अपादि લખ્યું તે અદ્યતનીનું રૂપ છે અને पेदे પરોક્ષાનું રૂપ છે.

[૧૨૨૨]

(૧૩૭) भावाऽकर्त्रोः ૫/૩/૧૮

★ સૂત્રપૃથ૦ :- भाव अ - कर्त्रोः

★ વૃત્તિ :- भावे कर्तृवर्जिते च कारके धातोर्घञ् स्यात् । पाकः । त्यागः । दायः । आयः । भावः

卐 વૃત્યર્થ :- ભાવ (ક્રિયા કે ધાત્વર્થ) અર્થ અર્થને સૂચવવા અને કર્તા સિવાયના કારક (કર્મ-કરણ -સંપ્રદાન-અપાદાન-અધિકરણ)ના અર્થને સૂચવવા ધાતુને घञ् પ્રત્યય થાયછે

0 ભાવ :- पाकः=રાંધવું पच्+घञ् (अ) (क्तेऽनिटश्चजो ૪/૧/૧૧૧ થી चू નો कृ, ञ्णिति થી अ નો आ पाकः

0 त्यागः=તજવું त्यज्+घञ्=त्याग्+अ (સાધનિકા ઉપરમુ

0 दायः -दा+घञ्=(आत ऐ कृञ्जौ થી आ નો ऐ) दै + अ = दाय् + अ

0 आयः = अय्+घञ्=आय्+अ = જવું

0 भावः=भू+घञ्=भौ+अ = भाव्+अ

★ અનુવૃત્તિ :- पदरुजविश૦ ૫/૩/૧૬ થી घञ्

卐 વિશેષ :- 0 આ સૂત્ર અધિકાર સૂત્રો ભાવ અને અકર્તા કારક (કર્મ કરણાદિ પાંચ) ની અનુવૃત્તિ ૫/૩/૧૨૧ नाम्नि पुंसि च સુધી લઈ જવાની એટલે લઘુપ્રક્રિયામાં સૂત્રઃ ૧૫૯ पर्याया...णकः સુધી લઈ જવી તેમાં માત્ર जागुरश्च ૫/૩/૧૦૪ (સૂત્રઃ ૧૫ ની શેષવૃત્તિ માં ભાવ, કર્મ કરણ,ત્રણ અર્થમાં સમજ બાકી કારકમાં નહીં

[૧૨૨૩]

*પ્રૌષાऽનુજ્ઞા૦ બૃહદ્વૃત્તિ ભા. ૨, ન્યા. સ. પૃ. ૩૧૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



(૧૩૮) भूश्र्यदोऽल् ५/३/२३

★ સૂત્રપૃથ૦ :- भू श्रि अदः अल्

★ વૃત્તિ :- एभ्यः सोपसर्गेभ्यो भावाऽकर्त्रोरल् स्यात्। प्रभवः । संश्रयः । विघसः

卐 વૃત્યર્થ :- ઉપસર્ગ સહિત भू, श्रि અને अद् ધાતુઓને ભાવ અને અકર્તૃ કારકમાં अल् (अ) પ્રત્યય થાયછે

0 ભાવ :- प्रभवः=થવું प्रभवणम्-प्र+भू+अल् (अ) =प्र+भव्+अ

0 આધાર :- संश्रयः=જ્યાં લોકો આશ્રય લે છે તે - संश्रीयते लोकैः यत्र सः सम् + श्रि + अ

0 विघसः=વિશેષ ખાવું =विशेषेण अदनम् = वि+अद्= (घस्लृ सन्० ४/४/१७ થી अद् ને બદલે घस् )वि+घस्+अ

★ અનુવૃત્તિ :- (૧) भावाकर्त्रोः
(૨) ५/३/२२ થી उपसर्गात्

卐 વિશેષ :- 0 सोपसर्ग કેમ કહ્યું ?
भावः=भू+घञ् (भावाऽकर्त्रोः ५/३/१८ થી घञ्
0 भू-श्रि-अद् ને ઉપસર્ગ રહિતજ अल् થાય તે નિયમને માટે આ સૂત્ર છે.
0 સિદ્ધહેમમાં સૂત્ર ५/३/५३ उदः श्रेः સુધી अल् પ્રત્યય નો અધિકાર છે.

[૧૨૨૪]

(૧૩૯) युवर्णवृदृवशरणगमृद् ग्रहः ५/३/२८

★ સૂત્રપૃથ૦ :- इ-उ वर्ण वृ-दृ-वश-रण-गम्-ऋद्-ग्रहः

★ વૃત્તિ :- इ वर्णो वर्णान्तेभ्यो व्रादेर्ऋदन्तेभ्यो ग्रहेश्च भावाकर्त्रोरल् स्यात्। चयः। क्रयः। रवः।लवः।वरः। आदरः

■ वर्षादयः क्लीबेऽलन्ता निपाताः। संमदप्रमदौ हर्षे निपातावित्यादि । निघादयोऽप्येवम् ।

卐 વૃત્યર્થ :- इ વર્ણાન્ત, उ વર્ણાન્ત ધાતુઓ वृ, दृ, वश्, रण्, गम्, ग्रह्, ધાતુ તથા દીર્ઘ ऋ કારાન્ત ધાતુઓને अल् પ્રત્યય થાય

(इ) चि-चयः સંગ્રહ चयनम् चि+अल्=चय्+अ (ગુણથયો)
(ई) क्री-क्रयः ખરીદવું - क्री + अल्
(उ) रु-रवः અવાજ - रु + अल्
(ऊ) लू-लवः થોડો ભાગ - लू+ अल्
(वृ) वरः=વર व्रियते इति - वृ + अल्
(दृ) आ + दृ = आदरः = આદર
(वश्) वशः = ઇચ્છા, (रण्) रणः = અવાજ

★ અનુવૃત્તિ :- भूश्र्यदोऽल् ५/३/२३ થી अल्

卐 વિશેષ :- 0 वृ નું વારઃ કેમ કહ્યું ?
બહુલમ અધિકારથી घञ् પ્રત્યય લાગ્યો.

■ શેષવૃત્તિ :- (૩૯) वर्षादयः क्लीबे ५/३/२९ વર્ષ વગેરે શબ્દો अल् પ્રત્યયાન્ત નિપાતન કરાયછે અને તે નપુંસક લિંગે વપરાયછે वर्षम् ,भयम् ,घनम् ,वनम् [५७८]
(૪૦) संमद प्रमदौ हर्षे ५/३/३३ હર્ષ અર્થમાં संमदः અને प्रमदः બન્ને अल् પ્રત્યયાન્ત નિપાતન થાયછે [५७९]
(૪૧) निघोद्घ सङ्घोद्घ नापघनोपघ्नं निमित प्रशस्त गणाऽत्याधानाङ्गासन्नम् ५/३/३६ निघ શબ્દ નિમિત અર્થમાં, उद्घ પ્રશસ્ત અર્થમાં सङ्घ સમૂહ અર્થમાં उद्घन અત્યાઘાત અર્થમાં अपघन શરીરના કોઇ ભાગ અર્થમાં, उपघ्न નજીક કે નજીકનું અર્થમાં अल् પ્રત્યયાન્ત નિપાતન કરાયાછે 0 निघाः वृक्षाः સઘન વૃક્ષો [५८०]

[૧૨૨૫]

(૧૪૦) मूर्तिनिचिताऽभ्रे घनः ५/३/३७

★ સૂત્રપૃથ૦ :- मूर्ति-निचित-अभ्रे घनः

★ વૃત્તિ :- मूर्तिः काठिन्यम् , निचितं निरन्तरम् , अभ्रा मेघाः, एष्वर्थेषु हन्तेरल् घनादेशश्च । दधिघनः घनाः केशाः घनो मेघः

卐 વૃત્યર્થ :- मूर्तिः કઠણ પદાર્થ निचितं-નિરંતર, अभ्रः મેઘ એ અર્થમાં हन् ધાતુને अल् પ્રત્યય લાગીને घन् આદેશ થાયછે
0 दधि घनः केशाः દહીં જેવા કઠણ (ઘટ્ટ) વાળ - हन्+अल् = घनः
0 घनो मेघः ઘન મેઘ

★ અનુવૃત્તિ :- (૧) भूश्र्यदोऽल् ५/३/२३ થી अल्
(૨) ५/३/३४ થી हनः

卐 વિશેષ :- 0 સ્પષ્ટ

[૧૨૨૬]

(૧૪૯) वेरशब्दे प्रथने ५/३/६९

★ સૂત્રપૃથ૦ :- वेः अ - शब्दे प्रथने

★ વૃત્તિ :- वेः परात् स्तृणातेरशब्दविषये विस्तीर्णत्वे घञ् स्यात् । विस्तारः पटस्य । शब्दे तु विस्तलः

卐 વૃત્યર્થ :- वि સહિત स्तृ ધાતુને અશબ્દ વિષયમાં વિસ્તાર અર્થમાં घञ् પ્રત્યય થાયછે.
0 विस्तारः पटस्य - કપડાંનો ફેલાવ - वि + स्तृ+ घञ् = वि + स्तार् + अ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



0 અ-શબ્દ કેમ કહ્યું ?
શબ્દમાં ઘઞ્ ન થાય જેમકે વિસ્તરઃ ઘાસનું છાદન-
વિ+સ્તૃ+અલ્

★ અનુવૃત્તિ :- યુ પૂ દ્રોઃ ઘઞ્ ૫/૩/૫૪ થી ઘઞ્

卐 વિશેષ :- 0 સ્પષ્ટ

[૧૨૨૭]

(૧૪૨) ટ્વિતોઽથુઃ ૫/૩/૮૩

★ સૂત્રપૃથ૦ :- ટુ-ઇતઃ અથુઃ
★ વૃત્તિ :- ટ્વિતો ધાતોર્ભાવાકર્ત્રોરથુઃ સ્યાત્ । વેપથુઃ । વમથુઃ

卐 વૃત્યર્થ :- ટુ-ઇત્ હોય તેવા ધાતુઓને ભાવ અને અકર્તા અર્થમાં અથુ પ્રત્યય થાય
0 વેપથુઃ કંપવું=વેપ્+અથુ (ટુવેપૃઙ્ ચલને-વેપૂ)
0 વમથુઃ=વમવું-વમ્+અથુ (ટુવમુઉદ્ગિરણે-વમ)

★ અનુવૃત્તિ :- ભાવાઽકર્ત્રોઃ ૫/૩/૧૮

卐 વિશેષ :- 0 અસરૂપ હોવાથી ઘઞ્, અલ્ પણ થાય. વેપઃ વેપૂ+ઘઞ્ ક્ષુ+અલ્ = ક્ષવઃ

[૧૨૨૮]

(૧૪૩) ડ્વિતસ્ત્રિમક્ તત્કૃતમ્ ૫/૩/૮૪

★ સુત્રપૃથ૦ :- ડુ-ઇતઃ ત્રિમક્ તત્ કૃતમ્
★ વૃત્તિ :- ડ્વિતો ધાતોર્ભાવા કર્ત્રોસ્ત્રિમક્ તેન કૃતમિત્યર્થે પાકેન કૃતં પક્ ત્રિમમ્ । કૃત્રિમમ્ । દાગસ્તા દેશે પરીત્રિમમ્ ।

卐 વૃત્યર્થ :- ડુ-ઇત્ હોય તેવા ધાતુઓને ભાવ અને અકર્તા અર્થમાં ત્રિમક્ (ત્રિમ) પ્રત્યય થાયછે જો તેધાતુનાં "અર્થથી કરેલું" એવો અર્થ હોયતો -
0 પક્ ત્રિમમ્=પકાવેલું પાકેન કૃતમ્=પચ્+ત્રિમક્=પક્+ત્રિમ (ડુપચિંષ્ પાકે થી પચ્)
0 કૃત્રિમમ્=કૃ+ત્રિમક્ - કિંત્ પ્રત્યય હોવાની ગુણ ન થાય (ડુકૃંગ્ કરણે થી કૃ ધાતુ)
0 પરીત્રિમમ્=દાનથી થયેલું - પરિ+દા+ત્રિમમ્=(સ્વરાદુપસર્ગાદ૦ ૪/૪/૯ થી દા નો ત્ત) પરિ+ત્ત+ત્રિમ=(ધુટોધુટી સ્વેવા થી) પરિ+ત્ત+ત્રિમ દસ્તિ ૩/૨/ થી દીર્ઘ- પરી+ત + ત્રિમમ્ - (ડુદાંગ્ક્ દાને નો દા)

★ અનુવૃત્તિ :- ભાવાઽકર્ત્રોઃ ૫/૩/૧૮

卐 વિશેષ :- 0 પ્રત્યયમાં કૂ કાર કિત્ કાર્ય માટે છે તેથી ગુણ નિષેધ થશે

[૧૨૨૯]

(૧૪૪) યજિસ્વપિરક્ષિયતિપ્રચ્છી નઃ ૫/૩/૮૫

★ સૂત્રપૃથ૦ :- યજિ-સ્વપિ-રક્ષિ-યતિ પ્રચ્છઃ નઃ
★ વૃત્તિ :- એભ્યો ભાવાકર્ત્રા ર્ન સ્યાત્ । યજ્ઞઃ સ્વપ્નઃ રક્ષ્ણઃ । યત્નઃ । પ્રશ્નઃ

卐 વૃત્યર્થ :- યજ્, સ્વપ્, રક્ષ્, યત્, પ્રચ્છ્ ધાતુઓને ભાવ અને અકર્તામાં ન પ્રત્યય થાયછે.
0 યજ્ઞઃ=યજ્ઞ-યજ્+ન=યજ્+ઞ= યજ્ઞઃ
0 સ્વપ્નઃ = સ્વપ્ન - સ્વપ્+ન
0 રક્ષ્ણઃ = રક્ષણ - રક્ષ્ + ન = રક્ષ્ + ણ
0 યત્નઃ = પ્રયાસ - યત્ + ન
0 પ્રશ્નઃ=પ્રશ્ન-પ્રચ્છ્+ન = (અનુનાસિકે ચ્છવઃ શૂટ થી ચ્છ્ નો શ્ પ્રશ્ + ન

★ અનુવૃત્તિ :- ભાવાઽકર્ત્રોઃ ૫/૩/૧૮

卐 વિશેષ :- 0 સ્પષ્ટ

[૧૨૩૦]

(૧૪૫) ઉપસર્ગાદ્દઃ કિઃ ૫/૩/૮૭

★ સૂત્રપૃથ૦ :- ઉપસર્ગાત્ દઃ કિઃ
★ વૃત્તિ :- સોપસર્ગાદ્ । સંજ્ઞાદ્ કિઃ સ્યાત્ આદિઃ । નિધિઃ

卐 વૃત્યર્થ :- ઉપસર્ગ સહિત દા સંજ્ઞાવાળા ધાતુઓને કિ (ઇ) પ્રત્યય થાયછે આદિઃ=આરંભ આ+દા+કિ (ઇ)=(ઇડેત્પુસિ ચાતો લુક્) આ+દ્+ઇ = આદિઃ
0 નિધિઃ ભંડાર - નિ + ધા + કિ

卐 વિશેષ :- 0 કિત્-આ કારના લોપ માટે છે - ઇડેત્પુસિચાતોલુક્ ૪/૩/૯૪
0 દા સંજ્ઞા-અવૌ દાધૌ દા સૂત્રથી દાંમ્, દેંઙ્, દાંગ્, દોંચ્, ટ્ધેં. ધાંગ્ લેવા
0 દે અને ધે નો આત્સન્ધ્યક્ષરસ્ય ૪/૨/૧ થી આ કરવો

[૧૨૩૧]

(૧૪૬) વ્યાપ્યાદાધારે ૫/૩/૮૮

★ સૂત્રપૃથ૦ :- વ્યાપ્યાત્ આધારે
★ વૃત્તિ :- વ્યાપ્યપૂર્વાદ્દાસંજ્ઞાધારે કિઃ સ્યાત્ । જલધિઃ
■ અન્તર્ધિઃ

卐 વૃત્યર્થ :- કર્મ પછી આવેલા દા સંજ્ઞા ધાતુઓને આધાર અર્થમાં કિ (ઇ) પ્રત્યય થાયછે.
0 જલધિઃ = સમુદ્ર જલં ધીયતેઽસ્મિન્ન ઇતિ જલ+ધા કિ = જલ + ધૂ + ઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



★ અનુવૃત્તિ :–उपसर्गादिः किः ५/३/८७ थी दः किः

卐 વિશેષ :– 0 अवौ दाधौ दा ३/३/५ थी दा संज्ञा

0 સૂત્રમાં કરેલ "आधार" નું ગ્રહણ અર્थान्तर निषेध માટે છે.

■ શેષવૃત્તિ :– (४३) अन्तर्धिः ५/३/८६ अन्तर् પછી धागृ (धा) धातुने किं (इ) प्रत्यय थाय अन्तर्+धा+किं= अन्तर्+ध्+इ=अन्तर्धिः અંતર્ધાન થવું [५८१]

## [१२३२]

(१४७) स्त्रियां क्तिः ५/३/९१

★ વૃત્તિ :– भावाकर्त्रोः स्त्रियः क्तिः स्यात्। कृतिः। ऋल्वादेरिति नत्वे लूनिः। यपि चेते जग्ध्यादेशे जग्धिः

卐 વૃત્યર્થ :– ભાવ અને અકર્તા કારક અર્થમાં ધાતુને સ્ત્રીલિંગે क्तिं (ति) પ્રત્યય થાયछे

0 कृतिः કરવું कृ + क्तिं = कृ + ति – लुनिः કાપવું लू+क्तिं=ऋल्वादेरेषां० ४/२/१८ थी त् नो न् थयो

0 जग्धिः ખાવું अद्+क्तिं=(यपि चादः जग्ध्० ४/४/१६थी जग्ध्+ति=(मघश्रुर्यात्० थी त् नो ध् अने घुटोघुटि स्वैं बा थी ध् लोप थतां) जग्धिः

★ અનુવૃત્તિ :– भावाऽकर्त्रो

卐 વિશેષ :– 0 સ્ત્રીલિંગે કેમ કર્યું ? कारः કરવુ –कृ+घञ्–સ્ત્રીલિંગે નથી માટે क्तिं न લાગે

0 घञ् વગેરેનું આ અપવાદ સૂત્રछे

0 સ્ત્રીલિંગ અધિકાર ५/३/९१ थी ५/३/१२२ भावे सूत्र सुधी એટલે કે પ્રક્રિયા સૂત્ર १६० सुधी चालेछे

## [१२३३]

(१४८) सातेहेतियूतिजूतिज्ञप्ति कीर्तिः ५/३/९४

★ વૃત્તિ :– एते भावाकर्त्रोः स्त्रियां निपात्याः। गापाघात्वेरीत्वं भावे। गीतिः। पीतेः स्यैं वा। श्यतिः आस्या।

卐 વૃત્યર્થ :–साति, हेति વગેરે ભાવ અને અકર્તા કારક અર્થમાં સ્ત્રીલિંગે क्तिं પ્રત્યયान्त निपातन કરાયાछे

0 सातिः – સંબંધ 0 हेतिः = અસ્ત્ર

0 यूतिः – સંપર્ક 0 जूतिः = गति

0 ज्ञप्तिः – ज्ञापन 0 कीर्तिः = प्रीर्ति

★ અનુવૃત્તિ :–(१) भावाऽकर्त्रोः (२) स्त्रियां क्तिः

卐 વિશેષ :– 0 નિપાતન સૂત્રछे छता शब्दोनी व्युत्पत्ति "मध्यमवृत्ति के मुद्रण-अशुद्धियां जोवा मळे जेमछे :– ज्ञप्यतेऽनया ज्ञप्तिः વગેરે

■ શેષવૃત્તિ :– (४३) गापापचोभावे ५/३/९५ गा-पा-पच् धातुने भाव अर्थमां स्त्रीलिंगे क्तिं थाय.

0 गे+क्तिं=गीतेः भूण शास्त्र भाहने गावो गे+क्तिं (ति)= (थास्तन्थ्यसरस्य ४/२/१ थी) गा + ति = ( ईर्ग्यङ्जनेऽ ४/३/६७ थी) गी+ति=गीतिः ऐ–अ–री–ते

पा + क्तिं = पीतिः [५८२]

(४४) स्थो वा ५/३/९६ स्था धातुने भाव अर्थमां स्त्रीलिंगे क्तिं विकल्पे थायछे. स्था+क्तिं=स्थितिः=स्थान पक्षे आस्था = अडा थशे – स्था+क्तिं = ( दोसेाआस्थ इः ४/४/११ थी इ = स्थितिः पक्षे (उपसर्गादातः ५/३/११० थी अङ् प्रत्यय थतां) आ+स्था+अङ् = आस्था [५८३]

## [१२३४]

(१४९) आस्यटिव्रज्यजः क्यप् ५/३/९७

★ सूत्रपृथ० :– आसि अटि व्रज् यजः क्यप्

★ વૃત્તિ :– एभ्यो भावे स्त्रियां क्यप् स्यात्। आस्या अट्या। व्रज्या। इज्या।

卐 વૃત્યર્થ :– आस्–अट्–व्रज्–यज् धातुओने स्त्रीलिंगे क्यप् प्रत्यय थाय

0 आस्या =બેસવું-आस्+क्यप्=आस्य+आ ऐ–अ–री–ते

अट्या-ફરવું अट्+क्यप्+आ

0 व्रज्याः–જવું – व्रज् + क्यप् + आ

0 इज्या-यज्ञ – यज् + क्यप् = आ (वृद्ध)

★ અનુવૃત્તિ :– स्त्रियां क्तिः ५/३/९१ थी स्त्रियां

卐 વિશેષ :– 0 क्यप् માં कृ-पू-इ छे कृ-कित् કાર્ય માટે. पू-णित् કાર્ય માટે

0 यज् ना ज नो इ – यजादि वचेः किति थी ग्रह थता थयो छे.

0 ते कृत्याः ५/१/९७ थी थतां जे पांच प्रत्ययो मां क्यप् छे तेमां आ क्यप् नुं ग्रहण न थाय

## [१२३५]

* व्युत्पत्ति-मध्यमवृत्ति भा २, 223, न्यास. ५-214

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


(૧૫૦) કૃગઃ શ ચ વા ૫/૩/૧૦૦

★ વૃત્તિ :- કૃગો ભાવાકર્ત્રોઃ શઃ ક્યપ્ ચ વા સ્યાતામ્ ક્રિયા, કૃત્યા, કૃતિઃ

卐 વૃત્યર્થ :- કૃપ્ (કૃ) ધાતુને ભાવ અને અકર્તા કારક અર્થમાં સ્ત્રીલિંગે શ (ય) અને ક્યપ્ વિકલ્પે થાયછે (શ)-ક્રિયા=કરવું-કૃ+અ (શ)+આ=(રિઃ શક્યાશીર્ ૪/૩/૧૧૦ થી) ક્રિ+આ=(સંયોગાત્ ૨/૧/૫૨થી) ક્રિય્+આ (ક્યપ્) કૃત્યા=કરવું કૃ+ક્યપ્+આ=(હ્રસ્વસ્યતઃ પિત્કૃતિ થી) કૃ+ત્+ય+આ=કૃત્યા

(ક્તિ) કૃતિઃ = કરવું કૃ + ક્તિ

★ અનુવૃત્તિ :- (૧) ભાવાડકર્ત્રોઃ ૫/૩/૧૮ (૨) સ્ત્રિયાં ક્તેઃ ૫/૩/૯૧ (૩) માસ્પટિવ્રજ૦ ૫/૩/૬૭ થી ક્યપ્

卐 વિશેષ :-0 ચ કારથી ક્યપ્નું ગ્રહણ થાયછે 0 આ - આત્ ૨/૪/૧૮ થી થયો

[૨૨૩૫]

(૧૫૧) મૃગયેચ્છાયાચ્ઞાતૃષ્ણાકૃપાભાશ્રદ્ધાડન્તર્દ્ધૌ ૫/૩/૧૦૧

★ સૂત્રપૃથક્ :- મૃગયા-ઇચ્છા-યાચ્ઞા-તૃષ્ણા-કૃપા-ભા શ્રદ્ધા-અન્તર્દ્ધા

★ વૃત્તિ :- એતે સ્ત્રિયાં નિપાત્યાઃ

卐 વૃત્યર્થ :- મૃગયા વગેરે શબ્દો સ્ત્રીલિંગે નિપાતન કરાય છે

0 મૃગયા - શિકાર (શ પ્રત્યય)
0 ઇચ્છા = ઇચ્છા (શ) 0 યાચ્ઞા = યાચના (ન)
0 તૃષ્ણ = તૃષ્ણા (ન) 0 કૃપા = કૃપા (ભક્તિ)
0 ભા = તેજ (ભક્તિ) 0 શ્રદ્ધા = શ્રદ્ધા (ભક્તિ)
0 અન્તર્ધા = અંતર્ધાન થવું (ભક્તિ)

卐 વિશેષ :- 0 ઇચ્છા શબ્દ ભાવ ભાવ અર્થમાં અને બીજા બધાં ભાવ તથા અકર્તા કારક અર્થમાં સમજવા
0 વ્યુત્પત્તિ :- મૃગયતેઃ શઃ મૃગયા વગેરે

[૨૨૩૭]

(૧૫૨) પરેઃ સૃચરેર્યઃ ૫/૩/૧૦૨

★ સૂત્રપૃથક્ :- પરેઃ સૃ-ચરેઃ યઃ

★ વૃત્તિ :- ભાવ્યાં પરિપૂર્વાભ્યાં યઃ સ્યાત્। પરેસર્યા। પરિચર્યા।

卐 વૃત્યર્થ :- પરિ પૂર્વક સૃ અને ચર્ ધાતુને ભાવ અને અકર્તા-કારક અર્થમાં સ્ત્રીલિંગે ય પ્રત્યય થાય
0 પરિ + સૃ + ય + આ = પરિસર્યા - ગમન કરવું
0 પરિ + ચર્ + ય +આ = પરિચર્યા = સેવા

卐 વિશેષ :- 0 પરેઃ કેમ કહ્યું ?

[૨૨૩૮]

(૧૫૩) વાડટાટ્યાત્ ૫/૩/૧૦૩

★ સૂત્રપૃથક્ :- વા અટાટ્યાત્

★ વૃત્તિ :- અટે યંડન્તાદ્ વા યઃ। અટાટયા અટાટા।

■ જાગુરશ્ચ। જાગર્યા। જાગરા। શંસિ પ્રત્યયાત્। આશંસા ગોપાયા। કતેટો ગુરોર્વ્યંજનાદેઃ સ્વાત્। ઈહા, ઊહા।

卐 વૃત્યર્થ :- અટ્ પ્રત્યયાન્ત એવા અટ્ ધાતુને ભાવ અને અકર્તા કારક અર્થમાં સ્ત્રીલિંગે ય વિકલ્પે થાય અટાટ્યા પક્ષે અટાટા=ખૂબ કે વારંવાર આથડવું-અટ્+યટ્ (અટ્યર્તિ૦ ૩/૪/૧૦ થી યટ્) = (સ્વરાદે દ્વિતીયઃ ૪/૧/૪ થી અટ્યટ્ય)=(વ્યઞ્જનસ્યાનાદે૦ ૪/૧/૪૮ આગુણાવૃદ્ધયાદેઃ થી આ) અટાટ્ય = (અતઃ ૪/૩/૮૨, યોડસિતિ ૪/૩/૮૦ થી ય લોપ) અટાટ્= (૧) શંસિ પ્રત્યાત્ ૫/૩/૧૦૫ થી અ = અટાટા પક્ષે (૨) આમ્પ્રત્ય થી ય-અટાટ્યા

★ અનુવૃત્તિ :- પરેઃ સૃચરેઃ યઃ ૫/૩/૧૦૨ થી યઃ

卐 વિશેષ :- 0 સ્ત્રીલિંગ હોવાથી આત્ સૂત્ર લગાડી અન્ત્ય આ થયોછે.

■ શેષવૃત્તિ :- (૪૫) જાગુરશ્ચ ૫/૩/૧૦૪ જાગૃ ધાતુને ભાવ અને અકર્તાકારક અર્થમાં સ્ત્રીલિંગે શ અને ય પ્રત્યય થાયછે. (ય) જાગૃ+ય+આ=જાગર્યા પક્ષે (શ) જાગૃ+શ+આ = જાગરા = જાગરણ [૫૮૪]

(૪૬) શંસિ પ્રત્યયાત્ ૫/૩/૧૦૫ શંસ્ ધાતુ અને અન્તે પ્રત્યયવાળા ધાતુને ભાવ અને અકર્તાકારક અર્થમાં સ્ત્રીલિંગે શ પ્રત્યય થાયછે.

0 આશંસા = આ+શંસ્+શ+આ = આશંસા
0 ગોપાયા-ગુપ્+આય્+શ+આ = રક્ષણ
(આય્ પ્રત્યયાન્ત છે.) [૫૮૫]

(૪૭) કતેટો ગુરોર્વ્યંઞ્જનાદ્ ક્ત પછી હૂ આવતી હોય એવો ધાતુ જો ગુરુ અક્ષરવાળો અને વ્યંજનાન્ત હોયતો તેને ભાવ અને અકર્તા અર્થમાં સ્ત્રીલિંગે શ પ્રત્યય થાય

0 ઈહા = ચેષ્ટા - ઈહ્+શ+આ (અહીં ઈ ગુરુ અક્ષર છે, હ વ્યંજનાન્ત છે
0 ઊહા = ધારણા [૫૮૬]

[૨૨૩૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


(૧૫૪) षितोऽङ् ૫/૩/૧૦૭

★ સૂત્રપૃથ૦ :- षितः अङ्

★ વૃત્તિ :- षिद्भ्यो धातुभ्यो भावाकर्त्रोः स्त्रियामङ् स्यात् पचा ।

卐 વૃત્યર્થ :- षित् (षू-इत् હોય તેવા) ધાતુઓને ભાવ અને અકર્તા અર્થમાં સ્ત્રીલિંગે अङ् (अ) પ્રત્યય થાય पचा=રાંધવું - पच् + अङ् + आ

★ અનુવૃત્તિ :- (૧) भावाऽकर्त्रोः ૫/૩/૧૮
(૨) स्त्रियां क्तिः ૫/૩/૯૧

卐 વિશેષ :- 0 ષ્ કાર કઈ રીતે ?
डुपचिंष् पाके માં ષૂ इत् વાળી पच् ધાતુ છે.
0 ङ કાર ङित् કાર્ય માટે છે.

[૧૨૪૦]

(૧૫૫) भिदादयः ૫/૩/૧૦૮

★ વૃત્તિ :- एते भावाकर्त्रोः स्त्रियामङन्ता निपात्याः । भिदा । छिदा ।

卐 વૃત્યર્થ :- भिदा વગેરે શબ્દો ભાવ અને અકર્તા અર્થમાં સ્ત્રીલિંગ સૂચક अङ् પ્રત્યયાન્ત નિપાતન કરાયા
0 भिदा= ભેદવું भिद् + अङ् + आ
0 छिदा = છેદવું छिद् + अङ् + आ

★ અનુવૃત્તિ :- (૧) भावाकर्त्रोः ૫/૩/૧૮
(૨) स्त्रियां क्तिः ૫/૩/૯૧ થી स्त्रियां
(૩) षितोऽङ् ૫/૩/૧૦૭ થી अङ्

卐 વિશેષ :- 0 भिदादयः = भिदा, छिदा विदा, मृजा, क्षिपा, दया, रुजा, चुरा, पृच्छा...વગેરે
